કુમાર

સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક
વર્ષ ૫૭મું · અંક ૩૪૭ · માર્ચ ૧૯૮૦
તંત્રી · બચુભાઈ રાવત




કોણાર્કના મંદિર પર ખગ્રાસ સૂર્યગ્રહણ : આ વર્ષે ૧૬મી ફેબ્રુઆરીએ ભારતમાં જે ખગ્રાસ સૂર્યગ્રહણ જોવા મળ્યું તેવો બનાવ જોવાની તક સમગ્ર આયખામાં ભાગ્યે જ અને એકાદ વાર જ મળે છે. પણ આ ફોટો લેવામાં પી. આઈ. બી.ના ફોટોગ્રાફરને તો એથી યે વિશેષ લાભ મળી ગયો છે. કોણાર્કનું જગવિખ્યાત સૂર્યમંદિર, તેના જ ઉપર પૂર્ણ ગ્રસિત સૂર્ય તથા તેના કારણે અલ્પ સમય પૂરતા જ દેખાતા સૂર્યના કિરીટાવરણની તેજ-આભાની આવી છબી એ તો એક અતિ દુર્લભ તક છે. ચિત્રસંયોજનની દૃષ્ટિએ પણ સુંદર એવું આ છબી ચિત્ર આ કારણે એક અતિ મૂલ્યવાન કાયમી સ્મૃતિ બની ગયું છે.
(વિશેષ માટે જુઓ આ અંકની 'માધુકરી')

સળંગ ૬૦૫મો અંક



તરંગ: કલાકાર · જગમોહન મિસ્ત્રી

સેરીગ્રાફી કે સિલ્ક સ્ક્રીન પ્રિન્ટિંગ પ્રોસેસ નામે ઓળખાતી છાપકામ પદ્ધતિની મૂળ આઠ રંગમાં છાપેલા ચિત્રની ત્રિરંગી બ્લૉકમાં છાપ



કુમાર

માર્ચ ૧૯૮૦ • અંક ૬૭૫

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

લોકનાયકને શ્રદ્ધાંજલિ

આ સાથે ચાર સંસ્કૃત મુક્તકોમાં દિવંગત લોકનાયક જયપ્રકાશ નારાયણને 'કુમાર' દ્વારા શ્રદ્ધાંજલિ પાઠવું છું. 'કુમાર'ના ભાવુક વાચકોના ચિત્ત-તંત્રને જરૂર સ્પન્દિત કરશે.

ૐ

श्री लोकनायक जयप्रकाश नारायणं
प्रति
श्रद्धांजलि
(उपजाति)

दरिद्रनारायणयाजनार्थं
ऋतुर्गुरूर्गांधिमहोदयेन।
यदा प्रयुक्तो नु तदाऽध्वरेऽस्मिम्
जयप्रकाशेति वरिष्ठयाजी ॥१॥

स्वातन्त्र्ययुद्धेषु गुरोर्गरीयान
विचारवाणीषु मृदो म्रदीयान्
आदर्शमार्गेषु दृढाद् द्रढीयान्
जयप्रकाशो महतो महीयान् ॥२॥

दीनार्तिदावानलशान्तिदक्षः
प्राणात्ययेऽपिस्त्रपथे द्रढिष्ठः।
कारागृहे सन् जविनां जविष्ठो
जयप्रकाशेति नवप्रकाशः ॥३॥

वृद्धोऽपि यूनामतिमान्यनेता
क्षीणोऽपि काये गिरिवत्सुधीरः।
ग्रस्तोऽपि रोगैः प्रबलो युयुत्सु-
र्जयप्रकाशो जयतात् सुदीर्घम् ॥४॥

(દ્વારકા) —લ. અ. જોષી

નવી કવિતા કેવી?

નથી ગદ્ય કે પદ્ય રૂપ એ
નથી અપદ્યાગદ્યે
છંદશાસ્ત્રના શાસનને એ
તાનાશાહી લેખે
લોકતંત્રની, લોકનીતિની
હિમાયતી એ
સ્વતંત્ર ખેલો ખેલે.
અવનવ એવા અલંકારને
સરજાવે છે બળે.
મૂંઝવતી રીઝવતી કદી એ
અવળચંડી શી ખીજે.
સાન તથા મર્યાદાનાં યે
બંધન એને ખૂંચે.
વાચક સમજે કે ના સમજે
પરવા લેશ ન કરતી.
કાંઠે ઊભેલો ગભરાતો
ક્યાં ક્યાં એ જઈ ચડતી?
ભરતી-ઓટથી ના ગભરાતી
હિંમત હૈયે ધરતી.
વહી જાય છે તોફાની એ
ધસડી જાયે ધરતી.
વટવૃક્ષોને પછાડતી એ
ભવનો ધ્વસ્ત કરંતી
મત્ત બનેલી ખેલે તાંડવ
નિજાનંદમાં મ્હાલે
સ્વચ્છંદે એ રાચે.
નવી કવિતાની વરણાગી
વાચકને ના ગમતી
પણ કવિને મન
કાણી હોયે તેવી
રાણી ગમતી.
તેને કવિતા ગણવી.
'કવિતા'માં કે 'કવિલોક'માં
છપાય તેને
ગુર્જરી માની ગૌરવશાળી
ને હિતકારી
કવિતા નવલી ગણવી.

(જયપુર) —ગોકુળભાઈ દો. ભટ્ટ

ભદ્દુ અને ભવદીય

સપ્ટે. અંક વાંચતાં 'કુમાર'ની ચોકસાઈ વિષેનો ખ્યાલ પવાયો. ભાષાશુદ્ધિ તથા જોડણીના આગ્રહી શિક્ષક સમું, મુદ્રારાક્ષસ (મુદ્રણદોષ) વિનાનું સામયિક તે 'કુમાર'—આ સ્થિર છાપને વિકૃતિગ્રસ્ત થવું ન પડે તે માટે સભાન રહેવા વિનંતી.

ઑગસ્ટ અંકમાં 'વાચકો લખે છે'માં 'ભદ્દું' વાંચી તેની કુળકથા આપવા પ્રેરાઉં છું.

કલ્યાણ કે સુખવાચી, સંસ્કૃતનો મૂળ 'ભદ્' ધાતુ ચિત્રવિચિત્ર અર્થોમાં સરી પડયો છે. પુષ્ટ કે પોઢું બાળક તંદુરસ્તીનું-પહેલું-સુખ સૂચવે છે; જોનારને પણ સુખ આપે છે. આથી ભલું, ભોળું, ભૂલકું 'ભદું' કહેવાય છે. ખાયે-પીયે સુખી, બિફિકરા કે ખૂબ હસતા માણસો ઘણે ભાગે જાડા હોય છે. જાડા સુડોળ કરતાં બેડોળ વધારે લાગે. જાડાને 'ભદ્દો' કહે છે. હિન્દીમાં આથી 'ભદ્દા'નો અર્થ બેડોળ, કુરૂપ, કઢંગું છે. 'ભદડું'-નાનો માટીનો ઘડો, ઢોચકું-ગુજરાતીના 'ભદ્દુ' તેમ જ હિન્દીના 'ભદ્દા' બંનેની અર્થછાયાઓ સાચવે છે. 'ભદંત' માન્ય વ્યક્તિ કે બૌદ્ધ સાધુને કહે છે, કારણ કે તેના ઉદ્દેશ કે સાધ્ય (અંત) તરીકે કલ્યાણ છે. નમ્-નમવું-પરથી નમ્ર, તેમ ભદ્ પરથી ભદ્ર-સુખમય-શબ્દ બન્યો. ભદ્ર, ભદ્રાકરણ, ભદલ અને ભદર શબ્દો કોષમાં 'દાઢી-મૂછનું મુંડન કે ટોલું કરાવવું' અર્થમાં નોંધાયા છે. પિતૃઓની સદ્ગતિ દ્વારા તેમનું અને એ રીતે પોતાનું કલ્યાણ સાધતી તર્પણ, શ્રાદ્ધ વગેરે ક્રિયાઓ વેળા આજે પણ મુંડન કરાવવામાં આવે છે.

ભાદ્રપદ, ભાદરવો, ભાદોં (હિન્દી)માં મૂળનું અનુસંધાન છે. કૃષિપ્રધાન ભારતમાં સોળ આની વરસ પકવતી વર્ષાના તાજા જ આનંદનો સાક્ષી ભાદરવો છે. શ્રાદ્ધપક્ષનું મિષ્ટાન્ન-ભોજન પણ સુખનો સંકેત ધરાવે છે.

હિન્દી કોષમાં 'ભદા'નો બીજો અર્થ 'અશ્લીલ' આપ્યો છે. પ્રાણીમાત્ર જાતીય સુખમાં રાચે છે. પશુઓ ભાદરવામાં જાતીય ઉત્તેજના અધિક અનુભવે છે. આ સુખના ઉપાદાન સંબંધે સભ્ય સમાજ ગુપ્તતા, ગુહ્યતા સેવે છે ને તેનો ભંગ 'અશ્લીલ' ગણાય છે. આ દષ્ટિએ હિન્દીના 'ભદેલ, ભદેલા'-ભાદરવાનું અને 'ભદા'-કઢંગું, અશ્લીલ-શબ્દો પણ સગોત્રી નીકળે છે!

ઑગસ્ટ અંકમાં શ્રી જયંતીલાલ વલ્લભરામ દવે 'ભવદીય' શબ્દ સંદર્ભે જિજ્ઞાસા વ્યક્ત કરે છે. મૂળમાં સંસ્કૃતનો આ શબ્દ ગુજરાતીમાં ચલણી બનતો જાય છે. 'ભવત્'-'આપ' પરથી ભવદીય-આપનું-થાય. સ્વામીત્વવાચક ઈય પ્રત્યય થકી મદીય-મારું, ત્વદીય-તારું, એવા શબ્દો બને છે, પણ તે ગુજરાતીમાં પ્રચલિત નથી. વળી આ શબ્દો વિશેષણ હોવાથી સંબોધન તરીકે ન વપરાય. પત્રમાં 'આપનો વિશ્વાસુ' કે 'આપનો સ્નેહાધીન' વગેરેની જેમ 'ભવદીય વિશ્વાસુ' જેવા પ્રયોગોને બદલે કેવળ 'ભવદીય' શબ્દનો વાપર વધારે દેખાય છે. સમજ્યા વિના રૂડા શબ્દો વાપરનાર 'આપનો ભવદીય' લખે તે કેવું હાસ્યાસ્પદ ?!

(વેરાવળ) —ઈન્દ્રવદન રાવલ

સહજાનંદ સ્વામીનો જન્મદિન

'કુમાર'માં સહજાનંદ સ્વામીના જન્મદિન અંગે જે ચર્ચા ચાલે છે તેમાં હું એક નવો મુદ્દો ઉમેરું છું, જે સહજાનંદ સ્વામીની જન્મતિથિ નોમને શ્રદ્ધેય માનવા માટે પ્રમાણભૂત જણાશે. સ્વામીનારાયણ સંપ્રદાયના ધાર્મિક ગ્રંથ 'સત્સંગી જીવન'માં શ્રી શતાનંદ મુનિએ સ્વામીજીના જન્મ અંગે જે સંપૂર્ણ કુંડળી આપી છે તેમાં કૌલવ નામના કરણનો ઉલ્લેખ છે. પ્રા. પલાણે દશમનો જે નિર્દેશ કર્યો છે તેના અનુષંગે જ્યોતિષશાસ્ત્રના નિયમાનુસાર કૌલવ કરણ તિથિ નોમ હોવાનું શ્રદ્ધેય સિદ્ધ કરે છે. આ દૃષ્ટિએ જન્મતિથિ દશમ નહિ પરંતુ નોમ જ હોવાનું માનવું યોગ્ય લેખાશે.

(વીરમગામ) —ભૂપેન્દ્ર એન. ધોળકિયા

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૩)

શુષ્ક ઠૂંઠું ને વસંતાગમ્ / ઉશનસ્

હરિણી · સૉનેટ

હિમતણી શિલાઓમાં ઊંડી તિરાડ અચાનક!
ધ્રુવધ્રુવ સુધી ઊભા વાઢે વઢાઈ ગઈ ધરા!
તરડઈ તૂટ્યો કાચા કાચે સળંગ સ્તબ્ધ્યો ચક!
કણકણ લઈ કાચા સૂર્યો જરાક ઝમ્યા ઝરા.

બધી જ સ્થિતિઓમાં ઓચિંતી પ્રવેશી ગઈ ગતિ:
ચલિત સરખા પ્હાડો, હાડો; અઘોરી ચળ્યા જતી,
સ્મર વગરની એકાકિની તપઃકૃશ આ સતી
નવલ પવનોમાં આવી જે ચળી ગઈ યે રતિ!

ગતિ ગતિ બધે: દ્યાવાપૃથ્વીપડે, વગડેજને!
રતિ રતિ બધે: પંચેન્દ્રિયે – રગેરગ ને મને,
પણ હું વહું ક્યાં? ઠૂંઠું—ખોડચો ખીલો, થડિયું નર્યું;
જીવનભરી છો ભૂમા–વેલા; બધું ગતિસંભર્યું;

રસ રસ થઈ કાયા, છેડી વહી જતી લેરખી,
પણ હું વહું ક્યાં! નીચે? સામે? ન મૂળ, ન ડાળખી.

થાનકીની ગઝલ

ઊજમશી પરમાર

થાનકી છું ને છતાં થાનક નથી.
જિંદગીમાં કોઈ પણ ચાનક નથી.

આપણા મનની તો એવી વાત છે:
હેલ્ય ભરચક તોં ય તે છાલક નથી.

કોઈએ શોષી લીધી છે લાગણી,
કોઈના માથે અમારો શક નથી.

જો ગણો તો દોષ છે બસ એટલો
કે અમારા નામે કૈં પાતક નથી.

જિંદગી જીવી લીધી છે એટલી
કે હવે તો મોત પણ ઘાતક નથી.

અમે / કરસનદાસ લુહાર

· ગઝલ ·

જે નથી એને સતત ખોતાં અમે,
આયનો અંધારમાં જોતાં અમે!

એટલે તો હર પળે રોતાં અમે!
સાવ કોરાં લોચનો લ્હોતાં અમે!

બા'ર ફેંકાઈ ગયા ઉચ્છ્વાસથી;
ને કદાપિ શ્વાસમાં નો'તાં અમે!

જે સતત સરકી રહી છે હાથથી–
એ પળોનાં મોતીઓ પ્રોતાં અમે!

બેઉ પગ વચ્ચે કૂટેલી બોઘણી
લઈ, વસૂકી ગાયને દૂહોતાં અમે!

■ શુષ્ક ઠૂંઠું ને વસંતાગમ: શેફરપીઅરશાઈ આ સૉનેટના પ્રથમ બે ચતુષ્કમાં શિશિરજડ પ્રકૃતિમાં વસંતનો સંચાર દર્શાવવામાં આવ્યો છે. પાંચમી પંક્તિમાં આની સ્પષ્ટ વાત કરી, પૂર્વેની ચાર અને પછીની ત્રણ પંક્તિઓમાં ગતિની પરિણતિનાં પ્રકૃતિચિત્રો સહજ રીતે નિરૂપાએલાં માણી શકાશે. 'ઊભા વાઢે વઢાઈ ગઈ ધરા!' જેવી અભિવ્યક્તિમાં બોલચાલની છટાનો તો 'કાચા સૂર્યો જરાક ઝમ્યા ઝરા'માં બાલરવિની મૃદુ તેજલીલાના મધુર દર્શનનો આસ્વાદ મળી રહેશે. આમ બધે 'ગતિ ગતિ' વ્યાપી વળી છે ત્યારે શુષ્ક ઠૂંઠાની વિપરીત સ્થિતિનો આત્મવિષાદ પછીની પંક્તિઓમાં સુપેરે વ્યક્ત થએલો જોઈ શકાશે. 'ગતિ ગતિ' અને 'રતિ રતિ' જેવા પંક્તિના આરંભિક પ્રાસો કે 'થડિયું નર્યું' અને 'ગતિસંભર્યું' જેવા પંક્ત્યંત પ્રાસો હૃદ્ય હોઈ કવિકર્મની સંતર્પક અનુભૂતિ કરાવી જાય છે. કાવ્યમાં વહેતી ગતિને પડછે વિષમ સ્થિતિની વેદના અંતિમ પંક્તિના પ્રશ્નોદ્‌ગારોમાં ચોટદાર અભિવ્યક્તિ પામી છે. ■ થાનકીની ગઝલ: ટૂંકા બંધની આ ગઝલમાં પ્રત્યેક શેર ખુમારીથી વેદનાની વાત કરી જાય છે. મત્લાના શેરની ઊઘડતી પંક્તિનો વિરોધ જાણે મક્તાના શેરમાં જઈને પરાકાષ્ઠા સાધે છે. 'જિંદગીમાં કોઈ પણ ચાનક' ન અનુભવનાર 'જિંદગી જીવી' લીધા પછી 'મોત પણ ઘાતક નથી'નો ભાવ અનુભવી એ વેદનાને વળ ચડાવી આપે છે અને અભિવ્યક્તિથી એ વધુ ચોટદાર પણ બની આવે છે. ■ અમે: મનુષ્યની વિચિત્રતા–સનાતન વિચિત્રતા–તે જે નથી તેને પામવાની. આમ કરતાં અનુભવવું કે 'જે નથી એને સતત ખોતાં અમે' અને પછી વેદનામાં તરફડવું એ જાણે એણે વહોરેલી પીડા છે. પરિણામે એને હર પળે રોવું પડે છે, અને તે ય એટલું બધું કે 'સાવ કોરાં લોચનો લ્હોતાં' જવાં પડે. ત્રીજા શેરમાં આ અનસ્તિત્વની અનુભૂતિ નવીન અભિવ્યક્તિનો આનંદ આપી રહે છે. વિગતનાં સ્મૃતિમૌક્તિકોને પરોવી આનંદના આભાસમાં સાંપ્રત વ્યતીત કરવાની પ્રવૃત્તિ 'વસૂકી ગાયને દૂહોવા' જેવી કહેવામાં ઉક્તિ નાવીન્યથી જૂની વાતને તાજપ ચડાવવામાં આવી છે. —ધી. પ.

સભ્યતા

— બહાદુરશાહ પંડિત

ઇંગ્લૅન્ડનાં મહારાણી વિક્ટોરિયાએ એક વાર અફઘાનિસ્તાનના અમીરને ચાપાણી માટે પોતાના મહેલમાં આમંત્ર્યા હતા. અમીર ઇંગ્લૅન્ડની દરબારી સભ્યતાથી અપરિચિત હતા, એટલે એમણે કૉફી પ્યાલામાંથી રકાબીમાં રેડીને પીવાનું શરૂ કર્યું. આ જોઈ ટેબલ પર સાથે બેઠેલા ઉમરાવો છૂપી રીતે હસવા લાગ્યા. પણ મહારાણી વિક્ટોરિયા જરા પણ હસ્યાં નહિ. ઊલટાનું મહેમાનનું માન સચવાય એ માટે એમણે પોતે પણ પ્યાલામાંથી કૉફી રકાબીમાં રેડીને પીવા માંડી.

સભ્યતા એટલે પોતાના સમાજની રીતભાતનું યથાર્થ પાલન માત્ર નહિ. પોતાના સમાજની રીતભાતના ભોગે પણ સામી વ્યક્તિનું માન સચવાય એ સભ્યતા કહેવાય. આવી સભ્યતાના નિયમો હોઈ શકે, પણ એ સોના પાયામાં હોય છે સૂક્ષ્મ ઔચિત્યબુદ્ધિ ને ઝીણવટભર્યો વિવેક. તમારા ઘેર મહેમાન આવ્યા હોય અને બાળકો તોફાન કરતાં હોય તો એમને મારવાં અથવા ઘાંટો પાડી ધમકાવવાં એ મહેમાનનું અપમાન કરવા બરાબર છે.

તમે તમારા ઘેર કોઈ પ્રસંગે મિત્રોને મિજબાની માટે આમંત્ર્યા હોય અને એકાદ પરપ્રાંતીય કે વિદેશી મિત્ર કશી કિંમતી ભેટ લઈને આવે તો તમે શું કરો? બધાના દેખતાં ભેટનો સ્વીકાર કરો તો ભેટ નહિ લાવનાર મિત્રોનું અપમાન થશે. ભેટ ના સ્વીકારો તો એ લાવનાર મિત્રનું અપમાન થશે. આવે પ્રસંગે ખૂબ સલૂકાઈથી ભેટનો સ્વીકાર કરી ધીમેથી એ મિત્રનો આભાર માનવો એ સભ્યતા છે. બીજાઓને એવો જ ખયાલ આવશે કે એ મિત્ર તમે મંગાવેલી કોઈ ચીજ લાવ્યો છે.

તમને સિગારેટ પીવાની આદત હોય અને કોઈ વડીલ પાસે ઊભા રહીને વાતો કરતાં કરતાં તમને સિગારેટ પીવાની ઇચ્છા થાય તો તમે શું કરશો? વડીલ તમારા પિતા જેટલા મોટા હોય તો એમની સમક્ષ સિગારેટ પીવાનું ટાળો. વડીલ માત્ર ધંધાદારી હોય અને બહુ ઉમરલાયક ના હોય તો સિગારેટ પીવા માટે એમની મંજૂરી માગો. અને એ પણ તમારા જેવી જ સિગારેટ પીતા હોય તો એમને પણ આપો. પણ અહીં તમારી સભ્યતા પૂરી થતી નથી. સિગારેટ સળગાવવા દીવાસળી સળગાવો તો પહેલાં એ વડીલની સિગારેટ સળગાવ્યા પછી જ તમારી સિગારેટ સળગાવો.

સભ્ય શબ્દ સભા પરથી બન્યો છે. જે સભામાં સલૂકાઈથી વર્તી શકે, એટલે કે સમૂહમાં સુરુચિપૂર્ણ વર્તન રાખી શકે એ સભ્ય.

આપણા શાસ્ત્રકારોએ સભ્યતાના નિયમો બહુ ઝીણવટથી ઘડયા છે. વડીલો અને ગુરુની હાજરીમાં શિષ્ય બેસી શકે નહિ, ગુરુની આજ્ઞાનું શિષ્ય ઉલ્લંઘન કરી શકે નહિ. પરંતુ આ તો સામાન્ય સભ્યતા થઈ. મુનશીએ 'પુત્ર સમોવડી' નામના એમના નાટકમાં તો આવી સભ્યતાની પરાકાષ્ઠા દર્શાવી છે.

દેવોના ગુરુ બૃહસ્પતિનો પુત્ર કચ દાનવોના ગુરુ શુક્રાચાર્ય પાસે વિદ્યા ભણવા આવે છે. એ સમયે ઋષિ ઉશનસ્–સ્નાન કરવા ગયા છે. એમની પુત્રી દેવયાની કચની ઓળખાણ થતાં એનું સ્વાગત કરી એને એક પથ્થરના આસન પર બેસવા કહે છે ત્યારે કચ કહે છે: 'ગુરુ મારો શિષ્ય તરીકે સ્વીકાર ના કરે ત્યાં સુધી મારાથી બેસાય નહિ.'

તમે નોકરી માટે ઇન્ટરવ્યુ આપવા ગયા હો અને ઇન્ટરવ્યુ લેનારની સામે પડેલી ખુરશી પર બેસી જાઓ તો એ તમને ઊભા નહિ કરી દે, પરંતુ તમારી સભ્યતા અંગે સારાંક તો બનશે જ.

આપણા સમાજમાં સ્ત્રીઓ લાજ કાઢતી હતી, એ આરંભમાં સભ્યતાનું સૂચન હતું. પાછળથી એણે રૂઢિનું સ્વરૂપ ધારણ કર્યું. વડીલોની આમન્યા રાખવા પાછળ સામાજિક સભ્યતા હતી, પરંતુ એના અતિરેકે એનું દૂષણમાં પરિવર્તન કર્યું.

સભ્યતાની બાબતમાં આખી દુનિયામાં અંગ્રેજ પ્રજા સૌથી મોખરે છે. 'થૅંક યુ' અને 'સૉરી' જેવા એના ભાષાકીય પ્રસંગોથી આરંભી ગમે તેવા અણગમતા ભાષણને પણ અંત સુધી ચૂપચાપ સાંભળી લેવાની એ પ્રજાની સભ્ય રીતભાત અંગેનો એક ટુચકો ભલે હાસ્ય માટે પ્રયોજાઓ છે, પણ એ દ્યોતક તો છે સભ્યતાની પરાકોટિનો.

એક કંપનીના માલિક એમના મૅનેજરને છૂટો કરવા ઇચ્છતા હતા. શુક્રવારે સાંજે શેઠે મૅનેજરને પોતાની કૅબિનમાં બોલાવી કહ્યું: 'મિ. જ્હૉન, આમ તો તમારા વિના મારી આ કંપની હું ચલાવી શકીશ કે કેમ એ શંકાસ્પદ છે, પરંતુ સોમવારથી હું એ પ્રયોગનું જોખમ ખેડવા ઇચ્છું છું.'

સભ્યતા એટલે 'મરતાને પણ મર' નહિ કહેવાની સદ્ગૃહસ્થાઈ તો ખરી જ, પરંતુ સાથે સાથે ગોળથી મરતાં હોય એને ઝેરથી નહિ મારવાની ચાલાકી પણ ખરી. મતલબ કે સામી વ્યક્તિની લાગણી ના દુભાય એની ચીવટ રાખવાની કલા એ સભ્યતા.

જીવનના કયા ક્ષેત્રમાં સભ્યતાનો અભાવ નિર્વાહ્ય બની શકે? ઘરના રસોડાથી આરંભી દિલ્હીની લોકસભાના મકાન સુધી સર્વત્ર સભ્યતા અનિવાર્ય શસ્ત્ર છે. એ શસ્ત્ર દ્વારા તમે સંબંધને સુંવાળો બનાવી શકો છો, વ્યવહારમાં વાંછિત વળાંક લાવી શકો છો અને વ્યવસાયમાં ઇપ્સિત પ્રગતિ સાધી શકો છો. 'ગુડ મૉર્નિંગ'(સુપ્રભાતમ્)થી આરંભી 'ગુડ નાઈટ' (શુભ રાત્રિ) સુધીના આપણા દૈનિક કાર્યક્રમમાં જેટલી સભ્યતા વધારે એટલી કામકાજમાં સરળતા અને સિદ્ધિમાં સફળતા વધારે.

સભ્યતામાં સ્થાનિક રંગો ઉમેરાય ને સમયે સમયે પરિવર્તનો પણ આવે. ઇંગ્લૅંડમાં હસ્તધૂનન એ મિલનકાળની સભ્ય રીતભાત ગણાય તો ભારતમાં બે હાથ જોડવાની ક્રિયા એ સભ્યતા ગણાય. બંનેમાં તફાવત માત્ર અભિનયનો પણ બે વ્યક્તિઓના મિલનનો આનંદ તો સરખો જ.

સભ્યતા એ સંસ્કારિતાનું બાહ્ય આવિષ્કરણ છે. સમાજમાં જીવનાર અને નાગરિક હોવાનો દાવો કરનાર પ્રત્યેક શિક્ષિત વ્યક્તિએ સભ્યતા શીખી લેવી જોઈએ. આવી સભ્યતાનો અભાવ અધૂરી કેળવણીની નિશાની છે.

કોઈ પણ પ્રજાની સંસ્કારિતાની પારાશીશી છે એની સભ્યતા. એ આડંબર નથી, દંભ નથી પણ સૌજન્ય છે, સામેની વ્યક્તિ માટેના આદરની સંજ્ઞા છે. એના અભાવે મનુષ્ય પશુતા તરફ ગતિ કરી રહેલો જણાય છે. માણસ પ્રકૃતિમાંથી સંસ્કૃતિ તરફ ગતિ કરવા ઇચ્છતો હોય તો એણે સભ્યતાનાં સોપાનો વટાવવાં પડે છે. એણે સભ્ય બનવા માટે રચેલા સમાજની શાળામાં અનુભવના શિક્ષક પાસેથી તાલીમ લેવી પડે છે. એવી તાલીમ જ માણસને સાચો નાગરિક બનાવી શકે છે. ☐

આધુનિક મહારાષ્ટ્રના શૈક્ષણિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક, સાહિત્યિક અને સામાજિક જીવનના નિર્માણ, ઉન્નયન અને પ્રકર્ષ સાથે જેમનું જીવન દાયકાઓથી સક્રિયપણે સંકળાએલું હતું, જેઓ મહારાષ્ટ્રની સંસ્કૃતિ અને ઇતિહાસના જીવંત જ્ઞાનકોષ ગણાતા હતા એ, મહારાષ્ટ્રના ભીષ્માચાર્ય 'દાદાસાહેબ' મહામહોપાધ્યાય દત્તોપંત વામન પોતદારનું ગઈ ૬ઠ્ઠી ઑક્ટોબર(૧૯૭૯)ના રોજ નિધન થતાં એક પ્રખર વિદ્યાવ્યાસંગી અને પ્રકાંડ પંડિતની ખોટ પડી.

ઈ. ૧૮૦૦માં એક અંગ્રેજ અધિકારી કર્નલ પામરે મહારાષ્ટ્રીય ઇતિહાસના પરમ મેધાવી રાજપુરુષ બાલાજી જનાર્દન ભાનુ—નાના ફડનવીસના અવસાન સમયે કહેલું કે 'પૂનાના સમસ્ત શાણપણનો આજે વિલય થયો છે.' દાદાસાહેબ દત્તોપંત પોતદારના અવસાન સમયે પણ આવા જ સાર્થક ઉદ્‌ગારનો પુનરુચ્ચાર કરવો પડે છે એમ એમને અંજલિ આપતાં અધ્યાપક મ. શ્રી દીક્ષિતે કરેલું વિધાન ખરેખર ઉપયુક્ત છે. દિવંગત દત્તોપંતનું જીવન અને કર્તૃત્વ આવું જ કીર્તિમંત ઉજ્જ્વલ અને વિપુલ હતું.

મહામહોપાધ્યાય
દત્તોપંત વામન પોતદાર

ઈ. ૧૮૯૦ની ૫મી ઑગસ્ટે મહારાષ્ટ્રના મહાડ તાલુકાના બિરવાડી ગામમાં એમનો જન્મ થએલો. પિતા વામનરાવ ઉર્ફે બાબાસાહેબ મહારાષ્ટ્રમાં સાંસ્કૃતિક અરુણોદયના અધ્વર્યુ શ્રી વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરના વિદ્યાર્થી હતા. લોકમાન્ય ટિળક, પત્રકાર શિવરામ પરાંજપે, વીર સાવરકર વગેરેનો એ યુગ હતો. લોકમાન્યની ધ્યેયવાદી પ્રેરણાના સુપ્રકાશમાં સ્નાન કરીને જે કર્તવ્યનિષ્ઠ પેઢી તૈયાર થઈ હતી તે જાગૃતિયુગના પ્રભાવમાં દત્તોપંતે આજીવન બ્રહ્મચારી રહીને શિક્ષણ, સાહિત્ય અને ઇતિહાસની સેવા દ્વારા લોકકલ્યાણ અને લોકજાગરણ માટે જીવન અર્પણ કરવાનો સંકલ્પ કર્યો હતો. પોતાની પેઢીના એ અપ્રતિમ પ્રતિનિધિ હતા.

૭ વર્ષની વયે એ પુણે આવ્યા. પુણેમાં ચિપળૂણકરની સ્મૃતિમાં સ્થપાએલા નૂતન મરાઠી વિદ્યાલયમાં એમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લઈ ઈ. ૧૯૦૭માં ત્યાંની ફર્ગ્યુસન કૉલેજમાં પ્રવેશ લીધો. ૧૯૧૦માં ઇતિહાસના ઐચ્છિક વિષય સાથે બી. એ. થયા અને એક વર્ષ સુધી કાયદાનો અભ્યાસ પણ કર્યો. એ સમયમાં વિધવિધ રાજનૈતિક પક્ષોનો ઓછાવત્તો પ્રભાવ પ્રવર્તતો હતો, પરંતુ તેનાથી અલિપ્ત રહી તેઓ શિક્ષણ દ્વારા લોકજાગરણ સાધવાના હેતુથી જે શાળામાં પોતે ભણ્યા હતા ત્યાં જ શિક્ષક તરીકે જોડાયા અને આગળ જતાં ત્યાં જ મુખ્ય અધ્યાપક થયા તથા એ શાળાની સંચાલક સંસ્થા શિક્ષણ પ્રસારક મંડળના આજીવન સભ્ય બન્યા. આ જ સંસ્થાની સર પરશુરામ ભાઉ કૉલેજમાં પણ એમણે અધ્યાપક અને ઉપર આચાર્ય તરીકે કામ કરેલું. અભ્યાસ પ્રત્યેની એમની અભિરુચિને પોષીને શિક્ષણ પ્રચારક મંડળે એમને શિક્ષણની જે સુવિધા કરી આપી હતી તેનું ઋણ તેઓ કદી વિસર્યા નહોતા. જીવનનાં ઘણાં વર્ષો એમણે એ મંડળની ઉન્નતિ માટે ગાળેલાં અને આગળ જતાં તેઓ એ મંડળના એક આધારસ્તંભ સમા બની રહેલા. નિષ્ઠાવાન વિદ્યાર્થીઓની એક પેઢી એમનું શિક્ષણ પામીને



મહારાષ્ટ્રના ભીષ્માચાર્ય 'દાદાસાહેબ'

લેખક • પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર

તૈયાર થએલી. સ્વ. સાને ગુરુજી પણ એમાંના એક હતા. એ પેઢીના એમના અનેક વિદ્યાર્થીઓ આજે પણ મૂક સેવાકાર્ય કરી રહ્યા છે.

એમના જ એક વિદ્વાન વિદ્યાર્થીના કહેવા પ્રમાણે દત્તોપંતના જવાથી 'મહારાષ્ટ્રના વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, બહુશ્રુત, સર્વપ્રિય અને સર્વરસિક બોલતા–ચાલતા ઇતિહાસનું પાનું જ ઊડીને ખોવાઈ ગયું છે...એમને જોતાં જ મોંમાંથી સિગારેટ ફેંકી દઇને નમ્રભાવે એમને નમન કરવાની ભાવના થાય એવા અમારા એ પિતૃતુલ્ય દાદાસાહેબ દત્તોપંત હતા.'

તેઓ આદર્શ શિક્ષક હોઈ કોઈ પણ વિષય શીખવતી વખતે એ વિષયને લગતી સંપૂર્ણ માહિતી આપવાની એમની નેમ રહેતી. કવિતા શીખવતી વેળા તેઓ તેનો અવિકલ આસ્વાદ કરાવતા. એ જ પ્રકારની કૃતિ અન્ય પ્રાંતીય ભાષામાં કે વિદેશી ભાષામાં રચાઈ હોય તો તેની તુલનાત્મક માહિતી પણ આપતા. એમનું વાચન અને ચિંતન વિપુલ હતું.

એક દિવસ કોઈ વિદ્યાર્થીએ વર્ગમાં સંસ્કૃતના શાર્દૂલવિક્રીડિત છંદનું સ્વરૂપ પૂછ્યું. બહુ સુંદર અને સૂત્ર ભરેલો જવાબ એમણે આપ્યો: 'મારું નામ જ શાર્દૂલવિક્રીડિત છંદસ્વરૂપ સમજાવી શકે તેવું છે. જુઓ: દત્તો-વામન-પોતદાર-સહિતં શાર્દુલ-વિક્રીડિતમ્.'

કૉલેજમાં તેર વર્ષ સુધી પ્રાધ્યાપક તરીકે કાર્ય કર્યું તે દરમિયાન રજાઓમાં પણ તેઓ પાંચ પાંચ કલાક સુધી વિદ્યાદાનનું કાર્ય કરતા. શિક્ષણ અને સાહિત્યક્ષેત્રની એમની ઉદાત્ત સેવાઓના ફલસ્વરૂપે પુણે યુનિવર્સિટીએ એમને પોતાના સન્માનનીય કુલપતિ(વાઈસ ચાન્સેલર)નું પદ આપ્યું હતું. ટિળક મહારાષ્ટ્ર રાષ્ટ્રીય વિદ્યાપીઠે પણ એમને આવા જ સન્માનથી નવાજ્યા હતા. નિષ્ઠાવંત ને નિષ્કલંક ચારિત્ર્ય વડે જીવનમાં કેટલી ઉત્તુંગ અને ઉદાત્ત પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થઈ શકે છે તેનું પ્રેરક દૃષ્ટાંત દત્તોપંતના જીવનમાંથી મળી રહે છે. સ્વભાષા મરાઠી પ્રત્યેનો અત્યંત પ્રેમ, શિક્ષણ પ્રસારની તીવ્ર નિષ્ઠા તથા ઇતિહાસ-સંશોધન

પ્રતિ અસીમ સ્નેહ એ એમનાં ત્રણ અનન્ય કર્તવ્ય હતાં. એમની દૃષ્ટિ અને વિચારસરણી સદા વિધાયક રહેતી.

અધ્યયન અને અનુશીલનમાં એમને માનવીય વિદ્યાઓ (Humanities) વિશેષ પ્રિય હતી. તેમાં પણ વિદ્યાભ્યાસંગના મુખ્ય વિષય હતા ઇતિહાસ અને મરાઠી સાહિત્ય. મહારાષ્ટ્રના ઇતિહાસાચાર્ય વિશ્વનાથ કાશીનાથ રાજવાડેના તેઓ પટ્ટશિષ્ય. એમની જ પ્રેરણાથી દત્તોપંતે સંશોધનનું ક્ષેત્ર અપનાવ્યું હતું. ઇતિહાસ જેવા રુક્ષ અને ગંભીર વિષયને તેઓ રસિક ને વિનોદપ્રચુર શૈલીમાં શીખવતા. એમની વ્યાખ્યાન-કલા પણ માહિતીપ્રચુરતા તથા સળંગસૂત્રતાને કારણે પ્રભાવશાલિની અને મુગ્ધકારી હતી. મરાઠી, અંગ્રેજી, સંસ્કૃત અને હિંદી આ ચારેય ભાષામાં તેઓ બોલી શકતા. 'બોલતા ચાલતા ઇતિહાસ' ઉપરાંત લોકો એમને 'પુરાણ પુરુષ' પણ કહેતા. આ નામે એમણે કેટલુંક લખાણ પણ કર્યું છે.

ભારતીય ઇતિહાસ સંશોધક મંડળની ઈ. ૧૯૧૦માં સ્થાપના થઈ હતી. આ મંડળ તો એમને માટે 'જીવપ્રાણ' સમાન હતું. તેઓ તેના પ્રથમ મંત્રી હતા અને આગળ જતાં વર્ષો સુધી તેના અધ્યક્ષ પણ રહ્યા હતા. એમના પ્રયત્નોથી મંડળના સંગ્રહાલયમાં અનેક જૂની હસ્તલિખિત પોથીઓ, દસ્તાવેજો, ચિત્રો, સિક્કાઓ વગેરેનો દુર્મિલ સંગ્રહ થવા પામ્યો હતો. ચૌદ વર્ષથી એમને આવી આવી જૂની ઐતિહાસિક ચીજો એકઠી કરવાનો છંદ હતો. શાંતિથી લેખનકાર્ય ને સંશોધન થઈ શકે એ સારુ એમણે ૧૯૬૮માં વાઈ ક્ષેત્રમાં એક મકાન ખરીદ્યું હતું. પોતાની માતાની સ્મૃતિમાં એમણે એને 'આનંદી ધામ' નામ આપેલું. વર્ષોથી એકએક કરીને એકઠી કરેલી ઐતિહાસિક કાગળપત્રો ને ગ્રંથો વગેરે જેવી અલભ્ય મૂલ્યવાન સંશોધન સામગ્રીને યોગ્ય રીતે જાળવી રાખવાની એમની નેમ હતી. એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ અંદરોઅંદર ફાળો કરીને આ મકાનને દુરસ્ત કરાવી એને વધુ સગવડભર્યું બનાવી આપીને ગુરુ પ્રત્યેનું ઋણ અદા કરેલું. આ આનંદીધામમાં અલભ્ય ગ્રંથો અને વિધવિધ સામયિકોના વિપુલ સંગ્રહ ઉપરાંત બીજી પણ જે કેટલીક સામગ્રી સંઘરી છે તેમાં છેલ્લા નવેક દાયકા દરમિયાનની વિવિધ પ્રકારની કુંકુમ-પત્રિકાઓ અને નિમંત્રણ પત્રિકાઓનો સંચય પણ અજબ છે. અને આ સઘળો સંચય એમણે સુઘડ સુવ્યવસ્થિત રીતે તારીખવાર સાચવી રાખેલો છે. પુણે, મહારાષ્ટ્ર અને ભારતની સંખ્યાબંધ સંસ્કાર-સંસ્થાઓ તથા સારસ્વત મંડળો સાથે તેઓ સક્રિયપણે સંકળાએલા હતા. સર પરશુરામ ભાઉ કૉલેજની નિયામક સંસ્થા શિક્ષણ પ્રસારક મંડળ, પુણે વિદ્યાપીઠ, ટિળક મહારાષ્ટ્ર વિદ્યાપીઠ, ભારત ઇતિહાસ સંશોધક મંડળ, વૈદિક સંશોધન મંડળ, મહારાષ્ટ્ર સાહિત્ય પરિષદ, ભારતીય હિસ્ટરી કૉંગ્રેસ, ભારતીય ઇતિહાસ રેકર્ડ્ઝ કમિશન, મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા સભા, મહારાષ્ટ્ર શારદામંદિર, ભારતીય સંસ્કૃતિકોશ મંડળ, કેન્દ્રીય-સંસ્કૃત મંડળ, હિંદી સાહિત્ય સંમેલન (પ્રયાગ), કાશી નાગરી પ્રચારિણી સભા, પેશવે દફતર સમિતિ, વેદશાસ્ત્રોત્તેજક સભા, ભારતીય સંગીત પ્રસારક મંડળ, નૅશનલ બુક ટ્રસ્ટ, ભારતીય સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, કેસરી-મરાઠા-સંસ્થા ગ્રંથાલય, ભરત નાટ્ય-મંદિર, પુણે મરાઠી ગ્રંથાલય, ગીતાધર્મમંડળ વગેરે વગેરે અનેકવિધ સંસ્થાઓ સાથે એમનું કર્તૃત્વ સંકળાએલું હતું.

ઈ. ૧૯૩૫માં એમના પ્રયત્નોથી ભારતીય ઇતિહાસ સંશોધક મંડળના રજત મહોત્સવ પ્રસંગે પુણે નગરીમાં અખિલ ભારતીય ઇતિહાસ પરિષદનું પ્રથમ અધિવેશન ભરાયું હતું. ૧૯૩૯માં અહમદનગર ખાતે યોજાએલા મરાઠી સાહિત્ય સમ્મેલનના તેઓ પ્રમુખ વરાયા હતા. જે તે રાજ્યોનો આંતરિક વ્યવહાર ત્યાંની પ્રાદેશિક ભાષામાં જ થવો જોઇએ એ માટે એમણે આ અધિવેશનમાં પોતાનો આગ્રહભર્યો વિચાર રજૂ કર્યો હતો. મરાઠી ભાષાના તેઓ એક ઉત્તમ વક્તા હતા. પુણેની વક્તૃત્વોત્તેજક સભાના વિકાસમાં તેમણે ઊંડો સક્રિય રસ દાખવ્યો હતો. પુણેમાં દર વર્ષે યોજાતી વસંત વ્યાખ્યાનમાળામાં એમનું એકાદ વ્યાખ્યાન તો યોજાતું જ. ઈ. ૧૯૩૭માં મુંબાઈ પ્રાંતમાં કૉંગ્રેસનું શાસન શરૂ થયું ત્યારથી તેઓ રાષ્ટ્રભાષા હિન્દીના પ્રસાર માટે પણ વિશેષ પ્રયત્ન કરતા થયા હતા. હિન્દીમાં વ્યાખ્યાનો આપતા થયા પછી તો તેઓ પોતાની વિદ્વત્તા માટે દેશભરમાં વિખ્યાત બની ગએલા. ઈ.૧૯૪૬માં મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા સભાના અધ્યક્ષપદે એમની નિમણૂક કરવામાં આવેલી. અખિલ ભારતીય વ્યવહારનો વિચાર કરતાં હિંદીની વ્યાપક ભૂમિકાને લક્ષમાં રાખીને તેઓ હિંદીને રાષ્ટ્રભાષા જ કહેતા અને તે માટે આગ્રહશીલ હતા. મહારાષ્ટ્રમાં સંગઠિત અને વ્યવસ્થિત રૂપે રાષ્ટ્રભાષા પ્રસારનું કાર્ય આરંભાયા પછી શંકરરાવ દેવ, કાકાસાહેબ કાલેલકર, અચ્યુત પટવર્ધન અને એસ. એમ. જોશીની જેમ દાદાસાહેબ પણ હિંદીના હિમાયતી અને પ્રચારક બની ગએલા. છેલ્લાં ચાળીસ વર્ષોથી તેઓ મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા સભાના સરનશીન હતા. આ ઉપરાંત સંસ્કૃત ને અંગ્રેજીમાં પણ તેઓ પ્રસન્નમધુર શૈલીમાં ધારા-પ્રવાહ ભાષણ આપી શકતા. અલબત્ત, એમનાં વ્યાખ્યાનો સભા ગજાવનાર નહોતાં, પણ ધીરગંભીરપણે પ્રભાવક, બોધક અને આશ્વસ્ત કરનારી શૈલીમાં એક મનીષીની અદાથી પોતાનું વક્તવ્ય રજૂ કરતા.

ઈ. ૧૯૪૯ના ભારતીય ઇતિહાસ કૉંગ્રેસના દિલ્હી અધિવેશનના તેઓ અધ્યક્ષ હતા. 'યુનેસ્કો'માં ભારત સરકારના પ્રતિનિધિ તરીકે પણ એમની નિમણૂક થએલી. ઈ. ૧૯૬૩માં ભારત સરકાર તરફથી રચિયાની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનાં નિરીક્ષણાર્થે કુલપતિઓનું જે શિષ્ટ મંડળ રચિયા ગએલું તેનું નેતૃત્વ દત્તોપંતે કર્યું હતું. ઈ. ૧૯૬૧થી '૬૪ સુધી તેઓ પુણે યુનિવર્સિટીના કુલગુરુ નિમાયા હતા. ઈ. ૧૯૪૬માં એમની સારસ્વત સાધના બદલ 'મહામહોપાધ્યાય'ની ઉપાધિથી બ્રિટિશ સરકારે અને ઈ. ૧૯૬૭માં 'પદ્મભૂષણ'ના પદથી ભારત સરકારે એમનું બહુમાન કર્યું હતું. બનારસ હિન્દુ યુનિવર્સિટીએ એમને માનદ્ ડૉક્ટરેટ અને પ્રયાગના હિન્દી સાહિત્ય સમ્મેલને 'સાહિત્ય વાચસ્પતિ'ની પદવી આપી હતી. ઈ.૧૯૬૩માં તેઓ કેન્દ્રીય સંસ્કૃત મંડળના અધ્યક્ષ ચૂંટાયા હતા. ઇંડિયન હિસ્ટોરિકલ રેકર્ડ્ઝ કમિશનના સદસ્ય તરીકે યદુનાથ સરકાર જેવા ઇતિહાસના મહામનીષી સાથેની ચર્ચાઓમાં પણ તેઓ પોતાની બૌદ્ધિક ગરીમા દાખવી પ્રભાવ પાડી શક્યા હતા. ઈ. ૧૯૫૦માં દાદાસાહેબ દત્તોપંતની ષષ્ઠીપૂર્તિ વખતે 'પોતદાર ગૌરવ ગ્રંથ' પ્રસિદ્ધ કરી વિદ્વાનોએ એમનું બહુમાન કર્યું હતું.

પ્રથમ દર્શને દત્તોપંત પૂર્ણ સનાતની પંડિત જેવા લાગતા, પરન્તુ એમનું સનાતનીપણું બૌદ્ધિક વિચાર પર આશ્રિત હતું. પરંપરાઓની ચકાસણી કરીને તેઓ તે પ્રત્યે ગૌરવ ધરાવતા. એમની રસિકતા અને ગ્રહણશીલતા સારગ્રાહી હતી.

મસ્તક પર પુણેરી લાલ પાઘડી, લલાટ પર સુગંધિત ચંદનનો ત્રિપુંડ, ચહેરા પર શુચિતા અને પ્રસન્નતાનો ભાવ, દેહ ઉપર બંધ ગળાનો કાળો કોટ અને બંને ખભા ઉપર આજાનુ લટકતો દુપટ્ટો તથા પગમાં પુણેરી પગરખાંવાળું સભા-સમારંભોમાંનું એમનું દર્શન એમના મહામહોપાધ્યાય પદને પૂર્ણપણે છાજતું લાગતું.

ભૂતકાળને જોડતું એમનું આ વ્યક્તિત્વ એમના પૂર્વવર્તી ચાર મહાનુભાવોની ગુણવત્તાને આત્મસાત્ કરતું લાગતું. વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરનું સ્વભાષા મરાઠીનું અભિમાન, રાજવાડેની ઇતિહાસભક્તિ, લોકમાન્ય ટિળકનાં નિર્ભયવૃત્તિ ને નિર્મલ ચારિત્ર્ય તથા ન્યાયમૂર્તિ રાનડેની મહારાષ્ટ્રની સંસ્કૃતિ પ્રત્યેની આસ્થા એક સાથે દત્તોપંતમાં જોવા મળતાં.

એમની રસિકતા અને બૌદ્ધિક પ્રતિભાનાં ચમત્કાર સંસ્મરણો

'કુમાર'નાં ઈ. ૧૯૭૯ના વર્ષનાં પારિતોષિકો

પારિતોષિક	વિષય	વિજેતા	નિર્ણાયકો
 કુમાર ચન્દ્રક	વર્ષભરના શ્રેષ્ઠ સાહિત્યસર્જન (તેમની પુષ્પમાળા) માટે	 શ્રી શંકરદેવ વિદ્યાલંકારને	સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અનંતરાય રાવળ યશવન્ત શુક્લ
સ્વ. કેશવલાલ જૂઠાભાઈ દડિયા સાહિત્ય પારિતોષિક રૂ. ૫૦૧	,,	શ્રી શંકરદેવ વિદ્યાલંકારને	,,
શ્રી છોટાલાલ માવજી કોઠારી તરફથી રૂ. ૧૦૧	વર્ષભરના શ્રેષ્ઠ પુરાતત્ત્વ વિષયક લેખ માટે	શ્રી મણિભાઈ વોરાને તેમના 'માતૃકા મંદિરો' વગેરે લેખ માટે	'કુમાર'ના તંત્રી
એક લેખક તરફથી રૂ. ૩૦	વર્ષભરની શ્રેષ્ઠ કાવ્યકૃતિ માટે	શ્રી જયંત પાઠકને 'વાત્સલ્યની અનુભૂતિ' માટે	સવશ્રી રાજેન્દ્ર શાહ ધીરુભાઈ પરીખ
'કુમાર' તરફથી રૂ. ૩૦	વર્ષની શ્રેષ્ઠ નવલિકા માટે	શ્રી સરોજ ત્રવેદીને 'ત્રીજું ડસકું' માટે	શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
ગિરીશકાકા પારિતોષિક તેમના પરિવાર તરફથી રૂ. ૨૫	શ્રેષ્ઠ જોડણીશુદ્ધ વ્યાકરણશુદ્ધ લખાણ માટે	શ્રી મણિભાઈ વોરાને	'કુમાર'ના તંત્રી

વિદ્વત્ સમાજમાં વિખ્યાત બની ગયાં છે. એક વાર એક સભામાં શાસ્ત્ર પ્રમાણ રજૂ કરીને પંદર રસોનું પ્રતિપાદન કરીને એમણે શ્રોતાઓને વિસ્મિત અને મુગ્ધ કરી દીધા હતા :

तत: पौलस्त्य नगरे परमानन्द नंदिते ।
रसैस्तु पंचदशभिः । कवीन्दैर्वर्धित-द्विजैः ।
गीयमानं यशः स्वीयं । श्रुत्वा श्रुत्वा शनैः शनैः ।।

આ શ્લોકની વ્યાખ્યા આપતાં દાદાસાહેબે શ્રોતાઓને ચકિત કરી દીધા. કાવ્યશાસ્ત્ર-વિનોદમાં નવ રસોની ગણના સુવિખ્યાત છે. અને સુગ્રાસ ભોજનમાં ષડ્રસનો સમાવેશ છે. આમ, નવ વત્તા છ બરાબર પંદર રસોની ગણતરી સુસ્પષ્ટ છે. દાદાસાહેબની નાનામુખી પ્રતિભાનું એક બીજું મનોરમ ઉદાહરણ : પુણે શહેરમાં બાલગાંધર્વ નાટ્યમંદિરના ઉદ્ઘાટન પ્રસંગે સાહિત્યકાર પુ. લ. દેશપાંડેએ પ્રારંભમાં રંગમંચ પર નાંદીના રૂપમાં પ્રસ્તાવના રજૂ કરવાની દાદાસાહેબને વિનતિ કરી. તેઓએ તે સ્વીકારી. મંચ પર ગયા અને

सर्वेषां अविरोधेन नाट्यकर्म समाचरेत्

થી આરંભ કરી રસિક સમાજને વિસ્મય મુગ્ધ કરી દીધો હતો.

રૂઢાર્થ પ્રમાણે દત્તોપંત સાહિત્યિક પુરુષ ન હતા. પરંતુ પ્રાચીન, મધ્યયુગીન ને અર્વાચીન મરાઠી સાહિત્યના તેઓ તલસ્પર્શી અભ્યાસી અને ભાષ્યકાર હતા. 'મરાઠી ભાષાચા અંગ્રેજી અવતાર' નામની એમની ચોપડી એ વાતની સાક્ષી પૂરે છે, અને એ અધિકારથી જ તેઓ મરાઠી સાહિત્ય સંમેલનના અધ્યક્ષ બન્યા હતા. પુ. લ. દેશપાંડેએ એમને મહારાષ્ટ્રના સાર્વજનિક જીવનના એક મૂર્તિમંત ચૈતન્ય કહ્યા હતા એ સર્વથા ખરું છે. 'શ્રોતે હો' નામક એમનાં ભાષણોનો સંગ્રહ, 'મી યુરોપાત કાય પાહિલે?' પ્રવાસ વર્ણન, 'મરાઠી સાહિત્ય પરિષદેચા ઇતિહાસ', 'ઓળખ' નામનાં વ્યક્તિચિત્રો ને 'લોકમાન્યાંચે સાંગલી' એ પોતદારનાં જાણીતાં મુખ્ય પુસ્તકો છે. આ ઉપરાંત 'બાલકા દગડાચી કહાણી', 'મરાઠી આણી અંગ્રેજી', 'વિવિધ દર્શન', 'ભાગ્યપુરુષ', 'વક્તૃત્વ', 'સુમન સપ્તક', 'મરાઠી ઇતિહાસ આણી ઇતિહાસ સંશોધન', 'ભાષા સમસ્યા', 'ઇનસાઈડ મહારાષ્ટ્ર' તથા છેલ્લે અપૂર્ણ રહેલું 'શિવાજી ચરિત્ર' એમની જાણીતી કૃતિઓ ગણાય છે.

એમની પ્રબળ ઇતિહાસનિષ્ઠા અને રાષ્ટ્રનિષ્ઠાના મૂળમાં એમની સત્યનિષ્ઠા રહેલી હતી. અંગ્રેજ લેખક સ્ટૅનલી જોન્સે ગાંધીજી પર લખેલા એક ગ્રંથમાં ગાંધીજીની હત્યા કરનાર નાથુરામ ગોડસેની તુલના અફઝલખાનનો વધ કરનાર શિવાજી સાથે કરી છે. દત્તોપંતના લક્ષ પર આ હકીકત આવતાં તેમણે જોન્સ પર એક વિસ્તૃત પત્ર લખ્યો. એ પત્રનું સ્વરૂપ એક સપ્રમાણ નિબંધ જેવું છે. જોન્સને આથી પોતાની ભૂલ થયાનું ભાન થતાં એ પુસ્તકમાંનું આ લખાણ રદ કર્યું.

દત્તોપંતે એમના જીવનમાં ગ્રંથો લખ્યા છે એ કરતાં એમના લેખો અને ભાષણોની સંખ્યા ઘણી વધુ છે. નવી પેઢીને પ્રેરક અને માર્ગદર્શક એ લેખો ને ભાષણો શીઘ્ર ગ્રંથસ્થ થવા જોઇએ. મરાઠી ભાષામાં 'પોતે'નો અર્થ 'ખજાનો' થાય છે. એ ખજાનો સાચવનાર એટલે 'પોતદાર'. દત્તોપંતના કોઈ પૂર્વજે કદાચ આવું પદ ભોગવ્યું હશે, પરંતુ પોતે તો સરસ્વતીનો વિપુલ ભંડાર એમના લોકકલ્યાણ વાડાના ત્રીજે મજલે સાચવેલો છે. અપ્રાપ્ય પ્રાચીન ગ્રંથોથી માંડીને પુરાતત્ત્વ ને ઇતિહાસની

વસ્તુઓથી ખચિત એમના આ સંગ્રહાલયને એક રસિકે યોગ્ય રીતે જ 'વિદ્યારણ્ય' કહ્યું છે.

સાહિત્ય વિષયક એમનું એક વિધાન આજના સમગ્ર સાહિત્યને લાગુ પડે તેવું છે. તેઓ કહે છે : 'ભોજન પ્રમાણે જ સાહિત્યમાં પણ બધા રસો જરૂરી છે. બ્રહ્માની ષડ્રસ નિર્મિતિ કરતાં કવિની નવરસ નિર્મિતિ ખરેખર સરસ છે. ભાણામાં બધા પદાર્થો પીરસવા જોઇએ. ખાનારે પોતાની પ્રકૃતિ, વય આદિનો વિચાર કરીને સેવ્ય પદાર્થનો અને તેના સેવનના પ્રમાણનો નિર્ણય કરવો જોઈએ.'

દાદાસાહેબ સરલ જીવન અને ઉચ્ચ વિચારોના મૂર્તિમંત રૂપ હતા. અવિવાહિત રહેવા જતાં એમને કદી એકલાપણું લાગ્યું નહોતું. એમના ઘેર દિવસભર વિદ્વાનો, છાત્રો અને સાહિત્યકારોની આવન-જાવન જારી જ રહેતી. કદાચ કોઈ ન આવ્યું હોય તો એને માટે તેઓ પૂછપરછ પણ કરતા. પડોશનાં બાળકો એમને દાદાજી સમા વડીલ ગણી પ્રણામ કરવા આવતાં, અને ત્યારે તેઓ સૌને વરિયાળીની મીઠી ગોળીઓ આપતા. પોતાનાં ગૃહકાર્યો જાતે જ કરી લેવાનું એમને ગમતું. પાણી પણ જાતે જ ભરી લેતા ને ચાનાં કપરકાબી પણ પોતે જ ધોઈ લેતા. ક્યારેક ક્યારેક શીર્ષાસન કરી લેવાનો એમને શોખ હતો. પ્રભાતમાં નિત્ય નિયમથી સ્નાન, ગાયત્રીપાઠ તથા સંધ્યા કરતા અને લલાટ પર ચંદન લગાડતા. પોતાનાથી કોઇને અભાવ કે દુઃખ ન થાય એની એમણે જીવનભર કાળજી રાખી હતી : અકૃત્વા પર-સન્તાપમ્.

એમની પ્રિય ભત્રીજી વિજયાતાઈ પોતદાર પોતાની સ્મૃતિઓમાં લખે છે : '...ભોજનમાં પૂ. દાદાને અંકુરિત ધાન્યોનું ઓસામણ અને ભાજી, પૂરણપોળી, સેવની ખીર અને લાડુ પ્રિય હતાં, પણ ભોજન વિષે કોઈ ચિંતા રાખતા નહિ. કેટલાંક વર્ષોથી તો તેઓ એક જ વખત ભોજન લેતા. આયુર્વેદ પ્રત્યે ખૂબ શ્રદ્ધા હતી. ઍલોપથીમાં વિશ્વાસ નહિ. જીવનમાં એમણે કદી ઈન્જેકશન લીધું નહોતું કે નહોતી કોઈ વિલાયતી દવા પીધી. નિયમિત વ્યાયામ અને મિતાહારને લીધે છેવટ સુધી એમની તબિયત નીરોગી રહેલી.'

દાદાસાહેબ અજાતશત્રુ હતા. તેઓ પોતે કહેતા કે હું અત્રિ ગોત્રમાં જન્મ્યો છું એટલે મારે બધા સાથે મૈત્રીપૂર્વક રહેવું જોઈએ : 'અત્રિગોત્રત્વાત્ મમ સર્વેષુ મૈત્રી.' પોતાના મળતાવડા સ્વભાવને લીધે અનેક પ્રકારના લોકો સાથે બંધુતા કેળવી શકતા. આવી અનેક સંસ્થાઓ માટે સારા વિશ્વાસુ કાર્યકરો એકત્ર કરી શક્યા હતા. એમનામાં વ્યક્તિગત સ્વાર્થ તો હતો જ નહિ, કે નહોતું અભિમાન, કે સત્તાની લાલસા પણ નહોતી. તેઓ સ્વાભિમાની હતા, પણ એમના સ્વાભિમાનમાં તીખાશ નહોતી વિષ્ણુશાસ્ત્રી ચિપળૂણકરના એ પરમ ભક્ત હોવા છતાં એમનાં દુરભિમાન અને તીખાપણું દત્તોપંતમાં નહોતાં.

સાર્વજનિક જીવનમાં એક વિધાયક દૃષ્ટિ રાખવાથી તેઓ પોતાની સંસ્થાઓનો પ્રકર્ષ સાધી શક્યા. કાર્યકરો ને લેખકોને ખૂબ પ્રોત્સાહન આપતા. વ્યવહારમાં ગુણગ્રાહકવૃત્તિને આગળ રાખતા. પોતાની સમસ્ત સંપત્તિ ને કાળજીપૂર્વક એકત્ર કરેલાં દુર્લભ પુસ્તકો, સામયિકો, પુરાતત્ત્વની ચીજો આદિનો મૂલ્યવાન સંગ્રહ એ પોતાની પ્રાણપ્રિય સંસ્થા શિક્ષણ પ્રસારક મંડળીને આપી ગયા છે. એમના વ્યક્તિત્વને જોતાં કવિવર ભર્તૃહરિનો આ શ્લોક એમના માટે પણ વાપરી શકાય તેમ છે :

वदनं प्रसाद-सदनम् सदयं हृदयं, सुधामुचो वाचः ।
करणं परोपकारम् येषां केषां न ते वन्द्याः ॥

એમનું વય ૮૯ વર્ષનું હતું. દશેરાને દિવસે થોડો તાવ આવતાં અનિચ્છા છતાં વાઈ છોડી તેઓ પુણેમાં પોતાના ભત્રીજા નારાયણને ત્યાં આવ્યા. ત્રીજી ઑક્ટોબર (૧૯૭૯)ના બુધવારે બપોર પછી એમને હૉસ્પિટલમાં દાખલ થવા સલાહ આપી, પણ ભત્રીજાના નિવાસસ્થાનની બહાર જવાની ના પાડી. શુક્રવારે ફરી તાવ આવ્યો. રાત્રે ભોજન ન લેતાં તેઓ માત્ર દૂધ જ પી પોતાની પથારીમાં વાંચતા બેઠા. વાંચતાં વાંચતાં જ ઊંઘ આવી, પણ મધરાતે ગરમી લાગતી હોવાની ફરિયાદ સાથે જાગી ગયા. ભત્રીજા-ભત્રીજી દોડી આવ્યાં, ત્યારે એમને ખાંસી ચડી હતી. એમને સૂવડાવીને પાણી આપવા તેઓએ પ્રયત્ન કર્યો પણ ક્ષણાર્ધમાં તો એમણે દેહ છોડી દીધો.

એમની સ્મશાનયાત્રા વખતે પુણેની લગભગ ઘણીખરી સંસ્થાઓએ પુષ્પહાર કરીને દાદાસાહેબને જે અંતિમ માન આપ્યું તે એમની લોકપ્રિયતાનું અને નગરજનોના એમના પ્રતિના ભાવનું દ્યોતક હતું. એમના જવાથી જાગતિક કીર્તિવાળા ઇતિહાસ-સંશોધક, મરાઠી ભાષાના પ્રખર પ્રેમી અને વિદ્વાન શિક્ષણકારની જે ખોટ પડી છે એ જલદી ન પૂરી શકાય તેવી છે. અનેક સંસ્થાઓને એમણે પોતાની વિદ્વત્તાનો લાભ આપી જે તે ક્ષેત્રના કાર્યને વેગ આપ્યો હતો. ભારત ઇતિહાસ સંશોધન મંડળમાં એમણે કરેલું કાર્ય એમની મહત્તાનું સાક્ષી છે. પરંતુ એમના કાર્ય કે કર્તૃત્વની આમ સાક્ષીઓ દેવાની જરૂર જ નથી. 'દત્તો વામન પોતદાર' એ નામની વિસ્તૃત ખ્યાતિ એમના વ્યક્તિત્વની ઓળખ આપવા માટે પૂરતી છે. □

સજા (અનુસંધાન પૃષ્ઠ ૮૮થી) પછી જાણે ભારે પગે કોઈ વરંડામાં ચડી આવ્યું. વળી ઠૅક થયું. ધીસુએ છોડી મૂકેલો હાથી જ હશે. એ ચિડાય ત્યારે બહુ ચીસો પાડવાની એને ટેવ હતી. આ એની જ ચીસો હતી. પણ એ અહીં વરંડામાં કેમ ચડી આવ્યો ? અરે, આ તો બારણાંને ધક્કો મારતો લાગે છે! પોતે અંદરથી વાસેલું બારણું ક્યાં સુધી ટકી શકશે એના ધક્કા સામે ? વળી એક વધુ ધક્કો અને બારણું ભાંગી ગયું. વિરંચીલાલની આંખો બારણાં ભણી તકાઈ રહી. એ જ, કુંદનલાલનો ગંજાવર હાથી ત્યાં ઊભો હતો. ધીમે ધીમે એ નીચે ઊતરી ગયો. જાણે એને જે કરવાનું હતું તે કામ એણે પૂરું કરી લીધું હતું. નીચે ઊતરી જઈ દૂર ઊભો રહીએ સૂંઢ હલાવવા માંડ્યો.

ઊઘડી ગએલા દ્વારમાંથી વિરંચીલાલને સ્મશાનનો રસ્તો હવે સ્પષ્ટ દેખાવા લાગ્યો. અંધારામાં એ રૂપાનાં પતરાં જડ્યાં હોય એમ ચળકતો હતો. વિરંચીલાલની આંખ તેના પર સ્થિર થઈ રહી. એમને લાગ્યું કે દૂરથી કોઈ એક પ્રકાશ ધીરેધીરે નજીક આવી રહ્યો હતો. કોઈ વ્યક્તિ બળતી મશાલ લઈ આગળ ચાલતી હતી અને એની પાછળપાછળ ખાલી નનામી ઉપાડીને ચાર ડાઘુઓ આવતા હતા : 'રામ બોલો, ભાઈ રામ! રામ બોલો, ભાઈ રામ!' વિરંચીલાલ એ સાંભળી રહ્યા. હવે તેઓ બહુ પાસે આવી પહોંચ્યા હતા. વિરંચીલાલે એમને ઓળખ્યા. ... ના હાથમાં મશાલ હતી એ હતાં કાંચનમાલા અને ડાકુઓ જેમણે નનામી ઊંચકી હતી, એ હતા પેલા ચાર બરકંદાજ દરવાનો. અને એમની પાછળપાછળ આલ્સેશીઅન કૂતરો પણ આવતો હતો. વિરંચીલાલના સમગ્ર શરીરમાં એક ઠંડી ધ્રુજારી પ્રસરી ગઈ. એમના પગ થરથર કાંપવા લાગ્યા. હાથીએ ભાંગી નાખેલી વંડીની દીવાલના બાંકોરામાં થઇને એ બધાં અંદર આવ્યાં. હાથીએ સૂંઢ ઊંચી કરીને મશાલધારિણી કાંચનમાલાને સલામ કરી. ઘરમાં દાખલ થતાં જ કૂતરો વિરંચીલાલ પર કૂદી પડ્યો.

પોતાના પર ઢાંકેલો ટુવાલ ખસેડીને છબીમાંના કુન્દનલાલે પોતાના બરકંદાજોને હુકમ કર્યો. 'એની ડોક મરડીને પીઠ ભણી ફેરવી નાખો.' એકસામટા એ ચારેય જણ વિરંચીલાલ પર તૂટી પડ્યા. અને કુન્દનલાલના હુકમની બજવણી પૂરી કરી. લબડતી ડોકવાળા વિરંચીલાલના શબને પેલી નનામીમાં નાખી તેઓ બહાર નીકળી ગયા. અંધકારને સ્પંદિત કરતા દ્રુતતાલે ધ્વનિત થતા શબ્દો ફેલાઈ રહ્યા : 'રામ બોલો, ભાઈ રામ! રામ બોલો, ભાઈ રામ! રામ બોલો, ભાઇ રામ!...'

બીજે દિવસે વિરંચીલાલ ઘરની ભોંય પર ઊંધે માથે મરેલા પડ્યા હતા. એમના ખંડનું બારણું સલામત હતું, વંડીની દીવાલ પણ. □

'બનફૂલ'ની એક વાર્તા

સજા

અનુવાદક · સુકન્યા ઝવેરી

સાંજનો અંધકાર વધુ ને વધુ ગાઢ થઈ રહ્યો હતો. તેમાં પાછાં આકાશમાં ઘનઘોર વાદળો ઘેરાયાં હતાં. ટપટપ કરતાં વરસાદનાં ફોરાં પડતાં હતાં. ઠંડો પવન સુસવાટા મારી રહ્યો હતો. આવા તોફાની વાતાવરણમાં પગપાળા ચાલ્યા આવતા વિરંચીલાલ ગામનો મુખ્ય રસ્તો વટાવીને એક વિશાળ બાગમાં પ્રવેશ્યા. હવે એ બાગ એમની સંપત્તિ બની ચૂક્યો હતો.

એમના દાદા કુંદનલાલે ખૂબ હોંશથી એ બાગ બનાવ્યો હતો. એની પચાસ વીઘાં જમીનમાં આંબા, જાંબુડા, ફણસ, લીંચી, જામફળી, બદામ, સીતાફળી, સફેદ જાંબુ, વિલાયતી આમળાં, બોર વગેરેનાં ઝાડ હતાં. કુંદનલાલ બાગાયતના ખૂબ શૉખીન અને હોંશિલા માણસ હતા. નાગલિંગ, ચંદન અને હિંગનું ઝાડ પણ એમણે આ બાગમાં રોપ્યું હતું. એ ગરીબીમાં ઊછરેલા, પણ ઉદ્યમ અને પુરુષાર્થથી એ પુરુષસિંહે પુષ્કળ પૈસો જમા કર્યો હતો. અહીંની એ બધી અસ્કયામત એમણે જાતે રળેલી હતી. પરંતુ આ દેશમાં સિંહ હોય એનું જે થાય તે જ એમનું પણ થયું. શિયાળોની એક ટોળી હમેશાં એમની પાછળ મંડી પડેલી. બધાં જ સગાંવહાલાં ધીમેધીમે એમનાં દુશ્મન બની ગયાં હતાં. સમાજમાં કોઈ મોટું થાય કે એનું બૂરું કરવા અમુક લોકો કોશિશ કરવા માંડે જ છે. અને સીધું નુકસાન કરી ન શકે તો પછી પાછળથી સાચીખોટી વાતો ઉડાડી નિંદા કરે છે. કુંદનલાલને માટે પણ એવું જ બન્યું. પણ એ તો ખરેખર સિંહ હતા. એ કોઇને ય ગણકારતા જ નહિ. તેમની પડખે ચડવાની પણ કોઈ હિંમત કરતું નહિ.

એક દિવસ એમનાં પત્ની કાંચનમાલા પોતાની બહેનને ઘેર જમવા ગયાં હતાં. પાછા ફર્યા બાદ તુરત એમની તબિયત બગડી અને બેએક દિવસ પછી મૃત્યુ પામ્યાં. ડૉક્ટરોને સંદેહ પડયો હતો કે કોઈ કાતિલ ઝેરની અસરથી મૃત્યુ થયું હતું. કુંદનલાલે પોતાના ભત્રીજા વિરંચીલાલને કાંચનમાલાની જોડે મોકલ્યો હતો. કાંચનમાલાના ભોજન અંગેની જવાબદારીનો ભાર એની ઉપર જ હતો. પત્નીના અવસાન પછી કુંદનલાલે ફરી લગ્ન કર્યાં જ નહિ. પોતાની અને મિલકતની સલામતી માટે એમણે દૈત્ય જેવા ચાર બરકંદાજ ચોકીદાર રાખ્યા હતા. એક મોટો આલ્સેશીઅન કૂતરો પણ પાળેલો. પરંતુ બધાં યે જ્યારે છએક મહિનાના ગાળામાં એક પછી એક માર્યા ગયા ત્યારે કુંદનલાલના મનમાં ચિંતા પેઠી. ડૉક્ટરને પણ વહેમ આવ્યો કે આ લોકોને પણ કદાચ કોઇએ ઝેર દઇને માર્યા હશે. તેમણે કહેલું પણ ખરું; 'તમારા જ ઘરમાં તમારું કોઈ નજીકનું જ તમારું દુશ્મન લાગે છે, તમે સાવધ રહેજો.' સાંભળીને કુંદનલાલ થોડીવાર ગૂમસૂમ બેસી રહ્યા. પછી વિરંચીલાલને બોલાવીને કહ્યું: 'હરિચરણબાબુને તેડાવ. મારે એમની સાથે બહુ જરૂરી વાત કરવી છે.'

હરિચરણબાબુ કુંદનલાલના વકીલ હતા. વીસેક માઈલ દૂર રહેતા. હાથી મોકલીને એમને તેડાવ્યા. તેઓ આવ્યા એટલે કહ્યું: 'હું હવે અહીં રહેવા ઇચ્છતો નથી. દેશપરદેશ ફરવા જવાનો છું. યુરોપ–અમેરિકા જોવાની ઇચ્છા છે. બૅંકમાં મારી જે મૂડી છે તેનાથી જ મારું બાકીનું જીવન વીતી જશે, અને અહીંની સંપત્તિ શ્રી રામકૃષ્ણ મિશનને દાન કરી જઈશ. તમે એ રીતની વ્યવસ્થા જલદીથી કરી નાખો.'

વાતચીત દરમિયાન હરિચરણબાબુએ એ પણ કહ્યું: 'તમારા ઘરમાં ઉપરાઉપરી આટલાં બધાં મરણ થયાં અને તમે નિર્વિકાર બની બેસી કેમ રહ્યા? પોસ્ટમોર્ટમ કરાવી પોલીસ-કેસ કરાવવો જોઇતો હતો. અહીંના દારોગાસાહેબ તમારું માન રાખે છે એટલે જ એમણે કંઈ પગલાં લીધાં નહિ. પણ મને લાગે છે કે એમણે કંઈક તો કરવું જોઇતું હતું.'

'ઘરની બદનામી બહાર ગવાય એથી શો લાભ થાત?' કુંદનલાલે પૂછ્યું, અને ઉમેર્યું: 'જેઓ મરી ગયા એ ફરી જીવતા થાત? યોગ્ય સમયે ભગવાન ન્યાય કરશે જ. ખેર, તમે એ બધી ચિંતા છોડી દો. અને મેં કહ્યું તે પ્રમાણે દાનનો એક દસ્તાવેજ કરી નાખો જલદી જલદી.'

'તમારા ભત્રીજા વિરંચીલાલને કંઈ આપવાનું નથી?' હરિચરણબાબુએ પૂછ્યું. કુંદનલાલ કશું જ બોલ્યા વિના વકીલબાબુ સામે તાકી રહ્યા. લાગ્યું જાણે હમણાં જ એમના ડોળા બહાર નીકળી પડશે. પછી કહે: 'ના, એને કંઈ જ આપવાનું નથી. અહીંની બધી અસ્કયામત મિશનમાં જ આપવાની છે.' હરિચરણબાબુ જવા માટે ઊભા થયા. બાજુના ઓરડામાં છુપાઇને કાન માંડી ઊભેલો વિરંચીલાલ એકદમ ત્યાંથી ખસી ગયો. પણ બીજા જ દિવસે કુંદનલાલનું પણ એકાએક મૃત્યુ થયું. જમ્યા પછી પેટમાં અસહ્ય દુખાવો ઊપડયો, લોહીની ઊલટી થઈ અને થોડા જ સમયમાં એમની આંખ મિચાઈ ગઈ. ડૉક્ટરને શંકા પડી જ કે એમને સોમલ અપાયું હશે. પણ કુંદનલાલનું મરણ થતાં જ તાબડતોબ વિરંચીલાલે એમની લાશને અગ્નિદાહ દઈ દીધો. રૂપિયાના જોરે પોલીસ ને ડૉક્ટરનાં મોં બંધ થઈ ગયાં.

વિરંચીલાલ અદાલતમાંથી જ પાછા ફરતા હતા. તેઓ જ હવે કુંદનલાલની સંપત્તિના વારસદાર ધણીરણી હતા. આ બાબત કાયદેસર રીતે પાકી કરીને જ તેઓ આવ્યા હતા.

હરિચરણબાબુએ જ બધું ઠીક કરી દીધું હતું. તેમણે જ કહ્યું હતું: 'કુંદનલાલબાબુ વિલ કરતા ગયા નથી એટલે કાયદેસર તમે જ એમના વારસદાર ગણાઓ. આ અંગે કોઈ ગોલમાલ થઈ શકે નહિ.' અને ગોલમાલ થઈ પણ નહિ. વિરંચીલાલ હરિચરણબાબુને તેમની ફી ઉપરાંત પણ મોટી રકમની ભેટ આપવા પણ ગયા હતા, પરંતુ હરિચરણે એ લીધા નહિ. ગંભીરતાથી વિરંચીલાલ સામે જોઈ બોલ્યા હતા: 'હું કંઈ હોટેલનો નોકર નથી. મને 'ટિપ' આપવાની જરૂર નથી.'

વિરંચીલાલ બગીચામાં થોડું જ ચાલ્યા હશે ત્યાં એકાએક વરસાદનું ઝાપટું તૂટી પડયું ને જોરદાર પવન ફૂંકાવા લાગ્યો. વિરંચીલાલે ઝડપભેર પગ ઉપાડયા પણ જરા આગળ જતાં જ અચાનક અટકવું પડયું. એક જબરદસ્ત આંબાની ડાળ એમનો રસ્તો રોકી રહી હતી. જાણે એક વિરાટ હાથ ઝંઝાવાતની ભાષામાં એમને આગળ ન વધવા કહી રહ્યો હતો. પણ વિરંચીલાલ આડી આવેલી ડાળ વટાવીને આગળ વધ્યા. મનમાં થયું જાણે આખો યે બાગ ખિજવાઈ ગયો હતો. જરા દૂર ગયા ત્યાં ફણસની એક મોટી ડાળ લગભગ એમના ઉપર જ તૂટી પડી. સહેજમાં જ એ બચી ગયા. વિરંચીલાલે હવે તો દોડવા જ માંડયું. સુસવતી આંધી વધુ ઉન્મત્ત બનતી જતી હતી. પવનનું જોર વધી રહ્યું હતું. વિરંચીલાલના મનમાં થયું કે ચીસો પાડતા પાડતા કોઈ એમનો પીછો કરી રહ્યા હતા. ગરદન ફેરવી એમણે પાછળ જોયું. અંધકારમાં બરાબર કશું દેખાયું તો નહિ, પણ છતાં એમને લાગ્યું કે જાણે બાગનાં બધાં ઝાડ એમની પાછળ પડયાં હતાં. લીંચી, ચીકુ, જામફળી, લીંબુ... બધાં જ જાણે એમની પાછળ દોડતાં હતાં, કોઇ લથડિયાં ખાતાં, કોઈ શરાબીની જેમ, કોઈ પાગલની માફક, કોઈ રાક્ષસની પેઠે એમની પાછળ દોડી રહ્યાં હતાં. ના, આ બાગને જલદીથી પાર કરવો જ રહ્યો. ફરી એમણે દોડવા માંડયું. દ્રાક્ષના ભાંગી પડેલા એક માંડવામાંની વેલે ઝપટ મારીને જાણે એમને પકડી લીધા. ખિસ્સામાંથી ચપ્પુ કાઢી એમણે ઑક્ટોપસના ભરડા જેવી એ વેલની જાળ કાપવા માંડી. જાળ કાપીને હજી એ દોડવા માંડે ત્યાં જ પીઠ પર ધડ કરતું એક બિલું

આવી પડયું. સારું થયું માથે ન પડયું. વિરંચીલાલ દોડવા માંડયા. ગુસ્સાથી એમનું અંગ જલી રહ્યું હતું.

પોતાના આગમનની અગાઉથી ખબર મોકલ્યા છતાં સ્ટેશન પર એમને લેવા ન તો કોઈએ અહીંથી હાથી મોકલ્યો હતો કે ન પાલખી. મનોમન એમણે નક્કી કરી લીધું કે કાલે સવારે જ એ એમના નાયબ (મહેતા)ને નોકરીમાંથી કાઢી મૂકશે. કહેવડાવ્યા છતાં કોઈ સ્ટેશને આવ્યું નહિ. અને હવે શી ખોટ હતી એમને ? હાથી છે, ઘોડા છે, પાલખી છે, બળદગાડું પણ છે. એમને આ તોફાનમાં પાંચ કોસ ચાલીને આવવું પડયું ! આમાંનું કોઈ સ્ટેશને આવ્યું નહિ. અંતે બાગ પૂરો થયો ને ખુલ્લું મેદાન આવ્યું. એ મેદાનમાંના રસ્તાના છેડે પોતાનું ઘર હતું, અને બીજી તરફ એક છેડે એકાદ માઈલ દૂર હતું અહીંનું સ્મશાન—ભૂતેશ્વર મહાદેવનું વિખ્યાત સ્મશાન.

બાગ છોડીને મેદાન પર આવી પહોંચતાં જ વિરંચીલાલને પંદર દિવસ પહેલાં જ આ જ રસ્તે થઈને કુંદનલાલે કરેલી મહાયાત્રા યાદ આવી. વિરંચીલાલનું મોં જરા મલકી ગયું. રામકૃષ્ણ મિશનને આ બધું દાન કરી દઈને પુણ્ય મેળવવા જેટલો સમય પણ એ સજ્જન મહાશયને મળ્યો નહિ. પળભર ઊભા રહી વિરંચીલાલ એ રસ્તા સામે તાકી રહ્યા. સીધો સ્મશાન ભણી જ એ ચાલ્યો જતો હતો. પણ જોતાં જ એમનાં ભવાં સંકોચાઈ ગયાં. આટલા અંધકારમાં યે આ રસ્તો આટલો સ્પષ્ટ કેમ દેખાતો હતો ? મનમાં થયું જાણે એક મહાકાય સફેદ સાપ વાંકો-ચૂંકો સ્મશાન ભણી જઈ રહ્યો હતો.

ઘર સુધી પહોંચીને જેવા એ પગથિયાં ચડયા કે વરંડાના પેલે છેડે ગોવિંદ હો હો કરતો જોરથી રડવા લાગ્યો. ગોવિંદ અહીંનો જૂનો નોકર હતો. એને લકવો થયો હતો. એનાથી કંઈ કામ થઈ શકતું નહિ, પણ જૂના માણસ તરીકે કુંદનલાલ એના કુટુંબને નિભાવતા રહેલા. મોટે ભાગે વરંડાના એક ખૂણે ગોવિંદ પડયો રહેતો. વિરંચીએ ત્યાં જઈને જોયું તો ગોવિંદની બુઢ્ઢી વહુ તેની પાસે બેઠી રડતી હતી. વિરંચીએ ઘાંટો પાડીને પૂછયું: 'સ્ટેશન પર કેમ કોઈ ન આવ્યું ? નાયબબાબુ ક્યાં છે?'

ગોવિંદની વહુ નીચી મૂંડી રાખીને જ બોલી : 'નાયબબાબુ હવે નહિ આવે. એ નોકરી છોડીને ચાલ્યા ગયા છે.'

'ધીસુ ક્યાં ? અને હરિયો ?' ધીસુ હાથીનો મહાવત અને હરિયો ઘોડાનો સાઈસ હતો.

'તેઓ પણ નોકરી છોડી ગયા છે.' ને પછી વધુ ઉમેરતાં ગોવિંદની વહુએ એ પણ કહ્યું : 'પાલખીના ભોઈ લોકો પણ આવવાની ના પાડી ગયા છે, ને ગોવર્ધન ગોવાળ પણ હવે નથી આવવાનો.'

'તો પછી હાથી, ઘોડા, બળદ, ગાય એ બધાંને ઘાસચારો પણ નહિ મળ્યો હોય.'

'એમને છૂટા મૂકીને સૌ ગયા છે. એ બધાં બાગમાં ચરી ખાય છે...'

વિરંચીલાલ બરાડી ઊઠયા : 'ત્યારે તમે બંને કોનો પિંડ વાળવા બેસી રહ્યાં છો અહીં ?'

'અમેય હવે અહીં રહેવાનાં નથી. મારો દીકરો ગામમાંથી ડોળી લાવવા ગયો છે. એ આવે એટલે અમે પણ જઈએ જ છીએ.' ગોવિંદની વહુ બોલી : 'તમારા માટે થોડી રોટલી, દમ આલુ અને ખીર કરી રાખ્યાં છે. તમારા સૂવાના ઓરડામાં એ બધું ઢાંકી મૂક્યું છે.'

વિરંચીલાલ આ બધું સાંભળી સ્તંભિત બની ગયા. એ પછી એ પોતાના ઓરડામાં ગયા અને બત્તી પેટાવી. બત્તીનું અજવાળું થતાં જ સામી ભીંતે જડેલા કુંદનલાલના ઑઈલ પેઇન્ટિંગ (છબી) પર એમની નજર પડી. એ જ મોટો ગોળ ચહેરો, મોટીમોટી આંખો. લાગતું હતું જાણે હમણાં બહાર નીકળી આવશે. વિરંચીલાલે પહેલાં કોઈ દિવસ ધ્યાન દીધું નહોતું, આજે જોયું તો જાણે કુંદનલાલના મુખભાવમાં એક નિર્વાક વિસ્મય મૂર્ત થએલું હતું અને તેની સાથે એક દાબેલા હાસ્યની આભા પણ. ભવાં સંકોચી એ થોડી વાર છબી સામે જ તાકી રહ્યા. એ છબીને કાલે પોતે અહીંથી ખસેડાવી લેશે એવો વિચાર કરતા એ ઈઝી ચૅર પર લાંબા થયા. સાચે જ તેઓ ખૂબ થાકી ગયા હતા. એકાએક એમની નજર પોતાનાં વસ્ત્રો પર પડી. લોહીના ડાઘાઓથી એ અહીં-તહીં ખરડાયાં હતાં. પહેરણ પણ જરાક ફાટી ગયું હતું. પેલી ઝાડની ડાળ તૂટી પડી હતી તેથી જ લાગે છે. એ જરા અન્યમનસ્ક થઈ ગયા.

એવામાં બહારથી પગલાંનો અવાજ સંભળાયો. એક કરતાં વધુ લોકો લાગતા હતા. એમની ગુસપુસ વાતોનો ગણગણાટ પણ સંભળાતો હતો અને વરંડામાં ફાનસનો આછો પ્રકાશ પણ દેખાતો હતો.

વિરંચીલાલ સફાળા ઊભા થઈ બહાર ઓસરીમાં દોડી આવ્યા. લોકોનું નાનકડું ટોળું ઊભું હતું: 'કોણ ?' એમણે ધ્રૂજતા અવાજે પૂછયું.

'અમે ગોવિંદને લેવા આવ્યા છીએ...'

વિરંચીલાલ નિસ્તબ્ધ બની ઊભા રહ્યા. બહુ સમયના એ જૂના નોકરને ડોળીમાં નાખી એ લોકો ઊપડયા. પાછળપાછળ ગોવિંદની પત્ની પણ ગઈ. ગોવિંદની એ વહુએ જ એમને મોટા કર્યા હતા. વિરંચીલાલ એમને રોકવા કશું બોલી ન શક્યા. એક અદૃશ્ય હાથે જાણે એમનું ગળું ભીંસી રાખ્યું હતું. ગળામાંથી અવાજ ન નીકળ્યો. મેઘાચ્છન્ન આકાશમાંથી એક દબાએલા ગડગડાટનો અવાજ સાંભળીને અચાનક એ ભાનમાં આવ્યા. એમને થયું કે પોતાને અતિશય ભૂખ લાગી હતી. સવારે ખાધું હતું એ જ. એ પછી તો આખો દિવસ ભૂખ્યા રહેલા ને અત્યારે પાંચ કોસની ટાંટિયાતોડ કરવી પડી હતી તે જુદી.

પોતાના ઓરડામાં પાછા ફરી ગોવિંદની વહુએ ઢાંકી રાખેલી થાળી પર એ તૂટી પડયા. ભોંય પર પાથરણું પાથરીને બેસવાની યે ધીરજ નહોતી રહી હવે. જમીન પર ઊભડક જ બેસી એ કોળિયા ભરવા માંડયા. કેટલી રાત વીતી હશે ? વિરંચીલાલે ભીંતે લટકતી ઘડિયાળ તરફ જોયું. ઘડિયાળ ચાલતી નહોતી પણ હસતી હતી. એક અદ્ભુત ચકચકિત હાસ્ય એના મોટા ડાયલમાંથી ચારે બાજુ ફેલાતું હતું. કુંદનલાલની છબી તરફ એમની નજર ગઈ. એ છબીની નજર તેમનાથી સહેવાતી નહોતી. એક મોટો ટુવાલ લઈ એમણે છબી ઢાંકી દીધી. ઓરડાનાં બધાં બારીબારણાં પણ વાસી દીધાં. છતાં લાગતું હતું કે ક્યાંકથી હવા અંદર પેસતી હતી. છબી પર ઢાંકેલો ટુવાલ હલતો હતો. વિરંચીલાલને ડર લાગવા માંડયો. ટુવાલની આડમાંથી કુંદનલાલ ડોકિયું તો નહિ કરે ને ! ઘરમાં ત્રણ બત્તી બળતી હતી. એક પેટ્રોમૅક્સ અને બે જ્યુએલ લૅમ્પ. છતાં ઘરમાંથી અંધકાર ખસતો નહોતો. ઊલટું લાગતું હતું કે એ વધુ ઘેરો બન્યો હતો. એમને ઊંઘ આવતી નહોતી. ટેબલ પર એક પંચાંગ પડયું હતું, તે ઉપાડી એ વાંચવા લાગ્યા. કદાચ એમ કરવાથી ઊંઘ આવી જાય. અચાનક એમનું ધ્યાન ગયું, આજ શનિવાર અને અમાવાસ્યાની રાત હતી. એકાએક એ બિછાના પરથી કૂદી પડયા. ચારે દિશાને અજવાળી દેતો વીજળીનો એક ભયાનક કડાકો થયો. આજ આ બધું શું બની રહ્યું છે ! એવામાં દબડાક દબડાક અવાજ સંભળાયો. પોતે કંઈ સમજી શકે એટલામાં તો હીં હીં કરતો ઘોડાઓનો હણહણાટ કાને પડયો. પેલા બાગમાં છોડી મૂકેલા ઘોડાઓની જ આ ડબડાટી હતી. જે તરફથી અવાજ આવતો હતો એ તરફ મેદાન હતું. દક્ષિણ બાજુનાં બારણાં ઉઘાડવાથી એ જોઈ શકાતું. પણ વિરંચીલાલથી એ બારણાં ખોલવાનું સાહસ થઈ શક્યું નહિ. બારણાં ખોલવાથી મેદાન જ નહિ, ભૂતેશ્વરના સ્મશાનનો રસ્તો પણ ત્યાંથી દેખાતો હતો.

ફરી એક વાર ભયંકર કડાકો થયો. એ વીજ-ઝબકારથી ઝબકી જઈ ફરી બધું જ નિસ્તબ્ધ થઈ ગયું. સર્વત્ર એક અજબ સન્નાટો છવાઈ ગયો.

અચાનક કૅંક કરતો એક તીણો અવાજ સંભળાયો. (અનુ. પૃ. ૮૧)


એસ. વૅંકટરાઘવન


બિશનસિંગ બેદી


બી. એસ. ચંદ્રશેખર


ઈ. એ. એસ. પ્રસન્ના

એક યુગનો અંત

લેખક · ભરત ના. ભટ્ટ

'ઈન કમ્સ બેદી, મુવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ...'
'ઈન કમ્સ ચંદ્રશેખર, મુવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ...'

છેલ્લાં ચૌદ-પંદર વર્ષથી કાને પડતા આ શબ્દો હવે કદી નહિ સંભળાય! ભારતની જાણીતી સ્પિન-ચતુષ્ટયી—પ્રસન્ના, ચંદ્રશેખર, વૅંકટરાઘવન્ અને બેદીની ટેસ્ટ-વિદાયથી સમગ્ર ટેસ્ટ-ઇતિહાસના એક વિશિષ્ટ યુગનો અંત આવ્યો છે. બોલરો સામાન્ય રીતે જોડીમાં જ મેદાને પડે છે, પરંતુ એક સાથે ચાર બોલરોનું આવું દીર્ઘ અને સઘન પ્રભુત્વ, આવું એકચક્રી સામ્રાજ્ય જગતના ટેસ્ટ ઇતિહાસમાં 'ન ભૂતો' છે, અને 'ન ભવિષ્યતિ' રહેશે.

તવારીખને હાથેવળગે છે ત્યાં સુધી જાન્યુ. ૧૯૬૨થી ઑક્ટો. '૭૯ સુધીની—લગભગ ૧૮ વર્ષની તેમની સંયુક્ત કારકિર્દી. '૬૨ના આરંભથી '૬૭ના આરંભ સુધીમાં તેઓએ પોતાને સ્થિર કરી દેસાઈ, દુરાની, નાડકર્ણી અને બોર્ડેના હાથમાંથી બોલિંગનો બોજો પોતાના હાથમાં લીધો. આ તેમનો આરોહણકાળ. '૬૭ના મધ્ય જાન્યુઆરીમાં મદ્રાસ ખાતેની ત્રીજી અને છેલ્લી ટેસ્ટમાં પ્રસન્ના, બેદી અને ચંદ્રએ સોબર્સ અને તેની માતબર વેસ્ટ ઈન્ડીઝ ટીમને હારના ઓળા દેખાડ્યા તે તેમનો સાચો પ્રવેશ. ત્યારથી '૭૭–'૭૮ના ઑસ્ટ્રેલિયાના પ્રવાસ સુધી, લગભગ ૧૧ વર્ષ તેઓનું અનન્ય પ્રભુત્વ રહ્યું જે તેમનો સામ્રાજ્યકાળ અને '૭૮ના અંતમાં ભારત-પાક સીરીઝથી '૭૯ના ઑક્ટોબર સુધીમાં તેમણે બોલિંગની જવાબદારી ધાવરી, કપિલદેવ, યાદવ અને દોશીને સોંપી, આ તેમનો અવરોહણકાળ.

ઉક્ત અગિયાર વર્ષના તેમના પ્રભુત્વકાળમાં ભારત ૧૫ સીરીઝમાં ૬૦ ટેસ્ટ મૅચ રમ્યું જેમાં ભારતીય બોલરોએ ઝડપેલી કુલ ૮૯૨ વિકેટોમાંથી ૬૮૪ વિકેટો આ ચાર સ્પિનરોએ જ લીધી જે ૭૬% થાય છે. આ સ્પિન-ચતુષ્ટયીનો બોલિંગનો ઈજારો એટલો સુદૃઢ હતો કે આ લાંબા ગાળામાં બીજો કોઈ સ્પિનર ભારત વતી બોલિંગક્રીઝ પર ડોકાયો સુધ્ધાં નથી. વી. વી. કુમાર અને પી. કે. શિવાલકર જેવા, ખરેખર ટેસ્ટ કક્ષાના જ, સ્પિનરોને પણ કોઈએ સંભાર્યા નથી! આ ગાળામાં ૧૦ સીરીઝોમાં સ્પિન-ચતુષ્કએ ૭૦% કરતાં વધુ વિકેટો ઝડપી છે, જેમાં ચાર સીરીઝમાં તો ૯૦% કરતાં પણ વધારે. વાસ્તવમાં સ્પિન ચતુષ્ટયીને બાદ કરતાં આ ગાળાનો એવો કોઈ ભારતીય બોલર નથી જેણે ૫૦ ટેસ્ટ વિકેટો લીધી હોય. મા. એસ. અબિદઅલી (૪૭ વિકેટ) તેમની સૌથી નજીક છે. ભારતે પોતાના ૩૧ ટેસ્ટ વિજયોમાંથી ૧૯ વિજયો તો આ ગાળામાં જ મેળવ્યા છે. આ ગાળામાં સ્પિન-ચતુષ્કે સિમ્પસન, ઈઆન ચૅપલ, વૉલ્ટર્સ, રેડપાથ, સોબર્સ, કન્હાઈ, લૉઈડ, કાલીચરણ, એડ્રીચ, ઍમિસ, ટૉની ગ્રેગ, કૉગ્ડન અને ટર્નર જેવા ખ્યાત અને સ્પિન બોલિંગના ધ્વંસક બૅટ્સમેનોને મુંઝવ્યા છે. સ્ટેકપોલ, રેડપાથ ચૅપલ અને વૉલ્ટર્સ જેવાની ટીમ, ૨૯ રનમાં ૬ વિકેટો ગુમાવે તે તો રૉબર્ટ્સ, હોલ્ડિંગ માટે પણ અકલ્પ્ય હશે. '૭૪–'૭૫ની કલકત્તા ટેસ્ટમાં ક્લાઈવ લૉઈડનું બૅટ હજી ઊંચું જ થયું ને ચંદ્રશેખરે ટૉપસ્પિન દ્વારા વચલી દાંડી કાઢી નાખી હતી એ લૉઈડ આવતા ભવે યે નહિ ભૂલે.


આપણા સ્પિનરોના પ્રભુત્વને સ્પષ્ટ કરવા એક સરખામણી કરીએ. ઈ. ૧૯૭૪ના અંતથી '૭૬ના આરંભ સુધીમાં ઑસ્ટ્રેલિયા ત્રણ સીરીઝમાં ૧૬ ટેસ્ટો રમેલું. આ ટેસ્ટોમાં તેના ખ્યાતનામ ઝડપી બોલરો લિલી, ટૉમ્સન, વૉકર અને ગિલમૂરે મળીને ૭૯ ટકા વિકેટો લીધી હતી. તેમની આ ટકાવારી માત્ર દોઢ વર્ષના ગાળાની છે અને તેઓ પોતાને અનુકૂળ પીચો પર જ આ ટેસ્ટો રમેલા. ભારતીય સ્પિનરોની ટકાવારી (૭૬–૬૮) ૧૧ વર્ષના લાંબા ગાળા સુધી જળવાયેલી છે ને બધા દેશોની અનુકૂળ-પ્રતિકૂળ પીચો પર બોલિંગ કરીને તેમણે આ ટકાવારી આપી છે. આમાં અસાધારણ બૅટિંગના કૌવતનો સાથ હોત તો?

તેમના આ પ્રભુત્વકાળમાં નબળી પળો પણ આવી. '૭૪નો ઇંગ્લૅન્ડનો પ્રવાસ સરિયામ નિષ્ફળતાની કથા છે ને તેનાં કારણો પણ છે. લાંબા પરિશ્રમ પછી '૭૮માં પાકિસ્તાન સામે તેમનો થાક પણ વરતાએલો.

આ લેખમાં આગળ ચારે ય સ્પિનરોનો પરિચય આપ્યો છે. તેઓ સ્પિનરો હોવા છતાં તે દરેકની આગવી વિશેષતા ને આગવું ક્ષેત્ર હતાં. આ ઉપરાંત તેઓની કારકિર્દીને રજૂ કરતા બે ગ્રાફ તેમ જ એક કોઠો પણ આપ્યો છે. એ બધા થકી તેઓનો સાચો પરિચય આપણને મળશે.

આંકડાઓ દર્શાવતા કોઠામાં क વિભાગમાં બે બાબત સ્પષ્ટ થશે. એક કે વેધકતાની દૃષ્ટિએ એ ચારનો ઊતરતો ક્રમ આવે છે: ચંદ્ર, બેદી, પ્રસન્ના ને રાઘવન. બીજી બાજુ બેદી સૌથી વધુ 'ઇકોનોમિકલ' સાબિત થાય છે ને પછી અનુક્રમે રાઘવન, પ્રસન્ના અને ચંદ્ર આવે છે. બેદીમાં બંને ક્ષમતા નોંધપાત્ર પ્રમાણમાં છે તે ધ્યાન ખેંચે છે.


રૉક-બોલર ચંદ્રશેખર અને સ્ટૉક બોલર રાઘવન વચ્ચે સમાએલી આ સ્પિન-ચતુષ્ટયીનું ક્રિકેટ-ઇતિહાસમાં શું સ્થાન રહેશે? ચંદ્ર, પ્રસન્ના અને બેદી પોતપોતાનાં આગવાં બોલિંગ ક્ષેત્રના ઉત્તમ કલાકારો તરીકે અમર રહેશે. રાઘવન ભારતના આજ સુધીના બોલરોમાં સૌથી વધુ એકયુરેટ સ્પિન બોલર ગણી શકાય. લાંબા ગાળા સુધી ક્રિકેટ-ઇતિહાસે



PLAYED BY																									
Bedi	-	-	-	-	-	2	3	2	4	3	5	5	3	5	3	4	2	4	3	5	5	3	3	3	-
Venkat	-	-	-	-	4	2	1	-	-	2	5	5	3	2	-	2	1	3	3	1	1	-	6	4	3
Chandra	-	-	4	2	2	3	3	2	-	-	-	-	3	5	2	4	3	4	3	5	5	3	4	1	-
Pra'nna	1	1	-	-	-	1	3	4	4	3	5	3	-	3	2	5	3	1	-	4	4	2	-	-	-
TOTAL TESTS	5	5	5	3	4	3	3	4	4	3	5	5	3	5	3	5	3	4	3	5	5	3	6	4	6
OPPONENT	E	WI	E	A	NZ	WI	E	A	NZ	NZ	A	WI	E	E	E	WI	NZ	WI	NZ	E	A	P	WI	E	A
SERIES	61-2	62	63-4	64	65	66-7	67	67-8	68	68-9	68-9	71	71	72-3	74	74-5	75-6	76	76-7	76-7	77-8	78	78-9	79	79

આ આકૃતિમાં ભારતની સ્પિન-ચતુષ્ટયી (બેદી, વેંકટરાઘવન. ચંદ્રશેખર અને પ્રસન્ના)ની કારકિર્દી આલેખવામાં આવી છે. તેઓ પોતાની સંપૂર્ણ કારકિર્દી દરમિયાન કઇ સીરીઝમાં કેટલી ટેસ્ટ-મૅચ રમ્યા તે આંકડામાં અને કેટલી વિકેટો લીધી તે આલેખ દ્વારા બતાવ્યું છે. આલેખની રેખાઓ આ રીતે સમજવાની છે: અખંડ રેખા પ્રસન્ના, ખંડિત રેખા ચંદ્રશેખર, ખંડિત રેખા વચ્ચે ટપકાં વેંકટરાઘવન અને લઘુરેખાઓ વડે છેદાતી અખંડ રેખા તે બેદીએ લીધેલી વિકેટો દર્શાવે છે.

(આલેખક: ભરત ના. ભટ્ટ)



સ્પિન-ચતુષ્ટયીએ તેમની સંયુક્ત કારકિર્દીનાં મહત્ત્વનાં વર્ષોમાં સાથે મળીને ભારત વતી સીરીઝ વાર કેટલા ટકા વિકેટો ઝડપી તે દર્શાવતો આલેખ. (આલેખક: ભરત ના. ભટ્ટ)

તેમની નોંધ લેવી પડશે. સ્લો-સ્પિન બોલિંગનું આવું વૈવિધ્યપૂર્ણ અને ઉમદા દર્શન હવે પછી કોઈ કરાવી શકશે? રામ જાણે! ભારત જ નહિ, સમગ્ર જગતે તેમનો આભાર માની તૃપ્તિનો ઓડકાર ખાવો જોઇએ. આપણા સૌ વતી ભારતની એ સ્પિન-ચતુષ્ટયીને અશેષ અભિનંદન.

પ્રસન્ના

સ્પિનરોમાં ચારેય વય ને અનુભવમાં જ્યેષ્ઠ એવા એરાપલ્લી અનંતરાવ શ્રીનિવાસ પ્રસન્ના (જન્મ: ૨૨-૫-૧૯૪૦: મૈસુર)ની ટેસ્ટકારકિર્દીના ત્રણ તબક્કા છે. ૧૯૬૧-૬૨માં અનુક્રમે ઇંગ્લૅન્ડ-વેસ્ટ ઈન્ડીઝ સામે તેઓ એકએક ટેસ્ટ રમ્યા. એવામાં અચાનક પિતાનું અવસાન થતાં, અભ્યાસ અને કૌટુંબિક ફરજોમાં અટવાતાં તેઓને ટેસ્ટ દુનિયાથી દૂર રહેવું પડ્યું. પણ પોતાનો ઇલેક્ટ્રૉનિક્સનો અભ્યાસ પૂરો કરી લગભગ પાંચ વર્ષે તેમણે ફરી ટેસ્ટ મૅચમાં પ્રવેશ કર્યો. ૧૯૬૬-૬૭ની પ્રવાસી વેસ્ટ-ઇન્ડીઝ ટીમ સામે બૅંગલોરમાં દ. વિભાગ તરફથી રમીને પ્રથમ દાવમાં તેમણે ૮૭ રનમાં ૮ વિકેટો ખેરવી. પરિણામે વેસ્ટ-ઈન્ડીઝ સામેની મદ્રાસ ખાતેની છેલ્લી ટેસ્ટમાં પુનઃ પ્રવેશ મળ્યો અને ચંદ્રશેખર-બેદીની સાથે રહીને સોબર્સ જેવાને ચિંતામાં મૂકી દીધો. આ પુનઃ પ્રવેશ સાથે તેમની કારકિર્દીનો પ્રથમ તબક્કો પૂરો થયો.

ઈ. ૧૯૬૭ના ભારતીય ટીમના ઈંગ્લૅન્ડના પ્રવાસથી આરંભાતો બીજો તબક્કો તેમની કારકિર્દીનો સુવર્ણયુગ બની રહ્યો. બ્રિટનથી પાછા આવ્યા બાદ ૧૯૬૭-'૬૮નો ઑસ્ટ્રેલિયા–ન્યૂ ઝીલૅન્ડનો સંયુક્ત પ્રવાસ આવ્યો. રાઘવન ટીમમાં નહોતા. નાડકર્ણી હોવાથી બેદીનું મહત્ત્વ હજી ઓછું હતું. સ્પિન બૉલિંગનો મુખ્ય ભાર ચંદ્ર અને પ્રસન્ના પર હતો. પ્રવાસના આરંભમાં જ ચંદ્રને ઈજા થતાં તેમને ભારત પાછા આવવું પડ્યું અને બધો બોજો પ્રસન્ના પર આવી પડ્યો. પ્રસન્ના પોતાની અનુભવકથા 'વન મોર ઓવર'માં લખે છે: 'સુકાની પટૌડીએ મને કહ્યું, પ્રસન્ના, હવે બધો બોજો તારા પર જ છે. મને ખાતરી છે કે તું તે ઉપાડી શકીશ.' એ પછીનાં દોઢ વર્ષમાં એ બંને દેશો સામે રમાએલી કુલ ૧૬ ટેસ્ટોમાં પ્રસન્નાએ ૯૬ વિકેટો લીધી! માત્ર ૨૦ ટેસ્ટોમાં ૧૦૦ વિકેટો લેનાર તેઓ એકમાત્ર ભારતીય બૉલર છે. સંગીન ઑસ્ટ્રેલિયન ટીમ સામે ઑસ્ટ્રેલિયન પીચ પર પ્રસન્નાની બૉલિંગ જોઇને ભૂતપૂર્વ ઑસ્ટ્રેલિયન ઓપનર ને જાણીતા ક્રિકેટ સમીક્ષક જેક ફિંગલટને લખેલું: 'Prasanna is a highclass off-spinner, full of determination, spirit, good length and experimentation. I wish Australia had one like him.'

ઈ. ૧૯૭૧ના ભારતીય ટીમના વેસ્ટ-ઈન્ડીઝના પ્રવાસથી પ્રસન્નાની કારકિર્દીનો ત્રીજો તબક્કો શરૂ થયો. જેમાં તેમની અને બીજા ઑફ-સ્પિનર વેંકટરાઘવન્ વચ્ચે ટેસ્ટમાં આવજા ચાલ્યા કરી. અને '૭૮ના અંતમાં તેઓની નિવૃત્તિ આવી ત્યાં સુધી આ પ્રક્રિયા જારી રહી.

બાંધે સ્થૂળ એવા પ્રસન્ના સ્વભાવથી અંતર્મુખ અને નમ્ર છતાં સ્વમાની અને સ્વતંત્ર છે. નથી તેઓ બૉલિંગની તાલીમ પામ્યા કે નથી કોઈ ખેલાડી તેમને માટે આદર્શ. તેઓ પ્રયોગ, પરીક્ષણ અને પરિશ્રમમાં માને છે. તેમની પ્રતિભા અને સિદ્ધિને સ્વયંસિદ્ધ કહેવી જોઇએ. પટૌડીએ મૂકેલો વિશ્વાસ અને આપેલું પ્રોત્સાહન તેમની સફળતા માટે અમૂલ્ય બની રહ્યાં હતાં.

પ્રસન્નાની બૉલિંગનો પાયો ફ્લાઈટ, યુક્તિ અને ચાતુર્ય છે. દડાની લાઈન અને ફ્લાઈટમાં તેઓ અદ્ભુત પરિવર્તન લાવ્યા કરે. આ પરિવર્તનો વચ્ચે લૅંગ્થ અને બ્રેક પરનો કાબૂ તો અજોડ. સ્પિન થયા વગર સીધા ધસી જતા અને પીચ પડ્યા પછી બૅટ્સમૅનથી દૂર જતા તેમના દડા અત્યંત ખતરનાક ગણાતા. ટૉની ગ્રેગે લખ્યું છે તેમ તેમની બૉલિંગમાં બૌદ્ધિકતા અપરંપાર. તેઓ ઇચ્છે કે બૅટ્સમૅન તેમના દડાને ફટકારે, કારણ તો તે જરૂર આઉટ થાય જ. રનભૂખ્યા બૅટ્સમૅન તેમને ગમે ને તેની સામે એ નવીનવી જાળ પાથર્યા કરે. બધા પ્રકારની પીચો પર તેઓ થોડા વધુ અસરકારક બની શકતા, અને સાનુકૂળ પીચ પર તો તેઓ ખૂબ જ કાતીલ બની રહેતા.

બૅટ્સમૅન તરીકે ચતુષ્ટયીમાં તેઓ, મારા મતે, રાઘવન પછી આવે. એક ઉપયોગી 'નાઈટ વૉચમૅન' ખરા. તેમને નામે ટેસ્ટમાં સદીની ભાગીદારી છે. પ્રસન્ના સારા સુકાની પણ ખરા. કર્ણાટકને તેમણે રાષ્ટ્રીય વિજેતા બનાવી મુંબાઇનો એ ઈજારો તોડેલો. ભારતે તેમની એ સેવા કેમ ન લીધી તે પ્રશ્ન હવે કાયમનો રહેશે. ચંદ્રશેખરના ખાસ મિત્ર પ્રસન્ના, મારા મતે સ્પિન-ચતુષ્ટયીમાં પોતાની શુદ્ધ યોગ્યતા ને પ્રકાર થકી ચંદ્રશેખર પછીના ગણાય. પ્રથમ વિશ્વયુદ્ધ પછી વિકસેલી આધુનિક ઑફ સ્પિનકળામાં તેઓ પ્રથમ બે-ચારમાં ગણાશે.

ચંદ્રશેખર

'હું તો માનું છું કે 'પોલીઓ'ના રૂપમાં ઇશ્વરે મને એક એવું વરદાન આપ્યુ કે જેણે મને વિશ્વના વિખ્યાત બૉલરોની હરોળમાં મૂકી દીધો'.

ભારતના જાણીતા કાંડાના સ્પિનર ભગવત્ સુબ્રહ્મન્યમ્ ચંદ્રશેખરના આ શબ્દો છે. ચાર વર્ષની બાળ વયે તેમના જમણા હાથે લકવા થયો હતો. મૈસુર જઇને સારવાર તો કરાવી પણ કંઈ ખાસ ફેર ન પડયો. બે ગુરુબંધુઓને ક્રિકેટ રમતા જોઈ રહેવાતું નહોતું. એટલે એમણે તો એ લકવાવાળા હાથે જ બૉલિંગ કરવા માંડી ને કામ ચાલ્યું, આગળ જતાં એ જ હાથની કરામતે એમને ક્રિકેટજગતમાં 'પૂર્વના જાદુગર'નું બિરુદ અપાવ્યું.

એમનો જન્મ તા. ૧૮-૫-'૪૫ના રોજ મૈસુર રાજ્યમાં થએલો. પોતાના જમણા, દુર્બળ અને કૃશ હાથે બૉલિંગ કરે છે ને ડાબે હાથે બૅટિંગ અને ઘા કરે છે. પોતાના દુર્બળ હાથને ઢાંકવા તેઓ મેદાનમાં કે જાહેરમાં પણ ક્યાંય, ખમીસની બાંય ચડાવતા નથી.

ચંદ્રશેખરની ટેસ્ટ કારકિર્દીના બે તબક્કા પાડી શકાય. ઈ. ૧૯૬૪માં ૧૯ વર્ષની વયે પોતાની પહેલી જ પ્રથમ કક્ષાની સીઝનમાં તેઓ માઈક સ્મિથની ઇંગ્લિશ ટીમ સામે મુંબાઈ ખાતેની બીજી ટેસ્ટમાં પહેલી જાન્યુઆરીએ એમણે પ્રવેશ કર્યો. પછી '૬૬-'૬૭માં ત્રણ ટેસ્ટો રમવા

સર સોબર્સ પોતાની ટીમ લઇને ભારત આવ્યા ત્યારે જગતના એ સર્વોત્તમ બૅટ્સમૅન ચંદ્રશેખરની બોલિંગમાં કેવી રીતે રમશે એવો પ્રશ્ન સૌને થાય એટલી ખ્યાતિ ત્યાં સુધીમાં ચંદ્રશેખરને મળી ગએલી. ખરેખર એ બંનેનું દ્વંદ્વયુદ્ધ નિહાળવા જેવું હતું. સોબર્સે રન પણ કર્યા અને ચંદ્રશેખરે તેમને સૌથી વધુ મૂંઝવ્યા પણ ખરા. સીરીઝને અંતે સોબર્સે ચંદ્રશેખરને સૌથી વધુ રહસ્યમય બોલર તરીકે બિરદાવેલા.

ઈ. ૧૯૬૭ની ઈંગ્લૅન્ડની સફળ યાત્રા પછી '૬૭-'૬૮માં ઑસ્ટ્રેલિયા-ન્યૂ ઝીલૅન્ડના સંયુક્ત પ્રવાસ વખતે પગમાં ઈજા થવાને કારણે તેમણે પાછા આવવું પડ્યું. પગ સાવ સાજો થાય તે પહેલાં સ્કૂટરનો અકસ્માત નડતાં વળી આરામની જરૂર પડી. આમ, ૧૬ ટેસ્ટોમાં ૬૨ વિકેટો લઈ ચંદ્રશેખર જાણે સાવ અદૃશ્ય થઈ ગયા.

પણ '૭૧માં ભારતીય ટીમ ઇંગ્લૅન્ડના પ્રવાસે ગઈ ત્યારે, ઈંગ્લિશ બૅટ્સમૅનોની જમણેરી લેગસ્પિન બોલિંગ સામેની નબળાઈ યાદ કરીને ચંદ્રશેખરને ટીમમાં લેવામાં આવ્યા. વચ્ચેની ૧૯ ટેસ્ટો ગુમાવ્યા પછી ચંદ્રશેખરની કારકિર્દી બીજા તબક્કામાં પ્રવેશી. વેસ્ટ ઈન્ડીઝ, ઑસ્ટ્રેલિયાને હરાવી ચૂકેલી ઈંગ્લિશ ટીમ સામે ઓવલ ખાતેની ત્રીજી ટેસ્ટમાં ભારતને એમણે ઐતિહાસિક વિજય અપાવ્યો. પોતાના બીજા દાવમાં ઈંગ્લૅન્ડ ૧૦૧ રનમાં ખખડ્યું ત્યારે અકળ બોલિંગનું જે પ્રદર્શન ચંદ્રએ કર્યું તેનો જોટો જડવો મુશ્કેલ છે. આ સીરીઝથી શરૂ કરીને '૭૯માં તેમણે ટેસ્ટવિદાય લીધી ત્યાં સુધીમાં ચંદ્રએ ૪૨ ટેસ્ટોમાં ૧૮૦ વિકેટો ઝડપી છે, આ તબક્કા દરમિયાન, '૭૨-'૭૩ની ઈંગ્લૅન્ડ સામેની ગૃહશ્રેણીમાં એમણે ૩૫ વિકેટો લઈ ભારતીય વિક્રમ સ્થાપ્યો છે.

દેખાવડા, દાઢીવાળા, ઊંચા, નમ્ર, શાંત અને નિરભિમાની ચંદ્રશેખર, ગાવાસ્કર અને પ્રસન્નાના ખાસ મિત્ર છે. બેદી સાથે પણ સારું બને. સ્વ. મુકેશના કંઠના અનુરાગી છે. પ્રકારની રીતે ચંદ્રશેખર અન-ઑર્થોડોક્સ (કાંડાના) લેગસ્પિનર. ગૂગલી બૉલ તે તેમનું અમોઘ શસ્ત્ર. તેમના લેગ બ્રેક અને ટૉપસ્પિન દડા પણ એવા જ ખતરનાક. તેઓ ક્યારેક ફાસ્ટ-ઑફ બ્રેક બૉલ પણ નાખે. પોતાની ઊંચાઈ અને હાઈ એક્શનને કારણે તેઓ પીચમાંથી બાઉન્સ અને ગતિ સારાં લઈ શકે. નોંધપાત્ર તો એ કે ચંદ્રશેખર કયા પ્રકારનો બૉલ નાખશે એ છેલ્લી પળ સુધી રહસ્ય જ રહે. વળી, સ્પિનરો કરતાં તેમના બૉલની ગતિ પણ વધુ. વિલીઅન રિચર્ડ્ઝે કહ્યું છે, His quick one is as Thomson's. આ તેમની અનન્ય વિશેષતા. આથી જ ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ખેલાડી, વિખ્યાત કાંડાનાં સ્પિનર ઓ'રીલીએ ચંદ્રશેખરને અજોડ ગણાવ્યા છે.

ચંદ્રશેખર મોટે ભાગે ડીપમાં કે મિડઑન જેવા સ્થળે જ ફીલ્ડિંગ ભરતા. આમ છતાં તેઓ એક અજેય કૅચ ઝીલનાર ખરા. તેમનું બૅટિંગ? દુનિયામાં કદાચ એ એક માત્ર ટેસ્ટ ખેલાડી છે, જેણે રન કર્યા છે તે કરતાં વિકેટો વધુ લીધી છે.

તેઓ ટેસ્ટ-પ્લેયર બન્યા હતા તે તેમની નિર્ભેળ અકળ સ્પિન બોલિંગને કારણે જ. ૧૦૦ વર્ષના ટેસ્ટ-ઇતિહાસમાં રહસ્યમય એવા કાંડાના સ્પિનરોમાં ચંદ્રશેખર સર્વોત્તમ છે અને રહેશે.

વેંકટરાઘવન

ચંદ્રશેખરથી માત્ર ૨૭ દિવસ મોટા શ્રીનિવાસન વેંકટરાઘવન પણ પ્રસન્ના અને ચંદ્રશેખરની માફક દક્ષિણ ભારતની ભેટ છે. મદ્રાસ શહેરના વતની વેંકટ હાઈસ્કૂલ કાળથી જ ક્રિકેટ રમવા લાગેલા. આ ગાળામાં મદ્રાસના સ્થાનિક ક્રિકેટર અને જાણીતા કોચ (ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ-ખેલાડીઓ કૃપાલસિંહ અને મિલ્ખાસિંહના પિતા) રામસિંહનું તેમને અમૂલ્ય માર્ગદર્શન મળ્યું. મદ્રાસ યુનિવર્સિટીની એન્જિનીઅરિંગ કૉલેજમાં ભણતાં ભણતાં આંતર-યુનિ૰ ટુર્નામેન્ટમાં તેમણે સારું ધ્યાન ખેંચ્યું. અહીં તેમની રમતે ભારતના ભૂતપૂર્વ ઑફસ્પિનર અને તત્કાલીન પસંદગી સમિતિના સભ્ય ગુલામ એહમદનું પણ ધ્યાન ખેંચ્યું હતું.

ઈ. ૧૯૬૪ના અંતમાં સીલોન સામેની બિનસત્તાવાર ટેસ્ટોમાં તેઓ પસંદ થયા અને સફળ થતાં, તથા ચંદ્રશેખરને ત્યારે ઈજા થઈ હોવાથી, ૧૯૬૫ના આરંભમાં આવેલી ન્યૂ ઝીલૅન્ડની ટીમ સામે તેમણે ટેસ્ટ-પ્રવેશ કર્યો. પોતાના અન્ય ત્રણ સ્પિન સાથીદારોથી ઊલટું, રાઘવન પોતાની પહેલી સીરીઝમાં બોલિંગમાં મોખરે રહ્યા હતા. ન્યૂ ઝીલૅન્ડ સામેની ૪ ટેસ્ટોમાં, ૨૧ વિકેટો લીધી ને છેલ્લી ટેસ્ટમાં ૧૨ વિકેટો ઝડપીને ભારતને વિજય અપાવ્યો હતો.

રાઘવનના ટેસ્ટ-પ્રવેશ પછી લગભગ બે વર્ષે, યોગ્યતામાં ચડિયાતા એવા બીજા ઑફસ્પિનર, પ્રસન્નાનો ટેસ્ટમાં પુનઃપ્રવેશ થયો ત્યારથી તે હમણાં સુધી ઑફસ્પિન બોલિંગની જવાબદારી એ બંને વચ્ચે વહેંચાતી રહી હતી.

પ્રસન્ના-રાઘવન બંને ઑફસ્પિનર છતાં તેમની વચ્ચે કેટલોક પાયાનો તફાવત હતો. દેખાવમાં પણ સ્પષ્ટ ભેદ. રાઘવન પ્રમાણમાં ઊંચા, પાતળા અને સ્વભાવથી અકળ તેમ જ આક્રમક, પ્રસન્નાથી ઊલટું, વેંકટરાઘવનની બોલિંગની વિશેષતા તે લૅંગ્થ અને લાઈનનો કાબૂ. 'એક્યુરસી' એ તેમના બોલિંગ પાસાનું પ્રધાન લક્ષણ. જો કે કારકિર્દીના ઉત્તરાર્ધમાં તેમણે ફ્લાઈટ અને બ્રેક પર વધુ ધ્યાન આપેલું તો પણ, તેમની આવડત બૅટ્સમૅનને કાબૂમાં રાખવાની. તેમની બોલિંગમાં બૅટ્સમૅન રન કરી જાય તે તેમને ન ગમે. પ્રસન્ના બૅટ્સમૅનને આક્રમક બનાવીને આઉટ કરે, જ્યારે રાઘવન બૅટ્સમૅનને સંરક્ષક બનાવીને કાબૂમાં રાખે. સ્પિન ઉપર તેઓ ઓછો ભાર આપે તેથી અસહાય પીચ પર તેઓ પ્રસન્ના જેટલા સફળ ન થાય તેમ છતાં અનુકૂળ પીચ પર ઠીકઠીક ખતરનાક બની શકે.

એક ફીલ્ડર તરીકે વેંકટરાઘવન બોલર-ચતુષ્ટયીમાં શ્રેષ્ઠ. નજીકની ફીલ્ડિંગમાં ગલીના અને શૉર્ટલેગના તેઓ અસામાન્ય ફીલ્ડર. અન્ય ત્રણ સાથી સ્પિનરોની સફળતામાં તેમણે આ યોગ્યતા થકી સોલ્કર, આબિદ, ચૌહાણ, સૂરતી વગેરેની સાથે રહીને સારો ફાળો આપ્યો છે.

જો કે ભાગ્યે જ કોઈ ક્રિકેટ-વિવેચક રાઘવનને ઑલ રાઉન્ડરની 'કૅટેગરી'માં મૂકવાનો આગ્રહ રાખે, છતાં ચાર સ્પિનરોમાં બૅટિંગની ક્ષમતામાં તેઓ મોખરે ગણાય. બેદીની માફક ઇંગ્લિશ કાઉન્ટી (ડર્બિશાયર)માં રમી ચૂકેલા વેંકટરાઘવન પાંચ ટેસ્ટોમાં ભારતના સુકાની પણ બની ચૂક્યા હતા. ગુંજાઈશ અને પ્રાપ્તિમાં પોતાના અન્ય ત્રણ સ્પિન સાથીદારોથી રાઘવનની પ્રતિભા પાછળ ગણાય. મોટા ભાગે તેઓ એક 'સ્ટૉક બોલર' તરીકે વધુ અજમાવાયા છે, છતાં તેમની વેધકતાને પણ કોઈ નકારી નહિ શકે. ક્રિકેટના એક જાગ્રત વિદ્યાર્થી અને વિચારક વેંકટ ત્રણ ધરખમ સ્પિનરોની વચ્ચે પોતાનું સ્થાન ટકાવી શક્યા એ તેમની યોગ્યતાનું દ્યોતક છે.

બેદી

સ્પિન ચતુષ્ટયીમાં ઉંમરે સૌથી નાના બિશનસિંગ બેદીનો જન્મ અમૃતસરમાં તા. ૨૫-૯-'૪૬ના રોજ થએલો. તેઓ ટેસ્ટ પ્રવેશમાં પણ છેલ્લા હતા, છતાં આરોહ-અવરોહ વગરની તેમની સાતત્યપૂર્ણ ટેસ્ટ-કારકિર્દી.આથી તેઓ સિદ્ધિઓમાં ચારેય સ્પિનરોમાં મોખરે હતા.

બાળપણમાં બેદીને ફૂટબૉલનું આકર્ષણ હતું. પણ અજાણપણે જ ક્રિકેટ તરફ વળ્યા ને એટલા જ અજાણપણે સ્પિન બોલિંગ તરફ. કુમારવસ્થામાં ભારતના તે સમયના જાણીતા કાંડાના સ્પિનર સુભાષ ગુપ્તે બેદી સામે આદર્શ રૂપે હતા. ૧૫ વર્ષની વયે તેમણે કૉલેજની

ટેસ્ટ આંકડાઓ પર દષ્ટિપાત

अ બૅટિંગ

નામ	ટેસ્ટ	દાવ	નો. આ.	સર્વોત્તમ જુમલો	કુલ રન	સરાસરી	અર્ધી સદી	કૅચ
પ્રસન્ના	૪૯	૮૪	૨૦	૩૭	૭૩૫	૧૧·૪૮	—	૧૮
ચંદ્રશેખર	૫૮	૮૦	૩૯	૨૨	૧૬૭	૪·૦૭	—	૨૫
વૅંકટરાઘવન્	૫૦	૬૮	૧૧	૬૪	૭૩૧	૧૨·૮૨	૨	૩૮
બેદી	૬૭	૧૦૧	૨૮	૫૦	૬૫૫	૮·૯૭	૧	૨૬

ब. બૉલિંગ

નામ	બૉલ	મેઈડન	રન	વિકેટ	સરાસરી	દાવમાં પાંચ વિકેટ	મૅચમાં દસ વિકેટ
પ્રસન્ના	૧૪,૩૬૭	૬૦૦	૫,૭૪૨	૧૮૯	૩૦-૩૮	૧૦	૨
ચંદ્રશેખર	૧૫,૯૭૫	૫૮૪	૭,૧૯૯	૨૪૨	૨૯·૭૪	૧૬	૨
વૅંકટ	૧૩,૪૧૪	૬૬૩	૪,૯૮૯	૧૪૫	૩૪·૪૦	૩	૧
બેદી	૨૧,૩૭૬	૧૦૮૮	૭,૬૩૬	૨૬૬	૨૮·૭૦	૧૪	૧

क. પૃથક્કરણ

નામ	વિકેટ દીઠ બૉલ	ટેસ્ટ દીઠ વિકેટ	ઓવર દીઠ મૅઈડન	૧૦૦ બૉલે આપેલા રન
પ્રસન્ના	૮૦·૮૨	૩·૮૫	૪·૦૦	૩૯·૯૬
ચંદ્રશેખર	૬૬·૦૧	૪·૧૭	૪·૫૫	૪૫·૦૬
વૅંકટ	૯૨ ૫૧	૨·૯૦	૩·૩૮	૩૭·૧૮
બેદી	૮૦·૩૬	૩·૯૬	૩·૨૬	૩૫·૬૭

ટીમમાં નામના મેળવી. પ્રસન્નાની માફક બેદીને પણ કદી તાલીમ મળી નથી. એક વાર માત્ર સૂચક માર્ગદર્શન તેમના કૉલેજના સુકાની દ્વારા મળ્યું હતું. બેદી ત્યારે 'ચાઈનામૅન' 'ગૂગલી' પર વધુ ભાર દેતા હતા. સુકાનીએ તેમને કહ્યું, 'એ માટે ફીકર ન કરો. તમને જે ફાવે ને તમે જેમાં સફળ થાઓ તેના પર એકાગ્ર બનો. આપણે બધાં કાંઈ સોબર્સ ન બની શકીએ'. બેદીને સાચી દિશા મળી ગઈ. આ પછી આરંભાએલી સ્વકેળવણીએ બેદીને ક્યાં પહોંચાડયા તે તો હવે ક્રિકેટ-જગત જાણે છે.

બેદી ૧૭ વર્ષની વયે રણજી ટ્રૉફીમાં પ્રવેસ્યા ને ૧૯૬૬-'૬૭ની સોબર્સની ટીમ સામે દિલ્હી ખાતે વડા પ્રધાનની ટીમ વતી રમતાં તેમણે પ્રવાસી ટીમના પહેલા દાવમાં ૧૩૯ રનમાં ૬ વિકેટો ખખડાવી. કલકત્તા ખાતેની બીજી ટેસ્ટમાં તેઓ લેવાયા ત્યારથી '૭૯નો ઈંગ્લૅન્ડનો પ્રવાસ પૂરો થયો ત્યાં સુધીમાં ભારત ૭૫ ટેસ્ટો રમ્યું જેમાંથી ૬૭ બેદી રમ્યા. આ જ ગાળામાં ૨૨ ટેસ્ટોમાં તેઓ ભારતીય ટીમના સુકાની પણ રહ્યા. ભારતીય ટીમમાં બેદીની અનિવાર્યતા આથી વધુ કઈ રીતે વ્યંજિત થાય?

ઈ. ૧૯૬૭-'૬૮ના ઑસ્ટ્રેલિયાના પ્રવાસ દરમ્યાન તેઓ મેલબોર્નની એક મહિલા ગ્લેનિથના પરિચયમાં આવ્યા અને ૧૯૬૯માં તેને પરણ્યા. આજે હવે જરા સ્થૂળ લાગતા બેદી જરા પ્રભાવશાળી, વિચારક અને પક્વ વ્યક્તિત્વ ધરાવે છે. ક્યારેક ચશ્માં, લાક્ષણિક શીખ દાઢી ને મોટે ભાગે નારંગી રંગની શીખ પાઘડી એ એમનો દેખાવ. સ્વભાવે ગંભીર છતાં મિત્રો, સાથીઓ સાથે આનંદથી ભળે ને પ્રેક્ષકો સાથે ગમ્મત કરતા કે પોતાની જ મર્યાદા પર ટીખળ કરતા બેદી મેદાન પર છવાઈ જાય. પત્રલેખનના ખૂબ શૉખીન. ચંદ્રના ખાસ મિત્ર.

પ્રસન્નાની જેમ ક્રિકેટમાં મનથી ઊંડા ઊતરનારા બેદી ડાબેરી સ્પિનર અને ડાબેરી બૅટ્સમૅન. તેઓ બૉલિંગ કરે ત્યારે એક-બે ડગલાં ભરે તેમાં અત્યંત સરળતા દેખાય પણ એમનો બૉલ તીક્ષ્ણ હથિયાર જેવો. પીઢ બુઝર્ગોને સ્વ. માંકડની યાદ આપી જાય. સરળ બૉલિંગ એક્શનને કારણે તેઓ કલાકો સુધી બૉલિંગ કરી શકે. જે આંગળીથી તેઓ બૉલને સ્પિન કરે છે તે-તર્જની–આંગળી આજે પણ એવી ને એવી મૃદુ છે. ફ્લાઈટ અને સ્પિન પર તેમનો અસાધારણ કાબૂ. પ્રસન્નાની માફક બેટ્સમૅનને લલચાવવાનો તેઓ સતત પ્રયત્ન કરે. પોતાના બૉલ બૅટ્સમૅન ફટકારે એ એમને ગમે. તેમનો બૉલ બૅટને 'બીટ' કરે તો નિસાસો નાખે ને છગ્ગો ફટકારાય તો પહેલી તાળી તેમણે જ પાડી હોય. તેમનો વિશિષ્ટ દડો તે બૅટ પર ધસી આવતો બૉલ. જમણેરી બૅટ્સમૅનથી દૂર ભાગતો તેમનો બૉલ પણ ઘણી વાર ઘાતક. ઘણી વાર તેઓ કાંડા-આંગળીની કરામતથી એવો બૉલ નાખે કે સ્પિન થશે જ એમ બૅટ્સમૅનને લાગે ને બૉલ સીધો ધસી જાય. આવો જ બૉલ ઘણી વાર તેઓ જરા વધુ ગતિએ ફેંકે ને બૅટ ફરે તે પહેલાં તો દાંડી ઉડાડી દે.

બેદી સ્વભાવથી સાચાબોલા અને પોતાનો મત નિર્ભીકતાથી આપનારા છે. આ કારણે તેમને સહન પણ કરવું પડયું છે, પણ તેમાં તેમની રમત માટેની સાચી મહોબ્બત વરતાઈ છે. સાચી રમતની સામે અધિકારીઓ પણ તેમને મન કંઈ નહિ.

સામાન્ય રીતે જ્યાં સ્વિંગ અને ઝડપી બૉલિંગનો વધુ મહિમા છે એવા ઇંગ્લૅન્ડમાં તેઓ નોર્થમ્પ્ટનશાયર કાઉન્ટી તરફથી લગભગ ૬ વર્ષ રમ્યા હતા અને ૫૦૦ ઉપરાંત વિકેટો, પ્રશંસા અને પૈસા કમાયા હતા. મમતાળુ સ્મિત અને વેધક દડા ફેંકતા બેદીને ટૉની લુઇસે યોગ્ય રીતે જ 'માયાળુ હુમલાખોર' કહ્યા છે. આંકડાકીય રીતે બેદીની અસામાન્યતા સ્પષ્ટ છે, છતાં અતિશયોક્તિ ટાળતાં આપણે એટલું કહી શકીએ કે માંકડ, અન્ડરવૂડ, વેલેન્ટાઈન, લૅાક અને દુરાની જેવા પ્રખર પ્રતિભાવાન ડાબેરી સ્પિનરોમાં પણ તેઓ મૂર્ધન્યોમાં રહેશે. ☐

હરિ: ૐ આશ્રમ તરફનું રૂ. ૫૦નું

ચરિત્ર પારિતોષિક

અંક ૬૭૪ માટેનું 'સ્વ. બટુકભાઈ દીક્ષિત'ના લેખક ભગવતીકુમાર શર્માને મળે છે.

લેખક · પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર
લિખિત પુષ્પમાળા-૧૩

પલાશપુષ્પ

[કેસૂડાં]



વાલ્મીકિ રામાયણમાં એક સ્થળે પ્રકૃતિનું સૌંદર્ય બતાવતાં રામચંદ્રજી સીતાજીને કહે છે—

आदिप्त मिव वैदेहि सर्वतः पुष्पितान् नगान् ।
स्वैः पुष्पैः किंशुकान् पश्य मालिनः शिशिरात्यये ॥

હે વૈદેહી, શિશિર ઋતુ સમાપ્ત થઈ જતાં ચારે બાજુથી પર્વતની તરાઇઓ કિંશુક પુષ્પોથી જાણે પ્રદીપ્ત થઈ ઊઠી છે.

અને આગળ જતાં ફરી એક વાર લક્ષ્મણને પણ કહે છે—

गिरिप्रस्थास्तु सौमित्रे सर्वतः संप्रपुष्पितैः ।
निष्पत्रैः सर्वतो रम्यैः प्रदीप्ता इव किंशुकाः ॥

હે સૌમિત્ર, જુઓ તો ખરા, પર્વતશિખરો અને પત્રવિહીન પલાશવૃક્ષો (આ) ખીલી ઊઠેલાં નયનરમ્ય કિંશુક પુષ્પોથી જાણે કે દેદીપ્યમાન બની ગયાં છે.

આવી જ ઉપમા આંગ્લ કવિ વિલિયમ વર્ડ્ઝવર્થે પણ વાપરી છે:

Flowers that with a scarlet gleem
Cover a hundred leagues and seem
To set the hills on fire.

આ કિંશુક પુષ્પ કે પલાશપુષ્પ તે પલાશનાં—ખાખરાનાં ફૂલ કેસૂડાં જ. અમીર ખુસરોના શબ્દોમાં કહીએ તો લોહીથી ખરડાએલા સિંહ-નખ જેવાં કેસૂડાંથી જ્યારે વૃક્ષો કે વન છવાઈ જાય છે ત્યારે શિશિરાંતે પર્ણવિહીન વૃક્ષોમાં એની રંગચટકની અગ્નિશી ભભકથી સમગ્ર વિસ્તાર પ્રદીપ્ત લાગે છે. નગરવાસીઓના નસીબે કદાચ આ રંગભભક જોવાનું ન બન્યું હોય તો યે કેસૂડાંનો રક્તકેસરી રંગ જોઈ તેના પ્રસ્તારપૂર્ણ દૃશ્ય પરના પ્રભાવની કલ્પના તો કદાચ એ કરી શકે જ. હનુમાને લંકાપુરીમાં આગ લગાડી ત્યારે અગ્નિજ્વાળાઓથી પ્રદીપ્ત એ નગરીના દૃશ્યને વાલ્મીકિએ કેસૂડાંથી છવાઈ ગએલા પલાશવૃક્ષો સાથે જ સરખાવ્યું છે. પરંતુ કેસૂડાંની આવી પ્રભાવક શોભા છતાં એ બિલકુલ ગંધરહિત પુષ્પ છે એ પણ નિયતિની કેવી વિડંબના છે!

विद्या-हीना न शोभन्ते निर्गन्धा इव किंशुकाः ॥

પલાશવૃક્ષનું પ્રચલિત નામ છે ખાખરો. ખારાશવાળી કાળી માટીમાં આ વૃક્ષ વીસથી ચાળીસ ફૂટ ઊંચું ને વાંકુંચૂકું વધે છે. ખરબચડી છાલ અને અનિયમિત શાખાઓવાળા ખાખરા પર પોપટની ચાંચ જેમ વંકાએલાં ચટકદાર કેસરી કેસૂડાંનાં ઝૂમખાં ખીલે છે ત્યારે વૃક્ષ પરનાં લગભગ બધાં પાન ખરી ગયાં હોય છે એટલે કેવળ કેસૂડાંની જ રંગભભક જોવા મળે છે. અગ્નિજ્વાળાઓ જેવી એ ભભક પરથી જ અંગ્રેજીમાં એને The flame of forest કહ્યું હશે. અંગ્રેજીમાં ખાખરાને The parrot tree પણ કહે છે, જે નામ તેનાં પોપટની ચાંચ જેવાં ફૂલના આકાર પરથી પડ્યું હશે. સંસ્કૃતમાં 'કિંશુક' નામ પણ લાક્ષણિકરીતે રચાયું છે. 'કિંચિત્ શુક ઈવ'='કિંશુક-અર્થાત્ થોડું પોપટ જેવું.' કેસૂડાં પણ કદાચ આ કિંશુક પરથી ઊતરી આવેલું નામ હશે.

પલાશનાં પર્ણ પણ વિશિષ્ટ. એની વૃંતિકા-ડાંડલી પર નિશ્ચિત રૂપમાં ત્રણ પાન આવે છે. એના આ નિશ્ચિતપણા પરથી હિન્દી ભાષામાં એક વ્યવહારુ કહેવત પ્રચલિત બની છે—'વહી ઢાક (=ટેસૂ=ખાખરો) કે તીન પાન'. પરિપક્વ આદતોવાળી વ્યક્તિને માટે એ વપરાય છે. વૃંતિકા પર નીચે સામસામે બે પહોળાં પાન અને વૃંતિકાને છેડે આ બધી યે મોટું પહોળું એક પાન. દોઢ-બે વેંત પહોળાં ને છેડે વળાંકવાળાં હોઈ લગભગ ગોળાકારવાળાં આ પાન ઉપરથી લીસાં ને નીચે એટલે કે પાછળના ભાગમાં રુવાંટીવાળાં હોય છે. મોટા કદને કારણે પતરાળી બનાવવામાં એનો બહોળો ઉપયોગ થાય છે. પાનખરમાં આ બધાં પાન ખરી જાય છે એ પરથી સંસ્કૃતમાં આ વૃક્ષને 'શિશિરે ક્ષયઃ' અને ત્રણ-ત્રણની ત્રેખડમાં ઊગવાની પાનની ખાસિયત પરથી 'ત્રિદલ' એવાં લાક્ષણિક નામ પણ અપાયાં છે.

પલાશનાં ત્રણ પાનમાં મધ્યનું પાન વિષ્ણુનું, જમણી બાજુનું શિવનું અને ડાબી બાજુનું બ્રહ્માનું પ્રતીક માની પલાશ પવિત્ર વૃક્ષ ગણવામાં આવે છે, અને એથી હિન્દુઓ યજ્ઞોમાં પલાશની સમિધાઓ વાપરે છે તથા ઉપનયન સંસ્કારમાં બ્રહ્મચારી બટુકના હાથમાં પલાશનો દંડ આપે છે. આ પરથી પલાશને 'બ્રહ્મવૃક્ષ', 'યજ્ઞિય' અને 'સમિદ્વર' એવાં અર્થઘન નામ પણ અપાયાં છે. પલાશના કાષ્ઠમાંથી યજ્ઞો માટે વિવિધ પત્રો-ઉપકરણો પણ બનાવાય છે.

ફૂલો ખરી ગયા પછી એને સ્થાને નાની વેંત જેવડી તદ્દન ચપટી અને છેડે એક બીજવાળી શીંગો ઊગે છે. શીંગમાં એક જ બીજ હોવાની તેની લાક્ષણિકતા પરથી ખાખરાને 'Butea Mono-sperma' નામ પણ અપાયું છે. એનું શાસ્ત્રીય નામ છે Butea Frondosa. આમાં Butea એ ૧૮મી સદીના એક વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી જૉહાન સ્ટુઅર્ટ, અર્લ ઑવ બ્યુટ (Bute) પરથી આવેલો છે. ફ્રૉન્ડોસાનો અર્થ છે પુષ્કળ પાનવાળું. અને ખરે જ શીંગો ઊગ્યા પછી વૃક્ષ પુનઃ એનાં નવાં તાજાં પહોળાં પાનથી છવાઈ જાય છે.

ભારતમાં ખાખરો લગભગ બધે ઊગે છે. ફૂલના રંગભેદે એની બીજી પણ જાતો છે. મધ્યપ્રદેશમાં માનપુર પરગણામાં પીળા રંગનાં કેસૂડાં થાય છે. એને Butea Aurantea એવું અલગ નામ અપાએલું છે.

કેસૂડાંને ફટકડી સાથે ઉકાળવાથી પીળો રંગ મળે છે. બૌદ્ધ સાધુઓ કેસૂડાંના રંગમાં પોતાનાં વસ્ત્રો રંગતા હતા. કેસૂડાંનાં પીળા રંગમાં આલ્કલી ઉમેરવાથી ઘેરો કેસરી રંગ બને છે. ખાખરાનું લાકડું હલકા પ્રકારનું છે. દેખાવે એ સાગ જેવું લાગે, પણ મજબૂત ઇમારતી કામમાં એનો ઉપયોગ થતો નથી. કોલસા ને બંદૂકનો દારૂ બનાવવામાં એ વપરાય છે. ખાખરાનાં પાન ભેંસો ખાય છે. આ પાનનું ખાતર પણ સારું ગણાય છે. ખાખરાની છાલના રેસાનાં દોરડાં વણાય છે, તેનો ગુંદર (બંગાલ કિનો) દવામાં ને ચામડું કમાવવામાં ઉપયોગી છે. (અનુ. પૃ. ૯૯)

ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓ

લેખક • પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

પર્થના કૉસ્ટેલો નામના શાંત રળિયામણા પરામાં યોગેશનું ઘર હતું. રસ્તા પરની બંને બાજુની ઘટાદાર વૃક્ષોની હાર વચ્ચેથી પસાર થતા અમે ત્યાં પહોંચ્યા ત્યારે સૂર્ય તપતો હોવા છતાં રસ્તા પર ઠંડક હતી.

ગાડીનો અવાજ સાંભળી યોગેશનાં પત્ની આવકાર આપવા તુરત બહાર આવ્યાં. યોગેશે એમનો પરિચય કરાવ્યો. સામાન લઈ અમે ઘરમાં દાખલ થયા. યુરોપ-અમેરિકાની જેમ ઑસ્ટ્રેલિયામાં પણ સાધારણ રીતે ઘર-નોકર નથી હોતા. એટલે મોટા ભાગનું ઘરકામ સૌ જાતે જ કરી લેતાં હોય છે.

યોગેશનું ઘર મોટું અને મોકળું હતું. પાછળ વાડો હતો. ત્યાં ફૂલ-ઝાડ વાવ્યાં હતાં. પૂરતો તડકો પડે એટલે અહીં લોકો આવા વાડામાં જ કપડાં સુકવે. ઘરમાં દાખલ થયા પછી અમે બૂટચંપલ પણ કાઢી નાખ્યાં. યુરોપ-અમેરિકામાં તો પુષ્કળ ઠંડી પડે એટલે સ્વાભાવિક રીતે જ લોકોને જરૂર હોય કે ન હોય તો યે ઘરમાં યે સ્લિપર વગેરે પહેરી રાખવાની ટેવ પડી ગઈ હોય છે. અહીં એટલી ઠંડી નથી એટલે લોકો આપણે ત્યાંની જેમ ઘરમાં ઉઘાડા પગે ફરતા હોય છે. યોગેશ કહે : 'અહીં ઑસ્ટ્રેલિયામાં તમને રસ્તામાં પણ ઉઘાડા પગે ફરતા માણસો જોવા મળશે.'

યોગેશનાં પત્ની રૂહૉન્ડા ઑસ્ટ્રેલિયન છે. યોગેશ ફિજીના વતની છે. તેમના પિતા કાનજીભાઈ જોગિયા મૂળ પોરબંદરના, પણ વર્ષોથી સુવા (ફિજી)માં વસ્યા છે. યોગેશ અભ્યાસ પૂરો કર્યા પછી વેસ્ટ ઑસ્ટ્રેલિયાની યુનિવર્સિટીમાં બાયોકેમિસ્ટ્રીના પ્રાધ્યાપક તરીકે કામ કરતા હતા ત્યારે રૂહૉન્ડાનો પરિચય થએલો. રૂહૉન્ડા સુશિક્ષિત અને સુશીલ છે. ગીતા અને ભારતીય ફિલસૂફીનો એમણે અભ્યાસ કર્યો છે. નૃવંશશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન એ એમના અભ્યાસના વિષયો છે. ઘરમાં વિવિધ વિષયો પર સંખ્યાબંધ પુસ્તકો વસાવ્યાં છે. નવરાશના સમયે તે પુસ્તકોનો અભ્યાસ કરે છે. ભારતીય સંસ્કારો સાથે એકરૂપ બની જઈ એ શુદ્ધ શાકાહારી થઈ ગયાં છે એટલું જ નહિ, એમણે બનાવેલાં અદ્દલ ગુજરાતી દાળ ભાત રોટલી-શાક વગેરે એક વિદેશી યુવતીએ બનાવ્યાં છે એમ પ્રથમ તો માની જ ન શકાય.

યોગેશને બે વર્ષની એક નાની પુત્રી છે—દેવિકા. રૂહૉન્ડાએ જ શોધેલું ભારતીય નામ. ભારત, ફિજી અને ઑસ્ટ્રેલિયા, ત્રણ દેશોના સાંસ્કૃતિક પ્રભાવ વચ્ચે એ ઊછરી રહી છે.

જમ્યા પછી રૂહૉન્ડા સાથે કેટલીક વાતચીત થઈ. નૃવંશશાસ્ત્ર (ઍન્થ્રૉપૉલૉજી)—ખાસ કરીને ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓ—એ એના અભ્યાસનો વિષય હતો. મેં પૂછ્યું : 'જેમ માઓરી ન્યૂઝીલૅન્ડના આદિવાસીઓ છે તેમ ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓ કોણ છે?'

'ન્યૂઝીલૅન્ડની જેમ ઑસ્ટ્રેલિયામાં એક જ જાતિના આદિવાસીઓ નથી. અહીં તો જુદાજુદા પ્રદેશમાં જુદીજુદી જાતિઓ છે. એમની સંખ્યા પણ બહુ ઓછી છે. અમુક જાતિમાં તો બસો પાંચસોથી વધુ માણસો પણ હવે રહ્યાં નથી. વળી, તે લોકો શહેરી પ્રજા સાથે ખાસ સંપર્કમાં આવતા નથી એટલે તેમની કોઈ જાતિ જાણીતી બની નથી.'

ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓ વિશેનાં પોતાની પાસેનાં કેટલાંક પુસ્તકો પણ રૂહૉન્ડાએ બતાવ્યાં.

ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓ

ઑસ્ટ્રેલિયામાં ગોરા લોકો આવ્યા તે પહેલાં ત્યાં માત્ર કાળા આદિવાસીઓ વસતા હતા. અઢારમા સૈકાના અંતમાં યુરોપીઅનો જ્યારે



જ્યાં બારે માસ પાણી મળી રહે છે એવા મર્ચીસન રેન્જ નામના ઑસ્ટ્રેલિયાના એક વિસ્તારના આ આદિવાસીઓ પોતાના કુળના આદિ વડવાની આકૃતિ આલેખી રહ્યા છે. ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓની કોઈ એક જ જાત નથી. જાતિભેદે એમના અલગ અલગ જૂથમાં પણ પાછાં જુદાંજુદાં કુળ હોય છે. આ દરેક કુળ વન્ય પ્રાણી કે છોડ વગેરેનાં નામ-સંજ્ઞાવાળાં કુલપ્રતીકો દ્વારા ઓળખાય છે. આ આદિવાસીઓ વૉલન્કૂવા કુળના છે. વૉલન્કૂવા એ ૧૫૦ માઈલ લાંબો પવિત્ર દેવી સાપ છે જે એમના કુળનો આદિ વડવો મનાય છે. પોતાના કુળને બારે માસ પાણી મળી રહે તે જોવાની તેની ફરજ છે. એને રાજી રાખવા કુળના લોકો એની પ્રતીક-આકૃતિવાળો માટીનો એક ઢગ સજાવી રહ્યા છે. —સં.

ઑસ્ટ્રેલિયામાં આવ્યા ત્યારે ત્યાં લગભગ ત્રીસેક લાખથી વધુ આદિવાસીઓ હતા.

જુદાજુદા પ્રદેશોમાં વસતા આ આદિવાસીઓની અલગ અલગ અનેક જાતિઓ છે. પરંતુ તે દરેકની વસ્તી ઘણી જ ઓછી હોવાથી ને સાંસ્કૃતિક દૃષ્ટિએ તેઓ બહુ પછાત હોવાથી બહારની દુનિયામાં તેઓ ખાસ જાણીતા થયા નથી. મનાય છે કે સૈકડો વર્ષ પૂર્વે આ બધી જાતિના આદિવાસીઓ યુનાન, મલયા અને જાવા તરફથી અહીં ક્રમેક્રમે ઊતરી આવ્યા હશે, અને ખોરાકની શોધમાં ભટકતા સ્થળાંતર કરતા રહ્યા હશે. ખેતી તેમને આવડતી નહિ હોય એટલે શિકાર ઉપર જ નભતા હશે. અને શિકાર માટે પણ તેમની પાસે કોઈ તીક્ષ્ણ હથિયારો પણ નહિ હોય. તેમનું સૌથી વધુ જાણીતું હથિયાર 'બૂમરૅંગ' છે. લાકડાના આ વળાંકદાર હથિયારની લાક્ષણિકતા એ છે કે એને અમુક રીતે હવામાં દૂર ફેંકવામાં આવે અને જો તે પક્ષીનો શિકાર ન કરે તો તે ફરતુંફરતું ફેંકનાર પાસે પાછું આવે છે. પાછું ન આવે એવા પ્રકારનું બૂમરૅંગ પણ બને છે.

જેમજેમ બહારથી ગોરા વસાહતીઓ ઑસ્ટ્રેલિયા આવતા ગયા તેમતેમ ત્યાંના આદિવાસીઓ ગોરીવસાહતોથી દૂર ભાગતા ગયા. ગોરી વસાહતો મોટે ભાગે ઑસ્ટ્રેલિયાના દક્ષિણ કિનારે વસી એટલે આદિવાસીઓ ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ઑસ્ટ્રેલિયા તરફ ખસતા ગયા. ગોરી પ્રજા સાથેના તેમના સંપર્કનો ઇતિહાસ પણ ઘણો કરુણ છે. આરંભકાળમાં ઑસ્ટ્રેલિયા આવેલા ગોરાઓ મોટે ભાગે તો દેશનિકાલ થએલા ગુનેગારો હતા. આદિવાસીઓને જોતાં જ તેઓ તેમની હત્યા કરી નાખતા. ટાસ્માનિયા ટાપુમાં તો આ રીતે ઘણા આદિવાસીઓ માર્યા ગયા, કારણ તે ટાપુ પરથી તેમને નાસવાનો કોઈ રસ્તો નહોતો. આ ઉપરાંત, ગોરાઓએ આણેલા કેટલાક ચેપી રોગો એમને માટે તો નવા જ હોઈ તે

ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓ

દુનિયાના અન્ય દેશોના આદિવાસીઓ કરતાં ઑસ્ટ્રેલિયાના આદિવાસીઓ અનેક રીતે ભિન્ન છે. પ્રથમ તો અહીં તેમની કોઈ એક જાત નથી. જુદાજુદા પ્રદેશમાં એમની જુદીજુદી જાતો વસે છે. વર્ણ, કદ, શારીરિક બાંધા, વાળ વગેરે અનેક રીતે તેઓ એકબીજી જાતથી અલગ પડે છે. કોઈ વાંકડિયા વાળવાળા હબસી જેવા છે તો કોઈ દક્ષિણ એશિયાના વતની જેવા. કોઈ ઠીંગણા તો કોઈ પાંચ હાથ પૂરા. કોઈ દેખાવે ક્રૂર ને હિંસક તો કોઈ તદ્દન સાલસ ને ભોળા છે. આ બધા અસલ અહીંના જ છે કે બીજા દેશોમાંથી ઊતરી આવ્યા છે તે નિશ્ચિત નથી. પણ મનાય છે કે એમાંની કેટલીક જાતો આફ્રિકા તરફથી ને મોટાભાગની દક્ષિણ ભારત અને મલાયા બાજુથી આવી હશે.

આમાં વિશેષ જાણીતી જાતના જે લોકો છે તે એકવડીઆ બાંધાના, સ્નાયુબદ્ધ ખડતલ શરીરવાળા તથા ટૂંકું કપાળ, ચીબું નાક, ઘાટી ને આગળપડતી ભમ્મરો, જાડા-હબસીઓથી ભિન્ન એવા હોઠ, ઊંચા ગાલ ને દબાએલી હડપચીવાળા છે. દાઢીમૂછ ને વાળાના થોભિયા વધ્યા હોય ત્યારે બહુ વરવા દેખાય છે.

અન્ય દેશોના આદિવાસીઓ જેટલા આ લોકો બુદ્ધિમંદ નહિ, પણ કંઈ ઊતરતી કક્ષાના લાગે છે. મોટેરાના વડપણ નીચે પોતપોતાના કબિલામાં તેઓ રહે છે. એમના આ કબિલા કોઈ વન્ય પ્રાણી કે વનસ્પતિની નામસંજ્ઞાવાળા કુલપતીકોથી ઓળખાય છે. પોતાનાં આગવાં કલાકૌશલ જેવું એમનામાં કંઈ નથી. કેટલીક જાતોને કાંઠા પાસે વસતી હોવા છતાં હોડકાં બનાવતાં પણ આવડતું નથી. એમનાં ઘર પણ ઝાડની છાલ ને પાંદડાં છાએલાં ઝૂંપડાં જેવાં. ઑસ્ટ્રેલિયાની જીવસૃષ્ટિ બહુ સમૃદ્ધ ન હોઈ અહીંના આદિવાસીઓ પોતપોતાના પ્રદેશમાં પ્રાપ્ય ગરોળી, સાપ, દેડકા, પક્ષીઓ ને જીવડાં પણ ખાય. ખેતી એમને આવડતી નથી





△ એક ઑસ્ટ્રેલિયન આદિવાસી યુવક. એ 'ડિડ્જરીડૂ' નામનું પાવા જેવું વાજિંત્ર વગાડી રહ્યો છે. એના જમણા હાથમાં બૂમરૅંગ છે. (જમણી બાજુ) ઑસ્ટ્રેલિયાનો એક આદિવાસી ભૂવો. પોતાની જાદુઈ શક્તિ વડે એ લોકોના રોગ મટાડે છે. આ જાદુઈ શક્તિ એની છાતી પર ચીતરેલી ઊભી કાળી આકૃતિ 'ઓરુન્ચા' દ્વારા તેને મળે છે. કપાળ પરનું ધોળું તિલક અને નાકમાં આરપાર પરોવેલું હાડકું પણ એની જાદુઈ શક્તિમાં પૂરક બળ ઉમેરે છે એવું એ અને એની જાતિના લોકો માને છે.

અને ફળો બહુ પાકતાં નથી એટલે ખોરાક માટે ભટકતા રહે. આથી એમની દષ્ટિ અને ગંધશક્તિ ઘણી ખીલી છે. એવી જ એમની અવલોકન શક્તિ પણ. પરંતુ બીજી ઘણી રીતે પછાત હોઈ તેઓ વહેમો અને જાદુટોણામાં વિશ્વાસ રાખે છે. દરેક જાતિને પોતપોતાનો ભૂવો હોય જે એમની દવા પણ કરે. વરસાદ અને ખોરાક માટે તેઓ પક્ષીપ્રાણીના વેષ કાઢીને કુદરતને રાજી કરવા ખાસ ઉજવણી કરે. નાચ એ એમની બધી ઉજવણીનું ખાસ અંગ. 'કોરોબરી' એ એમની ધાર્મિક વિધિનાં સંમેલન. એમાંના કેટલાક વિધિમાં તેઓ સ્ત્રીઓ તથા બાળકોને ભળવા ન દે.

બૂમરૅંગ એ ઑસ્ટ્રેલિયન આદિવાસીનું એક ખાસ હથિયાર. એ મૂળ તો રમકડું છે, પણ નાના પક્ષી વગેરેના શિકારમાં કામ લાગે છે. ફેંક્યા પછી જો એ શિકારને મારી ન શકે તો ઘૂમતુંઘૂમતું ફેંકનાર પાસે પાછું આવે એ તેની વિશિષ્ટતા છે. પણ આ બૂમરૅંગ બનાવવા સિવાય બીજાં કોઈ હથિયાર બનાવવામાં આ આદિવાસીઓની બુદ્ધિ ચાલી નથી એટલે એ બધાં સાધનો તો તદ્દન અણઘડ જ હોય છે.

મધ્ય ઑસ્ટ્રેલિયાની આરૂન્ટા નામની એક જાત સિવાય બાકીની લગભગ બધી જાતો હજી યે નવી સંસ્કૃતિના સંપર્કથી દૂર રહેતી હોઈ પછાત છે. જો કે ઑસ્ટ્રેલિયાના દરેક રાજ્યમાં આ લોકોનાં રક્ષણ ને કેળવણી માટે વ્યવસ્થા છે, પણ એનો બહુ ઓછો લાભ લેવાય છે. કદાચ આવતા દાયકાઓમાં આમાંની ઘણી જાતો તદ્દન ભૂંસાઈ પણ જશે. —સંપાદકીય

સામેની પ્રતિકાર-શક્તિ તેમનામાં નહોતી. પરિણામે હજારો આદિવાસીઓ જુદેજુદે વખતે આ રોગચાળાનો ભોગ બનીને પણ મૃત્યુ પામ્યા.

આમ, જુદાં જુદાં કારણોથી એમની વસ્તી ઘટતી જઇને આજે તો ઑસ્ટ્રેલિયામાં માંડ ચાલીસેક હજાર જેટલા આદિવાસીઓ બચ્યા છે. આ લોકો પણ ગોગુદ્જા, વોલ્માજેરી, મંદજિલજારા, ગુરાદિજી, બારડી વગેરે ઘણી જુદીજુદી જાતિઓમાં વહેંચાએલા છે. આમાંની કેટલીક જાતિઓમાં તો બસોચારસો લોકો જ રહ્યા છે. થોડાં વર્ષો પછી કદાચ એમનું અસ્તિત્વ પણ નહિ રહ્યું હોય. અમુક જાતિના માણસો તો મરવા વાંકે જીવતા હોય તેવાં તેમનાં શરીર કાળાં, ક્ષીણ, નિસ્તેજ ને કદરૂપાં લાગે છે. બીજી કેટલીક જાતિનાં યુવક યુવતીઓ હવે શહેરોમાં આવીને શાળાઓમાં અને કૉલેજોમાં અભ્યાસ કરવાનું કે નોકરી કરવાનું શરૂ કર્યું છે. તેઓ ખાધેપીધે સુખી અને તંદુરસ્ત છે. શહેરની સંસ્કૃતિથી તેઓ પૂરા રંગાએલા છે. તેમની ચામડીનો રંગ અને તેમની મુખાકૃતિ સિવાય તેમનામાં આદિવાસીઓનાં ખાસ કોઈ લક્ષણ પણ રહ્યાં દેખાતાં નથી.

રૂર્કાન્ડા પાસેનાં ઑસ્ટ્રેલિયન આદિવાસીઓ વિષેનાં પુસ્તકો જોતાં જણાયું કે એ જાતિઓ વિષે ત્યાં ઠીકઠીક અભ્યાસ થયો છે. એક જર્મન ફિલ્મ કંપનીએ તો એક આદિવાસી યુવક વિષે 'જાકામારા' નામની ફિલ્મ પણ બનાવી છે.

(ચાલુ)

ગુર્જર શૈલીનું એક વધુ મંદિર

ગાદોયના ગાદનાથ મહાદેવ

લેખક
નરોત્તમ પલાણ



ભારતીય સંસ્કૃતિનાં અદ્‌ભુત સર્જનોમાંનું એક અદ્‌ભુત સર્જન 'મંદિર' છે! મંદિરની રચનાકલા, એનાં અંગોપાંગની ગૂંથણી, શિલ્પોનો છાક અને ભીતરની દેવપ્રતિમા—કલાનો એક સંપૂર્ણ ખયાલ રજૂ કરે છે. મનુષ્યજીવનની ભાવના દેવસ્થાને કેન્દ્રિત બની છે અને એની આજુબાજુ મંદિરની રચના કરીને ભારતીય પ્રજાએ કલાની જે આગવી સૂઝ દાખવી છે તે સમગ્ર મનુષ્ય-સભ્યતાનું એક વિસ્મય છે!

ભારતનાં મંદિરોનું વૈવિધ્ય અપાર છે. પૂર્વપશ્ચિમ, ઉત્તરદક્ષિણનાં મંદિરો અને એની કલાશૈલી સહુ કોઇને હેરત પમાડે છે. ગુજરાત, ભારતની લઘુ આવૃત્તિ સમું છે. એમાં જાતજાતની અને ભાતભાતની ધાર્મિક માન્યતાઓ ધરાવતો જનસમૂહ પોતપોતાને અનુકૂળ દેવસ્થાનનું સર્જન કરી ચૂક્યો છે. એક મત મુજબ તો સમગ્ર ભારતમાં હાલ પ્રાપ્ત મંદિર-સ્થાપત્યનો સહુથી પ્રાચીન નમૂનો ગુજરાતના જામનગર જિલ્લામાં આવેલા ગોપ મંદિરનો છે! ક્ષત્રપ, ગુપ્ત, મૈત્રક, સૈન્ધવ, ગુર્જર અને સોલંકી શૈલીનાં અનેક મંદિરો ગુજરાતમાં આજે વિદ્યમાન છે. ગોપમંદિરને ક્ષત્રપ શૈલીનું ગણવું કે ગુપ્ત શૈલીનું એ વિવાદાસ્પદ છે, પરંતુ સ્પષ્ટરીતે મૈત્રક, સૈન્ધવ, ગુર્જર અને સોલંકી શૈલીનાં કહી શકાય એવાં ઘણાં મંદિરો ગુજરાતમાં છે. શિખરની વિશિષ્ટતાને કારણે જુદું તરી આવતું મૈત્રક મંદિર, એના ઊંડા ઘાટને આધારે ઓળખાતું સૈન્ધવ મંદિર, જાલિકાયુક્ત શિખર અને ઉપશિખરયુક્ત ગુર્જર મંદિર અને સપ્રમાણ ઊંચાઈ ધરાવતું ગૂઢમંડપાદિ વિકસિત અંગોવાળું સોલંકી મંદિર—ગુજરાતની કલાના નિઃશંક સુંદર કહી શકાય તેવા નમૂનાઓ છે.

ડૉ. ઉમાકાન્ત શાહ, શ્રી મધુસૂદન ઢાંકી, ડૉ. કાન્તિલાલ સોમપુરા અને ડૉ. હરિલાલ ગૌદાની આદિ અનેક મિત્રોની સહાયથી ગુજરાતની મંદિર-સમૃદ્ધિ પ્રકાશમાં આવી છે અને હજુ પણ તળ ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રદેશોમાં અનેક મંદિરો પ્રકાશમાં આવવાની રાહ જોતાં ટકી રહ્યાં છે. આ સાથે જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના ગાદોય ગામના ગુર્જર શૈલીના એક વધુ નમૂનાને રજૂ કરું છું.



△ ઉપર ચિત્ર-૧ મૂળમંજરી અને અંડકોથી સુશોભિત તથા સમચોરસ સ્કંદના વૈશિષ્ટ્યવાળું ગાદનાથનાં મંદિરનું શિખર.

(ડાબી બાજુ) અને તેની ખવાઈ ગએલી પીઠિકાનું રત્નકણિકાનું શિલ્પ.

(બંને ફોટો : લેખક)

ગાદોય ગામના ગાદનાથ મહાદેવનું આ મંદિર સુણાક, સંડેર, સિદ્ધપુર, કુંભારિયાદિ સ્થળોનાં જાલિકાયુક્ત (લઘુ ચૈત્યાંકિત) શિખરોવાળાં ગુર્જર શૈલીનાં મંદિરોના વર્ગમાં આવે છે. અન્ય બાંધકામોથી અને વૃક્ષોથી ઘેરાઈ ગએલા આ મંદિરનું શિખર મૂળમંજરી ને અંડકોથી સુશોભિત બનેલું છે. (ચિત્ર-૧) મૂળમંજરીમાં ઉપરનો સમચોરસ સ્કંદ આ મંદિરની વિશિષ્ટતા જણાય છે. ખખડી ગએલું પરંતુ એ જ હાલતમાં ફરીથી ચૂનો સિમેન્ટ પામેલું આ શિખર, ગુજરાતમાં પ્રાપ્ત મંદિર-શિખરોમાં વૈવિધ્ય પૂરું પાડે છે. શિલ્પખચિત મંડોવર, અંતરાળ અને ગૂઢમંડપયુક્ત આ મંદિરની ખવાઈ ગએલી પીઠિકામાં જોવા મળતું રત્નકણિકાનું શિલ્પ આ મંદિરના કાળનિર્ણયને વધુ સ્પષ્ટ બનાવે છે. (ચિત્ર-૨)

ભિન્નમાળના ગુર્જરો અને પ્રતિહારોની અસર નીચે વિકાસ પામેલી આ શૈલીમાં ખોટી રીતે 'મહાગુર્જર' અને 'મારુગુર્જર' એવા શૈલીભેદો ઊભા કરવામાં આવ્યા છે. સામાન્યતઃ ઈ. સ.ની દસમી સદીની આજુબાજુ 'મારુ' એવું નામાભિધાન કરી શકાય એવી ભૂમિકા શું શિલ્પસ્થાપત્યમાં, શું ભાષાભૂમિકામાં કે શું ઇતિહાસમાં પ્રાપ્ત નથી. શ્રી ઉમાશંકર જોશીએ ગુજરાતી ભાષાની એક ભૂમિકાને 'મારુ-ગુર્જર' એવું જે નામ આપ્યું છે તે જેમ ઇતિહાસની પૃષ્ઠભૂ વિનાનું છે, તેમ મંદિર-શૈલીમાં પણ 'મહાગુર્જર' અને 'મારુ-ગુર્જર' શૈલીના ભેદ સયુક્ત નથી. મારા મત મુજબ એને ગુર્જર શૈલી કહેવી વધુ યોગ્ય છે અને એ શૈલીએ નવમી, દસમી, અગિયારમી સદીમાં દેખા દીધી છે. પ્રસ્તુત ગાદોય ગામનું ગાદનાથ મહાદેવનું મંદિર ગુર્જર શૈલીનું અને પીઠિકાની રત્નકણિકાને કારણે ઈ. સ.ની દસમી સદીનું છે. □

દસ આદિવાસી આશ્રમશાળાઓને 'કુમાર' ભેટ

મોકલવા માટે અમેરિકાના એક સંસ્કારપ્રિય સજ્જન તરફથી અમને દસ લવાજમોની રકમ મળી છે. જે આદિવાસી આશ્રમશાળાઓને આનો લાભ લેવો હોય તેમણે પોતાનાં નામસરનામાં અમને તાકીદે મોકલવાં. 'વહેલો તે પહેલો'ની પદ્ધતિએ અમને પહોંચતાં પ્રથમ દસ નામને લાભ મળશે. બાકીનાઓએ નિરર્થક પત્રવ્યવહારમાં ઊતરવું નહિ.

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

લેખક : પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

હુન્નરખાનની ચડાઈ અને વેનચરિત્ર

દલપતરામનાં દીર્ઘ કાવ્યોમાં અતિશય પંકાએલું ને કવિકલમને યશ આપે તેવું કાવ્ય 'હુન્નરખાનની ચડાઈ' (ઈ. ૧૮૫૧) છે. દલપતરામની કવિ-કારકિર્દીના આરંભકાળનું આ ફળ હોવા છતાં તેમાં તેમનો કવિત્વચમકાર આકર્ષક છે. દલપતરામનાં કવિતા-ભાષણોમાંનું એક મહત્ત્વનું ભાષણ છે. કાવ્યનું રૂપક સમર્થ છે. પરદેશી હુન્નરને તેમણે આક્રમક ખાન કલ્પીને ભારતના 'વણરાજ'ને તેની સામે યુદ્ધ કરવા કટિબદ્ધ કર્યો છે. કવિએ અહીં પ્રથમ વાર ભારતની આર્થિક બરબાદીનાં કારણ અને તેના ઈલાજ વિચાર્યા છે. એમની ઇતિહાસદૃષ્ટિ ભારતના પરદેશો સાથેના પુરાણા વ્યાપારી સંબંધોથી માંડીને અર્વાચીન યુગની રાજકીય-સામાજિક પરિસ્થિતિ સુધી ફરી વળી છે. દલપતરામ એક સાચા દેશહિતચિંતક અને સમાજસુધારક તરીકે અહીં પ્રતીત થાય છે. અહીં પરાધીનતાનું રુદન નથી, પણ સમૃદ્ધ ને આબાદ-ઉન્નત થવાનો, પરાધીનતા તોડવાનો ઉત્સાહ છે. નવી આવી રહેલી યંત્રોદ્યોગપ્રધાન સંસ્કૃતિનો તેમાં પુરસ્કાર છે. કવિએ આર્થિક ઉન્નતિ માટે પ્રજાજનોને કરેલાં ઉદ્બોધનો પ્રેરક છે :

મુસલમાન ને હિંદુ, સુણો મુજ દેશી સમસ્તો,
કહિયે કાળો નાગ, ચીન વિલાયત રસ્તો;
તેનું કરો નેતરું, રચો બોટ બનાવો,
સાગર મંથન કરી ફરી લક્ષ્મી ઉપજાવો.

હુન્નરખાનના સૈન્ય સાથે વણરાજની સેનાના યુદ્ધનું વર્ણન પણ ઓજસ્ભરી વાણીમાં થયું છે :

ગડૂડે વડી તોપ જંજાળ ગોળા;
ઉડે મહા મેઘનાં જેમ ટોળાં.
ધણેણે ધ્રૂજે ધમ્મકારાથી ધર્તી;
ભણેણે ભલી જેમ સિંધુની ભર્તી.

કાવ્યના અંત ભાગમાં તત્કાલીન સમાચારપત્રોને વિનંતી અને તે પછી સીધાં બોધવચનો કાવ્યની આકૃતિને રોળી નાખે છે. આ મર્યાદા બાદ કરતાં કવિની આ કૃતિ તેના શિષ્ટ, રસપ્રદ અને સમર્થ રૂપકને કારણે તેમ જ વિષયને અનુરૂપ પ્રૌઢ ભાષાને કારણે તે કાળની એક ઉત્તમ રચના બની રહે છે.

સુધારાના પુરાણ તરીકે પંકાએલી, દલપતરામની સમસ્ત કવિતાનો લગભગ આઠમો ભાગ રોકતી 'વેનચરિત્ર' એ તેમની ચિરસ્મરણીય કૃતિ છે. પ્રેમાનંદની આખ્યાન શૈલીએ તેની રચના થઈ છે. એ જમાનામાં સમાજસુધારણાના મહત્ત્વના પ્રશ્નો બે હતા : વિધવાવિવાહ અને પરદેશગમન. દલપતરામે 'વેનચરિત્ર'માં વિધવાવિવાહનો પ્રશ્ન નિરૂપ્યો છે, તેની છણાવટ કરી છે. આ પ્રશ્નની ચર્ચા માટે તેમણે પુરાણ કાળના વેનરાજાની કથા પસંદ કરી છે. રાજગોરની પુત્રી લગ્ન પછી તરત જ વિધવા બને છે એ પ્રસંગ વેનના ચિત્તમાં વિધવાવિવાહ માટે બીજરૂપ બને છે. કવિએ ક્રમશઃ એ બીજ વિકસે, વેન વિધવાઓમાં પુનર્લગ્નના પ્રશ્ન અંગે વધુ ચિંતવન કરતો થાય તેવી ઘટનાઓ કુશળતાપૂર્વક નિરૂપી છે. વેનના પ્રગતિશીલ વિચારોનો રૂઢિચુસ્ત બ્રાહ્મણો સખત વિરોધ કરે છે. પ્રજાના વિવિધ વર્ગો આવા જડધર્મી બ્રાહ્મણોનો બહિષ્કાર કરવાનો નિર્ણય કરે છે એ આખો ખંડ હાસ્યરસિક છે :

વણકર કહે કે વસ્ત્ર ન દેવાં, એટલે અડચણ મોટી;
ચકલેચકલે ચીંથરાં વીણી છો વાળે લંગોટી રે.

× × ×

કહે હજામ, હવે બ્રાહ્મણના કદિ યે વાળ ન લેવા,
દાઢાં વધવાથી દેખાશે બધા ય બકરા જેવા રે.

એવો જ રમૂજી ખંડ નવરંગી બ્રાહ્મણની આપવીતીમાં પ્રકટ થાય છે. એની કથા કરુણ છે પણ એના કામિની માટેના કોડ મજાનો હાસ્યરસ જમાવે છે :

અરે પ્રભુ તેં અગણિત નારી, અવની પર ઉપજાવી;
પણ મુજ અરથે એક જ ઘડતાં આળસ તુજને આવી!

રસ્તે જાતી રામાઓનાં ટોળેટોળાં દેખું,
નીરખીને નીસાસા નાખું, અભાગ્ય મારાં લેખું.
વાસણની ઉતરવેડને એક રાતું વસ્ત્ર ઓઢાડું;
ઊભાં છો વહુ એમ કહી, મારા મનને રમાડું.

એક દોરડું લઈ તેની વરમાળા બિરા બનાવી,
મારા ને ઉતરવેડના મેં કંઠ વિષે પહેરાવી.
કહ્યું ચાલો વહુ ચોરીમાં, તમને આપીશ સુખ માગ્યું,
ખેંચાયાથી ખસી પડી, વાંસામાં મુજને વાગ્યું.

જેમ હાસ્યમાં તેમ કરુણમાં પણ, ખાસ કરીને રાજગોરની પુત્રીના વૈધવ્ય વેળાના તેમ જ કાષ્ઠની ચિતા ખડકી બળી મરવા તત્પર થએલી વિધવા કમળાવતીના પ્રસંગમાં કવિ સારી જમાવટ કરી શક્યા છે. અલબત્ત કેટલીક વાર હાસ્યરસિક પ્રસંગ નિરૂપવામાં કવિ શિષ્ટતા-સંયમ ચૂકી ગયા છે.

વેનના પાત્રચિત્રણમાં કવિએ સારી એવી કુશળતા દાખવી છે. પોતાના પ્રગતિશીલ વિચારોને અમલમાં મૂકતાં તેને પોતાના પ્રાણની આહુતિ આપવી પડે છે. એની માતા સુનીથાનું પાત્ર વેનના ઉત્સાહી સુધારાવાદી માનસને અંકુશમાં રાખવા માટે યોજાએલું છે તે પણ યોગ્ય ઉઠાવ પામી શક્યું છે.

દલપતરામ સુધારાવાદી છે. પરંતુ તે આત્યંતિક નથી. વિધવાવિવાહ તેમને ઈષ્ટ છે, કારણ અનાચાર કરતાં પુનર્વિવાહ સારો એવી તેમને પ્રતીતિ છે. તેમ છતાં એમાં પણ સંયમ તરફ એમનું મન ઝૂકે છે. પુનર્વિવાહ માટે પણ એમની નીતિ 'ધીરેધીરે સુધારાનો સાર'—ની છે. 'વેનચરિત્ર'માં એ પદ દલપતરામની સમગ્ર જીવનસુધારણાના અંકરૂપ છે. એમણે વિધવાવિવાહની સાથે બાળલગ્નનિષેધ, કન્યાશિક્ષણ ઈત્યાદિ અનેક પ્રશ્નોની આ સુદીર્ઘ કાવ્યમાં છણાવટ કરી છે. અલબત્ત દલપતરામમાં પ્રમાણવિવેક નથી. વાર્તાપ્રવાહને અવરોધીને સ્વચ્છંદે તે સુધારાની બોધવાણી ઉચ્ચારે છે. તદુપરાંત વિવેચક સુંદરમ્ નોંધે છે તેમ (અર્વાચીન કવિતા, ઈ. ૧૯૪૬. પૃ. ૨૩-૨૪) 'જૂના પૌરાણિક કાળમાં, ઓગણીસમી સદીના ગુજરાતના વિધવાજીવનના પ્રશ્નો મૂકવામાં ઐતિહાસિક વાતાવરણનો દ્રોહ થાય છે એ વાતને, દલપતરામના આ પ્રકારની દૃષ્ટિના તદ્દન અભાવવાળા જમાનાને ખ્યાલમાં રાખી બહુ મોટી ખામી તરીકે મહત્ત્વ ન આપીએ તો ચાલે, પણ કાવ્યમાં આ હકીકત રસના અનૌચિત્યનું એક મોટું કારણ બને છે.' પ્રેમાનંદના જેવી

લઘુકથા

સોઇ ઝાટકીને....

પ્રા. ઈજ્જતકુમાર આર. ત્રિવેદી

અંતે દાસભાઈએ વજેસંગ પર સોઈ ઝાટકીને એવું તો વેર વાળ્યું કે ઠેઠ સુધી તેને કળ વળી જ નહિ.

શહેરમાંથી હટાણું કરીને પાછા ફરતાં દાસભાઈના પાલાવાળા ગાડાએ ઘેઘૂર વનરાઈમાં પ્રવેશ કર્યો ત્યાં તો મૂશળધાર વરસાદ તૂટી પડયો ને પવન સુસવાટા મારવા લાગ્યો. જગ્યા જરા ભે વાળી ગણાતી એટલે સાવચેતી ખાતર દાસભાઈએ ગાડામાં ગોદડી નીચે ઢાંકી રાખેલી બંદૂક બહાર કાઢી. એમાં દારૂ તો ધરબેલો હતો જ, જામગરી એમણે પેટાવી લીધી. અને એક ખોંખારો ખાધો. દાસભાઈ જાતે તો કાપડનો વેપારી વાણિયો, પણ ભડ હતો. અટાણુ લગી તો ગામતરામાં બે બાવડાં એ જ એનાં હથિયાર હતાં, પણ છેલ્લા પ્રસંગથી તે ચેતી ગયો હતો....

બાદું કળ લાગતાં થોડા વખત પહેલાં એણે પંથકના માથાભારે વજેસંગને નાણાં ધીરવાની ના પાડી ત્યારે બેયની વચ્ચે થોડી બોલાચાલી થઈ હતી. થોડા દિવસ પછી ગામને પાદર વાવ પાસે રમતા દાસભાઈના સાત વરસના દીકરાને વજેસંગે વાવમાં ફેંકી દીધો હતો. આ તે દિવસ કેડે બંદૂક લીધા વિના દાસભાઈ બહાર નીકળતો નહિ, અને આ તે દિવસથી વજેસંગ પણ દાસભાઈથી સંતાતો ફરતો. પણ આજે જાણે કુદરતે જ એને દાસભાઇની સામે હાજર કરી દીધો.

દાસભાઈની બીકથી વજેસંગ પોતાના દીકરાને હમેશાં પોતાની હારે જ રાખતો. આજે પોતાના કોઈ સગાના વિવાહ ઉકેલીને એ પાછો આવતો હતો. એમાં દાસભાઈની જેમ એ બાપદીકરો પણ આ વરસાદમાં સલવાઈ ગયા હતા.

વરસાદમાં પલળવાથી ને સુસવાતા ટાઢા બોળ પવનમાં તેનો નાનો છોકરો તો ઠરીને ઠીકરું થઈ ગયો'તો. એમાં અત્યારે દાસભાઈ ભટકાઈ ગયો, એટલું જ નહિ એના હાથમાં તૈયાર બંદૂક ને સળગતી વાટ પણ વજેસંગે ભાળી, ને એના મોતિયા મરી ગયા.

મુદ્દલ અને વ્યાજ બન્ને સાથે જ વસૂલ કરી લેવાનો આવો મઝાનો મોકો દેવા બદલ ભગવાનનો પાડ માનતો દાસભાઈ ઠેકડો મારતોક ને વજેસંગની સામે ખડો થઇ ગયો. બંદૂકથી ઈશારત કરીને એણે છોકરાને લઇને વજેસંગને ગાડામાં ચડી જવા કહ્યું અને ગાડું ગામ ભણી હંકાર્યું. વજેસંગ તો કાંઇ કરી શકે તેમ નહોતો, પણ દાસભાઇએ શહેરમાંથી આણેલા નવા તાકામાંથી થોડું કાપડ ફાડીને એનો ગોટો કર્યો, ને ગાડામાં પાથરેલી ગોદડીનો ડૂચો કરીને એમાં જામગરીની વાટ ચાંપી. એના શેકથી હૂંફવાઈ ગએલા છોકરાએ જ્યારે પહેલો હોંકારો દીધો ત્યારે ગામનું પાદર આવી ગયું હતું. ગરમાવો મળી જતાં છોકરાને તો કળ વળી ગઈ, પણ આમ દાસભાઈએ જે રીતે વેર વાળ્યું એનો ઘા વજેસંઘના દિલમાં ઊંડો ઊતરી ગયો.

નાનીમોટી ચોરી અને લૂંટફાટ છોડી દઈને જાતમજૂરી કરવા માંડેલા વજેસંગમાં થએલા આ ફેરફારનું રહસ્ય ગામલોકો મથવા છતાં હજી સમજી શકયા નથી. □

રસનિષ્પત્તિની કલા પણ તેમનામાં નથી. કેટલીક વાર એમનો કરુણ, હાસ્યનો વિભાવ બની જાય છે. કથાની સંકલના પણ તે સુદૃઢ રચી શકયા નથી. 'વેનચરિત્ર'માં આવી નાની મોટી અનેક મર્યાદા છે તથાપિ તે એમના યુગની લોકપ્રિય કૃતિ હતી અને તેનાં આખ્યાન પણ જાહેરમાં થતાં. નર્મદના 'હિંદુઓની પડતી' અને દલપરામનું 'વેનચરિત્ર' એ બે એ જમાનાની સમાજસુધારણાનો પોકાર સંભળાવતી શકવર્તી કૃતિઓ છે.

દલપતરામની શ્રીજીના જીવનનું વિગતે ચરિત્ર આલેખતી કૃતિ 'હરિલીલામૃતમ્' છે. ઈ. ૧૮૮૪માં વડતાલના સ્વામી સંપ્રદાયના મંદિરમાં આચાર્યપદે શ્રી વિહારીલાલજી હતા. તેમના આદેશથી દલપતરામે આ ગ્રન્થ એ મંદિરમાં રહીને દસ વર્ષના ગાળામાં (ઈ. ૧૮૮૪ થી ૧૮૯૪) કટકે કટકે રચ્યો. એ ગ્રન્થમાં સ્વામીશ્રી સહજાનંદના ધર્મવિજયની કથા છે. તેનો પ્રથમ ખંડ ઈ. ૧૯૨૮માં અને દ્વિતીય ખંડ ઈ. ૧૯૩૫માં પ્રકટ થયો. કવિએ એના કર્તા તરીકે આચાર્યશ્રી વિહારીલાલજીનું નામ મૂકયું છે એ ઋણસ્વીકાર માટે હશે, પરંતુ દલપતરામની કલમ અપ્રકટ રહી શકી નથી. આ ગ્રન્થમાં શ્રીજીના જીવનની નાની મોટી ઘટનાઓ, તેમની ધર્મપ્રવૃત્તિ, તેમના તપોમય અને પ્રતિભાસંપન્ન ચરિત્રનો છેક નીચી ગણાતી કોમ સુધી પ્રભાવ, ચમત્કારો, શ્રીજીની માણકી ઘોડી, એમનાં ધર્મપર્યટનો, રાજકોટમાં મુંબાઈના ગવર્નરની સાથે તેમની મુલાકાત, તેમનું નિર્વાણ ઈત્યાદિનું ચિત્રણ છે. મુંબાઈના ગવર્નરની મુલાકાત પછી સાધુ નિત્યાનંદ શ્રીજીને પ્રશ્ન કરે છે:

અંગરેજ તણું રાજ જેહ, રહેશે કયાં લગી કહો તેહ.

શ્રીજી જવાબ આપે છે કે અંગ્રેજી રાજ્ય સર્જનહારની કૃપાનું ફળ છે પણ

જ્યારે સાધુને તે પિડા કરશે, ન્યાય મૂકી અન્યાય આદરશે
જોર પામી જુલમગાર થશે, ત્યારે તેનું નકી રાજ જાશે.

શ્રીજીના નિર્વાણપ્રસંગનું વર્ણન પણ હૃદયસ્પર્શી છે. આ ગ્રન્થ સંપ્રદાયની ભાવનાઓ સમજવા માટે તેમ જ તત્કાલીન ગુજરાતનું સાંસ્કૃતિક ચિત્ર ગ્રહણ કરવા માટે દસ્તાવેજની ગરજ સારે તેવો છે. કવિએ અહીં સંસ્કૃત વૃત્તો ઉપરાંત દેશી ઢાળ પણ પ્રયોજ્યા છે. (ચાલુ)

અનુસંધાન] **પલાશપુષ્પ** [પૃષ્ઠ ૯૪થી

ખાખરાના વૃક્ષ ઉપર લાખના કીટ ઉછેરવામાં આવે છે. કેસૂડાંનાં ફૂલ પણ ઔષધીય ગુણવાળાં ગણાય છે. એનો ઉકાળો મૂત્રકૃચ્છ્ર અને મૂત્રઘાત નિવારે છે. રક્તપ્રદરમાં પણ કેસૂડાં ઉપયોગી ગણાય છે, તેમ જ તેના રસમાં મધ નાખીને આંજવાથી આંખોનો મેલ દૂર થાય છે. ખાખરાનાં બીજ વાયુ અને કફનો નાશ કરે છે. પેટના કૃમિના નાશ માટે પણ અકસીર ગણાય છે. અતિસારમાં બીજનો કવાથ અપાય છે. ખાખરાનો ગુંદર પણ શીતલ અને શક્તિવર્ધક મનાય છે, અને એનાં મૂળનો અર્ક તો આંખનાં ટીપાં તરીકે વિખ્યાત છે જ.

ખાખરાનો પ્રસાર બીજ વડે થાય છે. આ બીજ બહુ ટકાઉ ન હોઈ પાકયા પછી વરસાદ આવતાં જ એને રોપી દેવાં જોઇએ. ઊગ્યા પછી ખાખરો ધીમેધીમે વધે છે.

ભાવપ્રકાશે પલાશને વર્ણવતાં કહ્યું છે—

पलाशः किंशुकः पर्णः यज्ञियो रक्तपुष्पकः ।
क्षारश्रेष्ठो वातहरः ब्रह्मवृक्षः समिद्-वंर ॥

એ જ રીતે શિવદત્તે પણ કહ્યું છે—

पलाश-पादपः सिद्धः त्रिदलः शिशिरे क्षयः ।
कृष्णवृन्तोज्ज्वल - रक्तपुष्पश्च तिक्त-बीजकः ॥
एक बीजायतशिम्बी त्रिपर्णश्च समिद्-वरः ।
गुणैः सर्वे समा ज्ञेयाः सितो विज्ञानदः परः ॥

કહે છે કે બંગાળમાં કલાઈવ અને સિરાજુદ્દૌલા વચ્ચે જે ઇતિહાસ પ્રસિદ્ધ યુદ્ધ ખેલાએલું તે પલાસીના યુદ્ધના નામે ઓળખાય છે તે પણ એ પ્રદેશમાં પુષ્કળ પલાશ વૃક્ષો હોવા ઉપરથી જ. □

સાહિત્યસંપર્ક

મણિભાઇનું આત્મવૃત્તાન્ત

ધીરુ પરીખ

શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃત્તાન્ત ડૉ. ધીરુભાઈ ઠાકરે સંપાદિત કરીને પ્રકટ કર્યું છે ત્યારે આપણા સાહિત્યના પંડિત યુગના સાક્ષરવર્ય મણિભાઇની આંતરછબીને નિકટથી અને યથાતથ નિહાળવાનો જે યોગ સર્જાયો છે તે અભ્યાસીઓને તો મૂલ્યવાન છે જ, પણ સામાન્ય વાચક માટે ય નવલકથાના વાચનનો વિસ્મયજન્ય આનંદ પૂરો પાડી રહે છે. પોતે લખી રાખેલી, પરંતુ એમાંની કેટલીક ખુલ્લી વાતોને લીધે અન્યોને આંચ ના આવે એ વિવેકથી, નહિ કે જાત-બદગોઈ થાય એ ડરથી, એમણે એ આત્મકથા શ્રી આનંદશંકર ધ્રુવને પોતાની હયાતી બાદ છપાય એવા ઇરાદાથી સોંપી રાખેલી. પરંતુ પરિષ્કૃત રુચિના વિદ્વાન આનંદશંકરભાઇને એમાંની કેટલીક રજૂઆત અપરિષ્કૃત લાગતાં એના પ્રાકટ્યને ઠેલ્યા કરેલું, અને શ્રી અંબુભાઈ પુરાણી જેવાઓની એ આત્મકથા પ્રકટ કરવાની માગને વશ થઈ 'વસંત' સામયિકમાં કકડે કકડે આત્મકથાના આરંભનાં ૮૧ પૃષ્ઠો એમણે પ્રકટ કર્યાં હતાં. પરન્તુ ડૉ. ધીરુભાઈ ઠાકરે ભારે જહેમતથી સંપાદિત કરેલું પ્રસ્તુત આત્મવૃત્તાન્ત આજે સંપૂર્ણ સ્વરૂપે પ્રકટ થાય છે ત્યારે નિરપેક્ષપણે ચરિત્રનાયકને સમજવા-મૂલવવામાં ખૂબ જ ઉપકારક થઈ રહેશે.

આ આત્મવૃત્તાન્તને બે ખંડોમાં વહેંચી નાખવામાં આવ્યું છે. 'પૂર્વકથા' નામક પ્રથમ ખંડનાં પાંચ પ્રકરણોમાં ચરિત્રનાયકના કુટુંબની, શાળા શેરી અને સોબતની, ઉચ્ચ અભ્યાસની, ઉત્કર્ષ અને અધ્યાપક કારકિર્દીની સવિગત રજૂઆત કરવામાં આવી છે. આમ, આ પ્રથમ ખંડ શ્રી મણિભાઇનો જીવન ઇતિહાસ રજૂ કરે છે. આ પ્રકરણો દરમિયાન ચરિત્રનાયકના જીવનના ઇતિહાસની સાથેસાથે એ જમાનાના સમાજની પણ ઝાંખી થઈ રહે છે. સંકુચિત વિચારદષ્ટિ, અંધ માન્યતાઓ, શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા આદિ લોકમાનસનાં પાસાંનો પરિચય અહીં અનુસ્યૂત છે. બીજો વિભાગ 'ડાયરી'નો છે. એમાં ૧૭-૭-૧૮૮૭ થી ૨૨-૮-૧૮૯૫ સુધીની વાસરિકા યથાતથ સ્વરૂપે રજૂ થએલી છે, જેમાંની વિગતો શ્રી મણિભાઈના આંતરબાહ્ય સંઘર્ષની ને એમનાં વર્તનવિચારોનાં પરિબળોની ઠીકઠીક સમજ આપી રહે છે. આ વિભાગ વધુ નિખાલસ હોઈ વાચકને એ ચરિત્રનાયકની સન્મુખે નિકટમાં ખડો કરી દે છે. એક રીતે જોવા જઈએ તો આ આત્મવૃત્તાન્તનો પ્રથમ ખંડ આ બીજા ખંડમાં ચરિત્રનાયકના જીવનની જે વાતો-વિગતો આવે છે તેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવા માટેની પૂર્વભૂમિકા બની રહે છે.

આત્મવૃત્તાન્તકારે આરંભે જ પૃ. ૩-૪ પર પોતાની કેફિયત જણાવી છે : 'આ લખવામાં મારા ગુણનું બ્યાન કરી, દોષ ઉપર ઢાંકપિછોડો કરવાનો હેતુ નથી. મારા ગુણ વિષે કાંઈ ન બોલતાં કેટલીક હકીકત માત્ર જ આપવી અને તે પરથી વિચારવંતને અનુમાન કરવા દેવું એમ મારો વિચાર છે, પણ દોષ વિષે તો યથાર્થ વર્ણન આપી જે હોય તે જરા પણ સંકોચ વિના જાહેર કરવું એ મારો મુખ્ય ઉદ્દેશ છે.' લેખકે આમ 'હકીકત માત્ર જ' આપવાનો અને 'સંકોચ વિના' સ્વદોષોને જાહેર કરવાનો ઉદ્દેશ સુપેરે પાર પાડયો છે તે આત્મકથાના સ્વરૂપના તથ્યદર્શનના પાસાને વળગી રહેવાની તેમની વૃત્તિ દર્શાવે છે. પરન્તુ નિરૂપણમાં સારાસાર વિવેક એ પણ ચરિત્રકારનો આવશ્યક ગુણ છે તેનું કયાંક કયાંક આ મહાપંડિતને વિસ્મરણ થયાનું લાગ્યા વગર રહેતું નથી. પરિણામે પૃ. ૬૬ અને પૃ. ૮૪ પરના કેટલાક ઉલ્લેખોમાં વપરાએલી ભાષા અને અભિવ્યક્તિ અરુચિકર બની રહે છે ત્યારે લાગ્યા વગર રહેતું નથી કે નિખાલસતા એ નગ્નતાનો પર્યાય નથી. ગાંધીજીએ આત્મકથામાં પોતાનાં સ્ખલનો સત્યનો ભોગ આપ્યા વગર સંયમથી રજૂ કર્યાં જ છે ને !

શ્રી મણિભાઈની આ આત્મકથા ઉક્ત બે વિભાગોને ધ્યાનમાં લેતાં કથા અને વાસરિકાનું સંમિશ્રણ છે. એ બંનેમાંથી સાચદિલ નિર્બળ મનુષ્ય ને સાચમતિ નિર્મળ વિદ્વાનની સમ્યક્ છબી ઊપસી રહે છે. આખરે એવી પ્રતીતિ થયા વગર રહેશે નહિ કે આ ચરિત્રનો નાયક એક 'ટ્રૅજિક હિરો' છે. ડૉ. ધીરુભાઇએ ઘણા વખતથી પડી રહેલી આ આત્મકથાને પ્રકટ કરીને આત્મકથાના સાહિત્યમાં ખૂટતો સીમાસ્તંભ પૂરો કરી આપ્યો છે. (પ્ર. નવભારત સાહિત્ય મંદિર, મુંબાઈ–અમદાવાદ; પૃ. ૨૪૪, પાકું પૂઠું, રૂ. ૨૧.) □

દિવંગત

નવલકથાકાર વારેન્દ્રનાથ વસુ

બંગ ભાષાના લબ્ધપ્રતિષ્ઠ નવલકથા-લેખક શ્રી વારેન્દ્રનાથ વસુ ૨૩મી જાન્યુઆરીએ (૧૯૮૦) ૬૨ વર્ષની ઉમરે કલકત્તામાં અવસાન પામ્યા. તેઓ સૈનિકજીવન-આલેખનમાં સારી ખ્યાતિ પામ્યા છે. બીજા વિશ્વયુદ્ધનાં ભીષણ દશ્યો અને અનુભવોને તાદશ રૂપ આપતી એમની નવલકથા 'રંગરૂટ' એ એમની સર્વોત્તમ કૃતિ મનાય છે. તેનાં યુરોપ અને ભારતવર્ષની અનેક ભાષાઓમાં ભાષાન્તર થયાં છે. રશિયન અને ચીની ભાષામાં પણ એ અનુવાદિત થઈ છે. 'જંગે વિયેતનામ' અને 'બાબૂરામેર ચિઠ્ઠી' એ એમની બીજી બે નવલકથાઓ વિખ્યાત બની છે. તેઓ અપરિણીત હતા અને બીજા વિશ્વયુદ્ધમાં એમણે બ્રિટિશ સેનામાં કામ કર્યું હતું.

સાહિત્ય-સેવક દાદા સર્વતે

સુપ્રતિષ્ઠિત મરાઠી-ભાષી હિંદી સાહિત્યકાર દાદા સર્વતે (શ્રી રામચંદ્ર રઘુનાથ સર્વતે) ૮૬ વર્ષની ઉમરે જબલપુરમાં છઠ્ઠી ડિસેમ્બરે (૧૯૭૯) સ્વર્ગવાસી થયા. તેઓ મધ્ય પ્રદેશના સાગર જિલ્લાના વતની હતા. એમણે ૧૦૦ ઉપર ગ્રંથોની રચના કરી છે, જેમાં નિબંધો, વાર્તાઓ, જીવનચરિત્રો, કૃષિવિદ્યાનાં પુસ્તકોનો સમાવેશ થાય છે. ખાસ કરીને એમણે મરાઠી સાહિત્યના ઉત્કૃષ્ટ મનીષીઓ પૈકી શ્રી મામા વરેરકર, શ્રી વિષ્ણુ સખારામ ખાંડેકર, આચાર્ય પ્રહ્લાદ કેશવ અત્રે, અને પુ. લ. દેશપાંડે વગેરેની કૃતિઓનાં હિંદી ભાષાન્તરો પણ કર્યાં છે : એમની અનેક કૃતિઓ માટે પુરસ્કારો પણ પ્રાપ્ત થયા છે. તેઓ સિદ્ધહસ્ત ભાષાંતરકાર મનાતા હતા.

બાલસાહિત્યકાર સ્વર્ણ–સહોદરજી

હિન્દીના સુકવિ અને બાલ સાહિત્યના સ્રષ્ટા તરીકે સારી ખ્યાતિ પામેલી સ્વર્ણ-સહોદરજી (ખરું નામ શ્રી સભામોહન અવધિયા) એંશી વર્ષની ઉમરે ૨૬મી જાન્યુઆરીને દિવસે જબલપુરમાં અવસાન પામ્યા. ગયે વર્ષે જ ઉત્તર પ્રદેશની સરકારે, એમને હિંદી સાહિત્યની ઉત્તમ સેવાઓ બદલ પાંચ હજાર રૂપિયાનું ઈનામ આપ્યું હતું. જબલપુરના હિંદી માસિક પત્ર 'છાત્રસહોદર'માં તેઓ છેલ્લાં પચાસ વર્ષથી તરુણોપયોગી સાહિત્ય રજૂ કરતા હતા. શિક્ષક તરીકે પણ એમની સારી ખ્યાતિ હતી. નિવૃત્ત થયા પછી તેઓ હિંદીમાં 'મુહાવરા ને કહેવતો'ના કોશની રચના કરી રહ્યા હતા.

—શંકરદેવ વિદ્યાલંકાર

આવકાર

આર. આર. શેઠની કંપની
મુંબઈ-૨, અમદાવાદ-૧

વ્યર્થ કક્કો છળ બારાખડી : લે. ભગવતીકુમાર શર્મા. પૃ. ૧૫૫, પાકું, રૂ. ૧૦-૭૫.

દહેશત : લે. સારંગ બારોટ. પૃ. ૩૫૧, પાકું પૂઠું, રૂ. ૨૨-૨૫.

ઊડી ઊડી જાવ પારેવાં : લે. શિવકુમાર જોશી. પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂ. ૧૩-૭૫.

પ્રલંબ પંથ : લે. પિનાકિન દવે. પૃ. ૨૨૪, પાકું પૂઠું, રૂ. ૧૪-૫૦.

ઘન મધરાતે ભાગ ૧ : (પુનર્મુદ્રણ) લે. શિવકુમાર જોશી. પૃ. ૩૬૪, પાકું પૂઠું, રૂ ૨૩-૨૫.

ઘન મધરાતે ભાગ ૨ : (પુનર્મુદ્રણ) લે. શિવકુમાર જોશી. પૃ. ૩૪૦, પાકું, રૂ ૨૧-૭૫.

મરીચિકા : (પુનર્મુદ્રણ) લે. શિવકુમાર જોશી. પૃ. ૩૫૬, પાકું પૂઠું, રૂ. ૨૩.

લોકપ્રિય પ્રકાશન
મુંબઈ-૨

બે વરસની મધરાતે : લે. આબિદ સુરતી. પૃ. ૨૯૪, પાકું પૂઠું, રૂ. ૧૯-૦૦.

ફૂલનું બીજું નામ : લે. દીલિપ રાણપુરા. પૃ. ૨૮૮, પાકું પૂઠું, રૂ. ૧૮-૭૫.

બીલોરી શમણાં : લે. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ. પૃ. ૩૬૪, પાકું પૂઠું, રૂ. ૨૩-૨૫.

દીવાલ : લે. ગુણવંત ભટ્ટ. પૃ. ૧૯૯, પાકું પૂઠું, રૂ. ૧૩-૦૦.

અશોક પ્રકાશન
૨૧, વિશ્વશાંતિ સોસાયટી, મલાડ, મુંબઈ-૬૪

બાકી રાત : લે. ચન્દ્રકાન્ત બક્ષી. પૃ. ૨૨૦, પાકું પૂઠું, રૂ. ૧૫-૦૦.

બોલ્યું ચાલ્યું માફ કરજો : અજય કોઠારી. પૃ. ૯૮, કાચું પૂઠું, રૂ. ૧૦.

હથેળીના હુન્નરો : લે. પ્રકાશ જે. શાહ. પૃ. ૪૩૭, પાકું પૂઠું, રૂ. ૩૦.

પુરાણયોગી મોરારજી દેસાઈ : લે. કનુ દેસાઈ. પૃ. ૧૨૪, કાચું પૂઠું, રૂ. ૯-૦૦.

હૈયું સળગે હેતની આગે : લે. રસિક મહેતા. પૃ. ૨૫૪, પાકું પૂઠું, રૂ. ૧૯-૦૦.

સાજન ઘર જાવા દે : લે. રસિક મહેતા. પૃ. ૩૮૨, પાકું પૂઠું, રૂ. ૨૬-૦૦.

અન્ય પ્રકાશકોનાં

સ્કુટર : લે. અમૃતલાલ છ. શાહ. પ્ર. નવભારત સાહિત્ય મંદિર, મુંબાઈ-૨. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૬-૦૦.

ડોલતું રમકડું : લે. કે. ચન્દ્રનાથ. પ્ર. જિજ્ઞેશ પ્રકાશન, પંડિત બિલ્ડિંગ, ત્રણ દરવાજા બહાર, જામનગર. પૃ. ૧૦૦, કાચું, રૂ. ૭.

ભારતીય દર્શનો : સં. રતિલાલ જોશી અને જિતેન્દ્ર દવે. પ્ર. બ્રહ્મસત્ર પ્રબંધક સમિતિ, સર્વોદય આશ્રમ, વાલમ. પૃ. ૨૨૧, પાકું પૂઠું, રૂ. ૭-૦૦.

ઈતરેતર : લે. વિજય શાસ્ત્રી. પ્ર. સાહિત્ય-સંગમ, બાવાસીદી, ગોપીપુરા, સૂરત. પૃ. ૨૪૦, કાચું પૂઠું, રૂ. ૧૫-૦૦.

દક્ષિણા : લે રાજેન્દ્ર શાહ. પ્ર. પોતે, મણિભુવન, ભૂલેશ્વર, મુંબઈ-૨. પૃ. ૭૬, કાચું પૂઠું, રૂ. ૭-૦૦.

તર્કશક્તિની ગમ્મત માણીએ : લે. મીનાક્ષી દોરા. પ્ર. ગ્રંથલોક, ત્રીજા માળે, ગાંધી રોડ, અમદાવાદ-૧. પૃ. ૮૦, પાકું, રૂ. ૭-૫૦.

યાદશક્તિની સફળ તરકીબો : લે. પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૧૮, પાકું, રૂ. ૯-૫૦.

'એસેન્શિયલ ઇંગ્લિશ ફૉર ગુજરાતીઝ ગોઇંગ એબ્રોડ' : અનુ. શિરીષકાન્ત દેસાઈ. પ્ર. ઉપર મુજબ, પૃ. ૨૬૪, કાચું પૂઠું, રૂ. ૨૧-૦૦.

જયપ્રકાશ નારાયણ : (પ. પુ. ૫૦૫) લે. નારાયણ દેસાઈ. પ્ર. પરિચય ટ્રસ્ટ, મુંબઈ-૨. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧-૦૦.

ભારતની આધુનિક ચિત્રકળા : (પ. પુ. ૫૦૬) લે. વર્ષા દાસ. પ્ર. ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧-૦૦.

જોયું મેં ઈશાન : લે. ડૉ. નરેશ ભટ્ટ. પ્ર. વલસાડ જેસિસ, આઝાદ ચોક, વલસાડ, પૃ. ૧૧૨, કાચું પૂઠું, રૂ. ૧૦-૦૦.

સ્ત્રી-પરિચય : લે. રજની આશર. પ્ર. વિચાર વલોણું પરિવાર પ્રકાશન, વલ્લભવિદ્યાનગર, પૃ. ૫૨, કાચું પૂઠું, રૂ. ૩-૦૦.

નવાં પુસ્તકો

રાષ્ટ્રભાષા પુસ્તકમંદિર
૪/૭૭૩ • ટાવરરોડ • સૂરત

સાહિત્યકાર જયંતી દલાલ : અનુભવી અધ્યાપક ડૉ. સી. એચ. ગાંધી 'સુહાસી'એ આપણા જાણીતા લેખક જયંતી દલાલની વિવિધ ક્ષેત્રીય સર્જક પ્રતિભાને એમની ઉત્તમ કૃતિઓના સંગ્રહના સંદર્ભમાં અહીં તપાસવાનો સમ્યક્ પ્રયાસ કર્યો છે. એમનો આ અભ્યાસ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડી રહેશે. (કાચું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. ૧૦.)

મહાન વૈજ્ઞાનિકો : ૧૩ વિદેશી વિજ્ઞાનીઓનાં પ્રેરક જીવનચરિત્રોની આ બીજી આવૃત્તિ એની લોકપ્રિયતા પુરવાર કરે છે. (લે. અમૃત મોદી. કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ ૨-૭૫.)

નેપોલિયન બોનાપાર્ટ : નેપોલિયન બોનાપાર્ટનું આ પ્રેરક જીવનચરિત્ર કિશોરોને જરૂર વાંચવું ગમે તેવી સરળ શૈલીમાં લખાયું છે. (લે. ઉપર મુજબ. કાચું, પૃ. ૪૩, રૂ. ૨-૨૫.)

સ્વામી રામતીર્થ : જાણીતા લેખક શ્રી મુકુલભાઈ કલાર્થીની રસળતી કલમે લખાએલું સિદ્ધ-સંત સ્વામી રામતીર્થનું આ લઘુચરિત્ર એમના જીવનનાં વિવિધ પાસાંઓને સચોટ રીતે રજૂ કરે છે, જે કિશોરોને પ્રેરણાદાયક છે. (કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨-૨૫.)

અન્ય પ્રકાશકોનાં

ઉદ્‌ગીતિ : શ્રી રાજેન્દ્ર શાહનો આ દસમો કાવ્યસંગ્રહ ગીતોનો સંચય છે. એક સફળ ગીતકવિ તરીકે શ્રી રાજેન્દ્ર શાહે સંપાદન કરેલી પ્રતિષ્ઠા અહીં લય, ભાવ અને અભિવ્યક્તિ પક્ષે અકબંધ રહી છે એ એમની સર્જકતાની સમથળ વહી રહેલી ભરતીની સૂચક ઘટના છે. વળી, આ સંગ્રહનાં ગીતો તેમનાં અગાઉનાં ગીતોને મુકાબલે વધુ જ્ઞાનગર્ભ બન્યાં હોઈ, જો તેમાંની ભાષાના સંકેતો ઊકલી જાય તો ભાવકને એ અભિધાના રસસૌન્દર્યથી આગળ લઈ જાય તેવાં છે. (ત્રિપાઠી પ્રા. લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨. કાચું, પૃ. ૧૦૮, રૂ. ૧૦.)

પુષ્પોની પરબ : શ્રી ઇશ્વરચંદ્ર ભટ્ટના આ લેખસંગ્રહમાં પ્રકૃતિ, સંસ્કૃતિ ને વ્યક્તિવિષયક ચારુ લખાણો સમાવાયાં છે. એમાં પૌરાણિક પાત્રોના વ્યક્તિત્વમાંથી પણ અસરકારક પ્રસંગોને લેખકે નિજી રીતે નિરૂપ્યાં છે. આ નિબંધોમાં સર્જકનો પ્રકૃતિ અને પુરાણપ્રેમ અછતો રહેતો નથી. એની લખાવટમાં સર્જક-કલ્પનાનો રંગ સુપેરે ભળ્યો હોઈ એ સુવાચ્ય, અને જીવનરસ ભળ્યો હોઈ એ સુપથ્ય નિબંધો બની શક્યા છે. (પ્રાપ્તિસ્થાન શબ્દલોક પ્રકાશન, ૫, સર્વોદય કૉમર્શિયલ સેન્ટર, પહેલે માળ, સલાપસ રોડ, જી. પી. ઓ. પાસે, અમદાવાદ ૧. પાકું પૂઠું, પૃ. ૧૩૪, રૂ. ૯-૫૦.)

શબરી : મૂળ રામાયણના પ્રસિદ્ધ સ્ત્રી-પાત્ર શબરીને કેન્દ્રમાં રાખી એના બાલ્ય, કે-

શૌર્ય, યુવાની, પ્રૌઢાવસ્થા, વાર્ધક્ય આદિનો જીવનક્રમ આલેખી અહીં પ્રસિદ્ધ કવિ પૂજાલાલે એક વિકાસોન્મુખ સરલહૃદયી ભક્ત આત્માની જ કથા નિરૂપી છે. મનહરના લયાવર્તનોમાં ૪૦ કંડિકાઓ પાડી આ કાવ્યની થએલી રચના સંસ્કૃત પરિપાટીના ખંડકાવ્યની યાદ આપી રહે છે. ભાવ, ભાષા, લય, કલ્પના, અલંકાર આદિથી ઓપતી આ કથા કવિપ્રતિભાના સ્પર્શની દ્યોતક હોઈ આસ્વાદ્ય છે. (શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી; કાચું પૂઠું, પૃ. ૧૦૮, રૂ. ૫.)

પિયા બિન : શ્રી નાથાલાલ દવેનાં ૫૭ કાવ્યોના આ સંગ્રહમાં જે કાવ્ય પરથી આ સંગ્રહનું નામકરણ થયું છે તે 'પિયા બિન' જેવી લાંબી રચનાથી માંડી મુક્તકો સંગૃહીત થયાં છે. દેશપ્રેમ, પ્રકૃતિ, પ્રભુ, પ્રણય આદિ વિષયોને અહીં વૃત્તબદ્ધ રચનાઓ અને ગેય કૃતિઓમાં સાહજિક અભિવ્યક્તિથી સેવવામાં આવ્યા છે તેમાં કવિની છંદ પરની હથોટી ને ભાષા-લય પરનું પ્રભુત્વ જોવા મળે છે. પ્રસ્તાવનામાં એમણે અમેરિકન કવિ વૉલ્ટ વ્હિટમનનો અભિપ્રાય ટાંક્યો છે; 'નથિંગ ઈઝ બેટર ધૅન સિમ્પ્લિસિટી' તે આ સંગ્રહની રચનાઓમાં આસ્વાદવા મળે છે. (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૬.)

અમાનત : સિદ્ધ ગઝલકાર શ્રી કિસ્મત કુરેશીના આ ગઝલ સંગ્રહમાં પરંપરાગત ગઝલમિજાજને નિજી ભાષાશક્તિ અને અભિવ્યક્તિથી મહાલવવામાં આવ્યો હોઈ અહીંની કૃતિઓ કાવ્યત્વનો પણ સારો સ્પર્શ કરી શકી છે. એમાંના ભાવોનું વૈવિધ્ય અને સચ્ચાઈ આકર્ષક છે. (સુમન પ્રકાશન, ૮૬, ડામર ગલી, મુંબઈ-૯; કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૩-૫૦.)

હવાની હવેલી : જાણીતા શાયર શેખાદમ આબુવાલાનો આ ૮મો કાવ્યસંગ્રહ છે. અહીં રજૂ થએલી ગઝલોમાં કવિના રોમૅન્ટિક મિજાજની સાથે સાથે જે સચ્ચાઇનો રણકો ભળ્યો છે તે આ રચનાઓને આસ્વાદ્ય બનાવે છે. ક્યારેક એમાં મુશાયરાની મજાકિયા ગંધ પણ આવે છે. શેખાદમ કશા જ છોછ વગર લખનારા કવિ છે તે અહીં પણ પ્રતીત થાય છે. વિવિધ બંધોમાં રચાએલી આ ગઝલો અભિવ્યક્તિના સારલ્યને લીધે ચોટદાર બની શકી છે. (રૂપાલી પબ્લિકેશન્સ, પીરમહંમદ શાહ મૅન્શન, ધીકાંટા કૉર્નર, રિલીફ રોડ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૧૦.)

શ્વાસ ભીતરથી ફોરે : શ્રી મફત ઓઝાના આ નાનકડા ગીતસંગ્રહમાં આજની પાટીએ લખાતાં લય હિલ્લોળ અને અભિવ્યક્તિના રોમૅન્ટિક લેબાસવાળાં કેટલાંક ચાલુ ગીતો રજૂ થયાં છે. અત્રતત્ર કવિત્વની છાંટથી એ આકર્ષક પણ બન્યાં છે. વિવિધ ભાવવિશ્વને અહીં ગીતબદ્ધ કરવાનો કવિએ સભાન પ્રયત્ન કર્યો છે. (આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ રોડ, અમદાવાદ-૧; કાચું, પૃ. ૩૨, રૂ. ૬.)


ઘટના : એસ. એસ. રાહીનો આ પ્રથમ કાવ્યસંગ્રહ નવા ગઝલકારોમાં એમને આશાસ્પદ ઠેરવી રહે છે. ગઝલના છંદોવિધાનથી, માંડી ભાષા, અભિવ્યક્તિ, પ્રતીક, કલ્પન બધે આધુનિકતાનો સ્પર્શ અને સભાનતા જોવા મળે છે. આ ગઝલો એમની પાસેથી વધુ સારી રચનાઓની આશા જન્માવે તેવી હોઇ આવકાર્ય છે. અહીં રજૂ થએલી ગઝલેતર રચનાઓ અછાંદસ છે ને તે સર્જાતી ગદ્યકવિતાની છાયામાં ઊછરી છે. પરિણામે એમાં કોઈ આગવો વિશેષ પ્રકટ્યો નથી. (કૈઝર ઇલેક્ટ્રિકલ્સ, સાંગણવા ચોક, રાજકોટ. કાચું, પૃ. ૪૮, રૂ. ૫.)

ક્રમશઃ : શ્રી રમેશ આચાર્યના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં 'પુલ', 'ટાપુ', 'આંગળીઓ', 'ચહેરો', 'કાન', 'વૃક્ષ' જેવાં એક-કલ્પન (મૉનો ઇમેઈજ) કાવ્યો આપવામાં આવ્યાં છે. કાન, ચહેરો અને વૃક્ષની રચનાઓ પ્રમાણમાં વધુ સારી બની શકી છે. ક્યારેક એવું પણ લાગે કે કલ્પનને તાણીતૂસીને લંબાવવામાં આવ્યું છે. અને ઘણી વાર એ રચનાઓ તરંગથી આગળ ન વધતી હોય એવું પણ લાગે છે. એકંદરે એમનો આ પ્રથમ પ્રયાસ ધ્યાનપાત્ર તો છે જ. (ચારુ પ્રકાશન, સ્ટેશનરોડ, હળવદ; કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૫.)

અસ્ત : શ્રી મહેન્દ્ર ગોહિલના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં થોડાં ગીતો અને ઘણાંખરાં અછાંદસ કાવ્યો સંગૃહીત થયાં છે. ગદ્યકાવ્યોમાં આધુનિક સંવેદના અને અભિવ્યક્તિનો આશ્રય લેવાયો છે તો થોડાં ગીતોમાં પણ વિષયવૈવિધ્ય ધ્યાનાર્હ છે; જો કે અહીંની ગદ્યરચનાઓમાં કાવ્યત્વની કોટિએ પહોંચતી સર્વાંગ સંપૂર્ણરચનાઓ કરતાં કાવ્યાભાસી ગદ્યરચનાઓ વિશેષ છે. આમ છતાં ઠેરઠેર કવિત્વની છાંટ વેરાએલી છે તે કવિ પાસેથી સારી રચનાઓની ભાવિ પ્રાપ્તિની આશા જન્માવે છે. (રૂપાલી પબ્લિકેશન્સ, પીરમહંમદ શાહ મૅન્શન, ધીકાંટા, રિલીફ રોડ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૯૨, રૂ. ૫.)

વિસ્તરતું રહેશે આકાશ : આકાશનું એક-કલ્પન કેન્દ્રમાં રાખી રચાએલી આ સંગ્રહની એકાવન રચનાઓમાં તેનાં કવયિત્રી રીતા ભટ્ટના ઊર્મિલ હૈયાની સદ્ય પ્રતીતિ થયા વગર રહેતી નથી. ગદ્યમાં કંડારાએલી આમાં-

શતરંજના કોયડા-૩



કાળાએ રમવાનું અને સફેદે બે ચાલમાં કાળાની મદદથી કાળાને મ્હાત કરવાનું.

આ સ્પર્ધામાં ત્રીજો કોયડો એક Fairy chess problem છે. તેમાં સફેદ બે ચાલમાં Help-mate કરે છે. વાચકોને યાદ હશે કે Help-mate કોયડામાં રમતની શરૂઆત કાળો કરે છે. કાળાં અને સફેદ મ્હોરાં એક જ હેતુથી, એટલે કે કાળા રાજાને મ્હાત કરવા માટે ચાલવામાં આવે છે.

ઉકેલમાં Set play તેમ જ ચાવી પછીનો ઉકેલ આપવો જરૂરી છે. આપનો ઉકેલ ૧૫મી એપ્રિલ સુધીમાં નીચેના સરનામે મોકલો.

Suresh M. Mody
H-6 Saraswati Society, Govandi Road, Chembur, Bombay-400071

સાચો ઉકેલ, ભાગ લેનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ જૂન ૧૯૮૦ના અંકમાં આપવામાં આવશે. —સુરેશ મોદી

ની કેટલીક રચનાઓ ભાવની સચોટતા તો કેટલીક રચનાઓ અભિવ્યક્તિની આધુનિકતાને લીધે ગમી જાય તેવી છે. આકાશ અહીં વેદનાનો પર્યાય બનીને જાણે આવી ઊભે છે. આ રચનાઓ જોતાં કવયિત્રીનું કાવ્ય આકાશ પણ વિસ્તરતું રહો એમ કહેવાનું મન થાય છે. (પ્ર. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૫૧, રૂ. ૮.)

સ્મરણપથ : શ્રી ગોવિંદ પરમારની ગઝલોનો આ પ્રથમ સંગ્રહ ભાવની સચ્ચાઈ ને અભિવ્યક્તિની સાહજિકતાથી હૃદયસ્પર્શી બન્યો છે. નાવીન્યનો મોહ રાખ્યા વગર કે સભાનતા સેવ્યા વગર ગઝલકારે અહીં દર્દેદિલને નૈસર્ગિક રીતે વહેવા દીધું છે. ગઝલના બંધ પરનો તેમનો કાબૂ પણ ધ્યાનપાત્ર છે. (પ્રાપ્તિસ્થાન : 'બઝમે-શાગિલ' C/o ડૉ.

પચ્ચીસ વર્ષ પહેલાં



વર્ષ ૧૯૫૫ · સળંગ અંક ૩૩૫

આજથી પચ્ચીસ વર્ષ પહેલાં આવેલી શ્રી બાપાલાલ ગ. વૈદ્યની આપણી 'સ્વાસ્થ્યની સંસ્કૃતિ' ઉપરની નાની પણ પ્રબોધક નોંધ ઉતારીએ :

આયુર્વેદે ઉપદેશેલી દિનચર્યાનું રોજ પાલન કરવામાં આવે તો ભાગ્યે જ માણસો માંદા પડે. પ્રાતઃકાલે બ્રાહ્મમુહૂર્તમાં ઊઠવું, શૌચ જવું, દાતણ કરવું, મોંમાં તેલના કોગળા ભરવા, વ્યાયામ કરવો, તેલનું અભ્યંગ કરી સ્નાન કરવું, સ્વચ્છ વસ્ત્રો પહેરવાં, આંખોમાં રોજ અંજન આંજવું, યજ્ઞ જેવી પવિત્ર ભાવનાથી અન્ન જમવું, જમ્યા પછી તામ્બૂલભક્ષણ કરી રાજવત્ શાંતિથી કલાકેક સ્વસ્થ થઈ બેસવું, ધર્મથી અવિરુદ્ધ એવો વૃત્તિકર ધંધો કરવો, ધર્માચરણ કરવું, મન અને શરીરના વેગોને રોકવા, શરીર એ આત્માનું ભોગાયતન ગણી તેને પવિત્ર રાખવું—આ બધું આયુર્વેદ ઉપરાંત આપણાં ધર્મશાસ્ત્રોમાં પણ છૂટથી વેરાએલું છે. આથી જ હિંદની પ્રજા આટઆટલાં ધમાસણો વચ્ચે પણ જીવતી રતી. ત્યારે આજની માફક સુંવાળાપણામાં આપણે રાચતા નહિ. શરીર ને મનને એક અખંડિત એકમ માનીને યમ-નિયમોનું નિષ્ઠાપૂર્વક પાલન કરતા. અને આ વિચારો આપણે લોકોનાં હૃદયમાં ઉતાર્યા. મનુ, યાજ્ઞવલ્ક્ય ને પરાશરની સ્મૃતિઓએ. રામાયણ, મહાભારત તથા કાવ્ય-નાટકોએ આ સ્વાસ્થ્ય–સંસ્કૃતિનો પ્રચાર કર્યો. પ્રચારનાં બાહ્ય સાધનો વગર બ્રાહ્મણ સંસ્કૃતિએ જે પ્રચાર હિંદમાં કર્યો છે તે અદ્‌ભુત છે.

આજે આપણી પાસે જ્ઞાનપ્રાપ્તિનાં ઘણાં સાધનો છે. રોજ રેડિયોના વર્તમાન, વિદ્વાનોનાં ભાષણો, મૅજિક લૅટર્ન દ્વારા જ્ઞાન અને હજારો સામયિકોનાં વાચન વગેરે છતાં પ્રજા પાણી પૂર્વવત્ જ ચાલે છે. પશ્ચિમ ઑસ્ટ્રેલિયાના હેલ્થ કમિશનર ડૉ. ઍટકિન્સ કહે છે તેમ આપણે આજે જ્ઞાનનો 'પ્રચાર' કરવામાં ભલે પ્રગતિ સાધી હશે, પરંતુ એનું 'આચરણ' જીવનમાં ઊતરે એવું આપણે કરી શક્યા નથી. આનો ઉપાય શો? ઉત્તર એ છે કે આપણે આ પ્રશ્નને ખોટી રીતે જોઇએ છીએ. વિજ્ઞાન શીખવતા હોઇએ એ રીતે આપણે એ રજૂ કર્યું છે; પરંતુ કલ્પના, નવી દષ્ટિ કે ભાવના આપણે જાગ્રત કરી શક્યા નથી. એને માટે આપણે ત્યાં 'સંસ્કાર' શબ્દ વાપર્યો છે. સંસ્કારોનું વહન કરે એનું નામ સંસ્કૃતિ. જાણીને જે જીવનમાં ઉતારે તે જ સાચો પંડિત. આપણા સાધુ, સંન્યાસી અને શિક્ષકોએ પેટે પાટા બાંધીને આ સંસ્કારોને પ્રજા પાસે પહોંચાડયા છે. એમના જીવનમાં એ જ્ઞાન મૂર્તિમંત બની રહેતું હતું. અને એ જ ખરો માર્ગ છે.

ગ્રાહકોને

બહારગામના ગ્રાહકોને વિનંતિ કે તેઓ તેમનું 'કુમાર'નું લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી મોકલી આપે. ચેક સ્વીકારવામાં આવશે નહિ.

લવંગ

પાન ખાવાથી મોઢું આવી ગયું હોય તો લવંગ મોઢામાં રાખવાથી જલદી આરામ થશે.
વારેઘડીએ તરસ લાગતી હોય તો લવંગ મોઢામાં રાખી મૂકવાથી તરસ છીપાશે.
લવંગને ખિસ્સામાં રાખી મૂકશો તો કપડાં ખાતાં જંતુઓ દૂર રહેશે.
દાઢમાં ચસકા નાખતા હોય તો તેમાં લવંગ દબાવી મૂકવાથી રાહત રહેશે.
ખૂબ ઉધરસ આવતી હોય તો લવંગનો રસ ચૂસવાથી ઉધરસ અટકી જશે.
શરદીને કારણે બેઠેલો અવાજ મોઢામાં લવંગ રાખી મૂકવાથી ધીમેધીમે ખૂલી જશે.
કોઈ ચેપી દરદવાળા માનવી પાસે જવાનું હોય તો મોઢામાં લવંગ રાખી મૂકશો અને બહાર નીકળીને લવંગ અને થૂંક થૂંકી નાખશો તો જંતુઓથી બચશો.
ભૂખ અને તાકાત માટે લવંગ અનોખા ઔષધ સમાન છે.

હરીશ બી. ત્રિવેદી, મટવા કૂવા, કલોલ; કાચું પૂંઠું, પૃ. ૬૦, રૂ. ૪.)

વરધા : પોતાની પુત્રીના અવસાનથી પ્રકટેલા શોકને કવિશ્રી ચંપકલાલ વ્યાસે અહીં સૉનેટ રૂપોમાં સંયમથી ઢાળી કરુણ પ્રશસ્તિનાં કેટલાંક કલાપરિણામો પ્રકટાવ્યાં છે તે સહૃદય ભાવકને જરૂર સ્પર્શી જાય તેવાં છે. (પ્ર. શરદ ચંપકલાલ વ્યાસ, કણુત્રા રોડ, વ્યારા; કાચું પૂંઠું, પૃ. ૬૬, મૂલ્ય જણાવ્યું નથી.)

સોમા : હરિગીતની ૪૦૫ કડીઓમાં ઋગ્વેદકાલીન સોમરસનું નવીન તરંગમય સ્વરૂપે એટલે કે પરમ તત્ત્વની કોટિએ, અહીં નિરૂપણ થયું છે. સમગ્ર કાવ્ય ઝંખના, વિરહ, દર્શન અને મિલન એમ ચાર વિભાગોમાં વહેંચાએલું છે. સ્થૂળમાં સૂક્ષ્મનું દર્શન કરતી કવિદષ્ટિનો અહીં સુપેરે પરિચય મળી રહે છે. છંદ પરનું પ્રભુત્વ અને તરંગલીલા આ કાવ્યની આસ્વાદ્યતામાં ઑર ઉમેરો કરે છે. (શ્રી પુસ્તક મંદિર, કૃષ્ણ સિનેમા સામે; અમદાવાદ-૧; પાકું પૂંઠું, પૃ. ૧૩૬, રૂ. ૭-૬૦.) —ધી. પ.

∞

પરિચયન : અધ્યયનનિષ્ઠ ને અધ્યાત્મનિષ્ઠ અધ્યાપક પ્રા. રમેશ ભટ્ટના આ સમીક્ષાગ્રંથમાં કુલ ૯૩ કૃતિઓનાં પરિચયાત્મક અવલોકનો મહદ્ અંશે ગુણદર્શી દષ્ટિએ કરવામાં આવ્યાં છે. આમાં નવલકથાઓ, કાવ્યસંગ્રહો અને પ્રવાસગ્રંથો ઉપરાંત તત્ત્વજ્ઞાન ને ગાંધીસાહિત્યનાં અવલોકનો પણ સમાવેશ કરવામાં આવ્યાં છે. એમનાં લલિત સાહિત્યનાં અવલોકનો કરતાં ધર્મ અને તત્ત્વજ્ઞાનને લગતાં પુસ્તકોનાં અવલોકનમાં પ્રા. રમેશ ભટ્ટ વધારે ખીલતા જણાય છે. એનું કારણ અધ્યાત્મ તત્ત્વની એમની ઊંડી સૂઝ અને એ દિશાની યત્કિંચિત ગતિ છે. અવલોકનો પરિચયદર્શી અને સંક્ષિપ્ત હોવા છતાં સમીક્ષક વિવેચ્ય કૃતિના મર્મને સ્પર્શ કરવામાં ક્યાંય ચૂક કરતા નથી એ એમની સિદ્ધિ છે. (પ્ર. રમેશ ભટ્ટ, ૩૨, પંચવટી, મણિનગર, અમદાવાદ-૯, પાકું પૂંઠું, પૃ. ૧૨૭, રૂ. ૧૦).

ભારતીય દર્શનો : વાલમના સર્વોદય આશ્રમમાં ૧૯૭૫ના મે માસમાં આયોજિત બ્રહ્મ સત્રમાં સ્વામીશ્રી સચ્ચિદાનંદ મહારાજે વૈદિક દર્શનોમાં જ્ઞાન, ભક્તિ અને કર્મના સમન્વય પર કેવી રીતે ભાર મૂકવામાં આવ્યો છે એની વિશદ ચર્ચા કરતાં કરેલાં પ્રવચનોનો આ સંગ્રહ ભારતનાં વિવિધ દર્શનોનો ઐતિહાસિક ખયાલ આપી એમાં શું સ્વીકારવા જેવું છે એની સરળ અને લોકભોગ્ય ભાષામાં સમજૂતી આપે છે. આપણાં દર્શનોને સમજવાની નવી દષ્ટિ આપતા આ ગ્રંથમાં સ્વામીજીએ બુદ્ધિ અને શ્રદ્ધા, આધ્યાત્મિકતા અને ભૌતિકતા એ બંનેનો સમન્વય કરવાની સલાહ આપી જીવન જીવવાની એક નવી દષ્ટિ આપી છે. (સંકલનકાર: રતિલાલ જોશી, જિતેન્દ્ર સી. દવે, પ્ર. બ્રહ્મસત્ર પ્રબંધક સમિતિ, સર્વોદય આશ્રમ, વાલમ. પાકું પૂંઠું, પૃ. ૨૨૧, રૂ. ૭). —બહાદુરશાહ પંડિત

અવાંતર

એમ. આર. આચરેકર





'રૂપદર્શની'નાં બે પૃષ્ઠ. અજંતાનાં ભીંતચિત્રો અને પ્રાચીન શિલ્પોના આધારે આચરેકરે ચિત્રકલામાં માનવદેહ-પ્રમાણનું આલેખન કરી બતાવ્યું છે તે કલાશાળાના વર્ગોમાં ગ્રીક રોમન શિલ્પોના આધારે શીખવાતા દેહપ્રમાણ જેટલું જ વાસ્તવિક તો છે જ, ઉપરાંત એમાં આદર્શ કલામયતા પણ તેમણે સાબિત કરી આપીને ભારતીય કલાનું ગૌરવ સાબિત કર્યું છે. (નીચે) એમનું એક પ્રખ્યાત ઑઈલ પેઇન્ટિંગ 'પ્રસાધન'.

ચિત્રકલાને જનસામાન્યની વધુ નજીક લાવવામાં મહારાષ્ટ્રમાં બે કલાકારોનાં નામ મુખ્ય છે : પહેલા રા. બ. ધુરંધર અને બીજા આચરેકર. મુંબાઈની વિખ્યાત કલાશાળા સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટમાં એમણે કરેલા કલાશિક્ષણના કાર્ય દ્વારા તથા પોતે કરેલાં ચિત્રસર્જનો દ્વારા પોતપોતાના સમયમાં આ બંનેએ કલાપ્રસારમાં મોટી દેણગી દાખવી છે. જનજીવનનાં વિધવિધ પાસાંને અનેકાનેક રીતે ચિત્રિત કરીને ચિત્રકળાનો ચાહક વર્ગ વિસ્તાર્યો છે. આમાં પણ કીર્તિ લોકપ્રિયતા અને વ્યાવહારિક યશની દૃષ્ટિએ આચરેકર જેટલી ઉપલબ્ધી મહારાષ્ટ્રમાં ભાગ્યે જ કોઈ ચિત્રકારે મેળવી હશે. અલબત્ત એમની આ સિદ્ધિઓમાં સિનેજગતમાં કલાનિર્દેશ તરીકે-ની એમની કામગીરીનો મોટો હિસ્સો પણ છે જ, છતાં ચિત્રકાર તરીકે એમની આગવી કલાશક્તિ પણ એટલી જ કારણભૂત રહી છે.

પેન્સિલ ડ્રૉઇંગના તો તેઓ ઉસ્તાદ હતા જ, જલરંગમાં કામ કરનાર-વૉટરકલરિસ્ટ તરીકે, તેમાં ચે પોર્ટ્રેટ-પેઇન્ટિંગમાં એમની ખ્યાતિ હતી. અલબત્ત, એમના એ સમયમાં એમ. એસ. જોષી તથા હળદણકર પિતાપુત્ર પણ વૉટરકલરિસ્ટ તરીકે એવા જ વિખ્યાત હતા. આચરેકરની આ ખ્યાતિને પડછે એમની તૈલ-રંગમાં મેળવેલી સિદ્ધિ કંઈક ઢંકાઈ જાય છે, ને ઉત્તરાયુષ્યનાં એમનાં તૈલરંગી ચિત્રો બહુધા એમના સિનેસૃષ્ટિના સહવાસથી રંજનપ્રધાન



પણ બનેલાં ને પ્રમાણમાં કંઈક ઓછા તાકાત-વર પણ લાગે છે, પરંતુ આ માધ્યમ પર પણ એમનું પ્રભુત્વ ઘણું સારું હતું. મહારાષ્ટ્રનાં પાત્રો આલેખવામાં એમની સ્ત્રીઓની નવ વારી સાડીને તાદૃશ ચીતરવી એ એક કસોટીભર્યું ચિત્રાલેખન રહ્યું છે, પણ એમને તો એ નાન-પણથી સાધ્ય હતું. સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટના સંગ્રહમાંનું એમનું 'પ્રસાધન' નામનું ચિત્ર એમની ચિત્રશક્તિ અને તૈલરંગ પરના એમના કાબૂની સાક્ષી પૂરે છે. માધ્યમ કે રેખાં-કન પરની એમની પકડમાં જરાય ઢીલાશ વર-તાતી નથી, કે નથી એમના રંગલેખન, રંગ-યોજના કે ચિત્રસંયોજનમાં જરાશી કૃત્રિમતા.

મુરલીધર રામચંદ્ર આચરેકર એ એમનું પૂરું નામ. આપ્તમંડળીમાં તેઓ 'ભાઉસાહેબ' નામે ઓળખાતા. લંડનની રૉયલ કૉલેજ ઑાવ આર્ટમાં પાંચ વર્ષ કલાનું ઉચ્ચ શિક્ષણ લઈ વિદેશથી પાછા ફર્યા બાદ ગવર્નર જનરલ લૉર્ડ વિલિંગ્ડને એમને પોતાની છબી બ-નાવવા બોલાવેલા. નવી દિલ્હીની કાઉન્સિલ ચેમ્બરમાં એ છબિની સાથેની પહેલી ગોળ-મેજી પરિષદનું પણ જે એક વિશાળ ચિત્ર છે તે પણ એમણે જ કરેલું છે. પંચમ જ્યૉર્જના રાજ્યશાસનની રૌપ્ય જયંતી પ્રસંગે એ ઐતિ-હાસિક ઉજવણીનાં ચિત્રોની માળા ચીતરવા માટે પણ એમને જ અહીંથી વાઈસરૉયે ઇંગ્લૅંડ મોકલ્યા હતા. વિદેશ તો તેઓ અવારનવાર જતા રહ્યા હતા. સિનેમાના કામ અંગે પણ એમને આમ પરદેશ જવાનું બનતું રહેતું. હિંદી રાજવીઓના દરબારનાં પણ એમણે ઘણાં ચિત્રો કરેલાં જેના થકી એમને વ્યાપક નામના મળેલી. સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટ-ના ઉપસંચાલક તરીકે પણ કામ કરેલું. એમણે પોતાની જ એક કળાશાળા પણ સ્થાપી હતી. આ આચરેકર ઍકૅડેમી ઑાવ આર્ટમાં એઓ આધુનિક કળાના સૌમ્ય ઠાવકા પ્રવાહોની અવગણના કે અસ્વીકાર કર્યા વગર પરંપરિત શૈલીમાં ચિત્રકળાનું શિક્ષણ આપતા. ચિત્ર-પ્રદર્શનોમાં પણ તેઓ ભાગ લેતા રહેતા. મું-બાઈની આર્ટ સોસાએટી અને નૅશનલ એક્ઝિ-બિશન ઑાવ આર્ટની નિર્વાચન ને નિર્ણા-યક સમિતિમાં તેઓ આજીવન સદસ્ય હતા.

'રૂપદર્શિની' અને 'શાંતિદૂત' આદિ કેટલાંક પ્રકાશનો પણ એમણે પ્રકટ કરેલાં. આમાં 'રૂપ-દર્શિની'માં તેમણે પ્રાચીન ભારતીય કલામાં રજૂ થએલાં માનવદેહનાં આલેખનોને, ગ્રીક ને રોમન નમૂનાઓ પરથી ચિત્રશાળાઓમાં શીખવાતાં માનવદેહનાં પ્રમાણ અને વિવિધ ભંગિઓનાં આલેખનોની તુલના કરીને પરં-પરિત ભારતીય ચિત્રાંકનમાં અકુદરતી, અણ-ઘડ કે જીવ વિનાનું આલેખન હોવાની માન્ય-તાને આધારહીન બતાવી છે. વળી, ચિત્રકળામાં માનવપાત્રોનાં આલેખનોમાં દેહપ્રમાણ વગેરે અંગેની એક આગવી આદર્શ દૃષ્ટિ ને કલાત્મ-કતા પ્રતિપાદિત કરી છે.

ગયા વર્ષના અંતમાં એમનું અવસાન થતાં એમની પેઢીના એક અગ્રગણ્ય કલાનિષ્ઠની ખોટ પડી છે. □

ટિકિટ-સંગ્રહ



ભારતીય ડાક-વિકાસની ઝાંખી

છેલ્લાં સવાસો વર્ષમાં ભારતના ટપાલ ખાતાએ ઘણો વિકાસ સાધ્યો છે. પોસ્ટકાર્ડને વ્યવહારમાં મુકાયાને ગયા વર્ષે સો વર્ષ પૂરાં થયાં. આંતરદેશીય હવાઈ ડાકને પચાસ અને હિન્દુસ્તાનની પહેલી ટપાલ-ટિકિટ બહાર પડયાને સવા સો વર્ષ થયાં. આ બધા યાદગાર તબક્કાઓ નિમિત્તે જે ખાસ ટપાલટિકિટો બહાર પડતી રહી તેમાંની આ ચાર છેલ્લી ટિકિટો છે.

હિન્દુસ્તાનમાં લશ્કરની આગવી ટપાલ-વ્યવસ્થા હતી જે નાગરિક ડાકવ્યવસ્થા સાથે મળીને કામ કરતી. 'મેવાડ ફિલ્ડ ફૉર્સ'ની ટપાલ ઍજન્સી એ આ પ્રકારની સૌથી જૂની ડાક વ્યવસ્થા હતી. ઉપર પહેલી ટિકિટ પર પોતાના આગવા ધ્વજ સાથે સેનાના ડાક-દફતરના તંબૂનું ચિત્ર આપ્યું છે, તે ઉપરાંત, મેવાડ ફિલ્ડ ફોર્સની (૧૮૩૩) સેના સાથે ઈરાનના રણમોરચે કામ કરતી ડાક ઑફિસની (૧૮૫૭) અને હાલની (૧૯૭૯)ની આર્મી પોસ્ટ ઑફિસની રદ્દીકરણની છાપો પણ આપી છે. બીજી ટિકિટ ઉપર ઈ. ૧૮૭૯માં પ્રચલિત એક મનીઑર્ડર ફૉર્મ તથા એ સમયના કેટલાક પ્રચલિત સિક્કા આપ્યા છે. સરકારી તિજોરી દ્વારા પૈસાની લેવડદેવડની મનીઑર્ડર જેવી એક પ્રથા તો ચાલુ થએલી પણ ત્યારે માત્ર ૨૮૩ સ્થળોએ જ ટ્રેઝરી ઑફિસો હોવાથી કેટલીક અગવડો પણ પડતી જ. અંતે ૧૮૮૦માં આ લેવડદેવડનો વહીવટ પોસ્ટ ઑફિસોને સોંપાયો, કારણ તેની સંખ્યા ત્યારે ટ્રેઝરી કરતાં ઘણી વધુ—૫૫૦૦ જેટલી હતી. ટપાલ દ્વારા ઘેર બેઠાં પૈસા મળે તેવી આ પ્રથા ઘણો આવકાર પામી. ત્રીજી ટિકિટ ઉપર ત્રાંબાના પાતળા ટોકનની બે બાજુઓ બતાવી છે. આ ટોકન ટપાલનો દર ચુકવાઈ ગયાની પહોંચ રૂપ હતો. વૉરન હૅસ્ટિંગ્સના સમયમાં ટપાલ-વ્યવસ્થા વધુ વ્યવસ્થિત ને વિકસિત બની હતી. ઈ. ૧૭૭૦માં સરકારી વહીવટી મથકો અને મુખ્યમુખ્ય નગરો વચ્ચે નિયમિત અઠવાડિક ટપાલની આવજા શરૂ થઈ. ૧૭૭૪માં એ રોજિંદી બની અને પોસ્ટ માસ્ટર જનરલની નિમણૂક થઈ. દર ૧૦૦ માઇલે બે આના (આજના ૧૨ પૈસા)નો દર નિશ્ચિત થયો અને એ ચુકવાયાની પહોંચ રૂપે આ તાંબાના ટોકન અપાતા. ચોથી ટિકિટ પર સર રોલૅન્ડ હિલની છબિ તથા ઇંગ્લૅન્ડમાં કિડરમિન્સ્ટરમાંના એમના જન્મસ્થાનનું ચિત્ર છે. સર રોલૅન્ડે લાંબાટૂંકા બધા અંતર માટે એક સરખા ટપાલદર, આ દરની આગોતરી ચૂકવણી અને એ ચૂકવણીની પહોંચ રૂપ ટપાલટિકિટનાં સૂચનો કરેલાં. જે સ્વીકારાતાં ઈ. ૧૮૪૦માં પહેલવહેલી ટપાલટિકિટ બહાર પડેલી. ઈ. ૧૮૭૯માં એમનું અવસાન થએલું. ટપાલ ખાતાએ એમના અવસાનની શતાબ્દી નિમિત્તે આ ખાસ ટિકિટ દ્વારા એમને અંજલિ આપી છે.

(ટિકિટો મોકલનાર · કિરણ જોષી · અમદાવાદ)

ચાલુ વર્ષનાં પારિતોષિકો

લેખકોને નિમંત્રણ

'કુમાર'ના ૧૯૮૦ના ચાલુ વર્ષમાં નીચે મુજબનાં પારિતોષિકો આપવામાં આવનાર છે

૧) **કુમાર-ચન્દ્રક** : વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ સર્જન-પ્રવૃત્તિ કે લેખન-પ્રવૃત્તિ માટે વર્ષોવર્ષ અપાતો ચન્દ્રક

૨) રૂ. ૫૦૧ **સ્વ. કેશવલાલ જૂઠાભાઈ દડિયા સાહિત્ય પારિતોષિક** તેમના પરિવાર તરફથી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટે

૩) રૂ. ૧૦૧ **શ્રી છોટાલાલ માવજી કોઠારી** તરફથી વર્ષ દરમ્યાનના પ્રાચીન ઇતિહાસ અને પુરાતત્ત્વ વિષયક લેખો પૈકી શ્રેષ્ઠને

૪) રૂ. ૫૧ **દીપ્તિ-સ્મૃતિ પારિતોષિક** : સપ્ટેમ્બર ૧૯૭૮ થી ઑગસ્ટ ૧૯૭૯ સુધીના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી ઉદાત્ત સંસ્કારોને પ્રતિબિંબિત કરતી મૌલિક અને પ્રેરક કૃતિઓમાંથી શ્રેષ્ઠ લેખના લેખકને

૫) રૂ. ૫૧ **ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી** તરફથી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ વિજ્ઞાનલેખ માટે

૬) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ મૌલિક વાર્તા કે નાટિકા માટે

૭) રૂ. ૩૦ **એક લેખક** તરફથી વર્ષભરમાં પ્રકટ થએલાં કાવ્યો પૈકી શ્રેષ્ઠને


૮) રૂ. ૨૫ **ગિરીશકાકા પારિતોષિક** તેમના પરિવાર તરફથી વર્ષ દરમિયાનના શ્રેષ્ઠ જોડણીશુદ્ધ અને વ્યાકરણશુદ્ધ લેખ માટે

૯) રૂ. ૨૫ **એક સદ્‌ગૃહસ્થ તરફથી**: ઈ. ૧૯૭૯ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી 'મેં સાહસ કર્યું' એ માળાના શ્રેષ્ઠ પ્રસંગ માટે

૧૦) રૂ. ૫૧ **ડૉ. ભાસ્કર ડી. આચાર્ય** તરફથી એમનાં માતુશ્રી કસ્તૂરબેનના સ્મરણાર્થે વિ. સં. ૨૦૩૬ના કાર્તિકથી આસો માસ દરમિયાન 'કુમાર'માં આવેલા શ્રેષ્ઠ કાવ્યને

૧૧) રૂ. ૫૧ **ડૉ. ભાસ્કર ડી. આચાર્ય** તરફથી (ઉપર મુજબ) વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ વાર્તા માટે

ધાર્મિક સંજ્ઞાઓ : સ્વસ્તિક



એક મંગલ ચિહ્ન તરીકે સ્વસ્તિક બહુ પ્રાચીન કાળથી આપણે ત્યાં પરિચિત ને પ્રચલિત છે. મોંએ-જો દડોમાં પણ સ્વસ્તિક જેવા મળ્યા છે. અન્ય દેશોમાં પણ એ પ્રચલિત હોવાનું સુવિદિત છે. માનવે સર્જેલાં ધર્મપ્રતીકોમાં સ્વસ્તિક એ કદાચ પ્રાચીનતમ સંજ્ઞા છે.

સ્વસ્તિકને આપણે કલ્યાણની ભાવના અને પ્રસન્નતાનો દ્યોતક માનીએ છીએ. ચારેય યુગમાં તે અક્ષુણ્ણ રહે છે. એવી શ્રદ્ધા પ્રચલિત છે. ચતુર્વિધ પુરુષાર્થનું પણ એ પ્રતીક મનાય છે.

સ્વસ્તિકનું મધ્યબિંદુ એ વિશ્વનું ગર્ભાશય છે. આ મધ્યબિંદુ રેખાઓમાં વિસ્તરે ને તેનો જે વ્યાસ રચાય તે લિંગતત્ત્વ. મહાયોનિમાં તે ઉક્ષોભ પ્રકટાવીને ઉત્પત્તિને પ્રેરણા આપે છે. આ રેખાઓ છેડે વળાંક લેતાં જડ અને ચેતન એવા ભિન્ન તત્ત્વોનું અદ્‌ભુત મિશ્રણ થઈને નામરૂપાત્મક વિશ્વ ઉદય પામે છે. આવાં અનેક તત્ત્વજ્ઞાનાત્મક રહસ્યો સ્વસ્તિક સાથે સાંકળેલાં છે.

જેની ભુજાઓ છેડેથી ડાબી તરફ વળે છે તે સ્વસ્તિક કાલિનો દ્યોતક હોઈ નારીતત્ત્વનું અને જમણી તરફ વળતી ભુજાઓવાળો સ્વસ્તિક ગણેશનું ચિહ્ન અને નરતત્ત્વનું પ્રતીક મનાય છે.

એક ઊભી અને તેને બરાબર મધ્યમાં કાપતી એવડી જ આડી રેખા એ સ્વસ્તિકની મૂળભૂત આકૃતિ. ઊભી રેખા તે જ્યોતિર્લિંગની પ્રતિનિધિ. જ્યોતિર્લિંગ એ વિશ્વોત્પત્તિનું મૂળ કારણ. જ્યારે આડી રેખા એ સૃષ્ટિના વિસ્તારની સૂચક. ઈશ્વરે આ ભૂતસૃષ્ટિનું નિર્માણ કરીને સર્વ દેવતાને પોતપોતાની શક્તિથી સહાય દઈ તેનો વિસ્તાર કર્યો એ સ્વસ્તિકનો એકભાવાર્થ.

બૌદ્ધોમાં પણ સ્વસ્તિકનું માહાત્મ્ય છે. તેમના પગલે દૂર પૂર્વના દેશોમાં ને ચીનમાં પણ તે પહોંચ્યાનું મનાય છે. જૈનોમાં પણ 'નંદ્યાવર્ત' સ્વસ્તિક મંગલ ગણાય છે.

ભારતનાં અનેક મંદિરની તળ રચનામાં સ્વસ્તિકના આકારનો ઉપયોગ થયો છે. શાંતિ, સમૃદ્ધિ અને મંગળના આ પ્રતીકની ચાતુર્માસ પૂજાનું એક વ્રત પણ પ્રચલિત છે. જેમાં આષાઢ સુદ ૧૧થી સુવાસિની સ્ત્રી સ્વસ્તિકની રંગોળી કરીને ચાર માસ સુધી લક્ષ્મીનારાયણનું પૂજન કરી સૌભાગ્ય અને સમૃદ્ધિની આકાંક્ષા કરે છે.



મધુકરી

જાદુ એવો જાય જડી
કે ચાહી શકું બે-ચાર ઘડી
ને ગાઈ શકું બે-ચાર કડી
તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું!
હું તો બસ ફરવા આવ્યો છું!

('છંદોલય'માંથી) —નિરંજન ભગત

ગોગરાના ગાંધી

ગાંધી પ્રણાલિના એક શ્રેષ્ઠ દેશસેવક ને સર્વોદય સમાજના એક મોટા વિજ્ઞાની સતીશચંદ્ર દાસગુપ્તાનું ગઈ ૨૪મી ડિસેમ્બરે (૧૯૭૯) કલકત્તામાં એક સો વર્ષની વયે અવસાન થતાં, હવે આ દેશમાં સંપૂર્ણ સાચા અર્થમાં દેશસેવક અને આ દેશની ખરેખર ગરીબ અને રાંક પ્રજાને માટે કાર્ય કરનાર નિસ્પૃહ, નિરાડંબરી જે ગણ્યાગાંઠ્યા મહાનુભાવો બચ્યા છે તેમાં એક ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

હાલ બાંગ્લા દેશના રંગપુર જિલ્લાના કુરીગ્રામ નામે ગામમાં ઈ. ૧૮૭૯ની ૧૪મી જૂને એમનો જન્મ થયેલો. કુચબિહારમાં એન્ટરન્સની અને કલકત્તાની રિપન કૉલેજમાંથી તેમણે ઈન્ટરમિડીએટની પરીક્ષાઓ પસાર કરેલી. અહીં તેઓને સુરેન્દ્રનાથ બૅનરજી જેવા ગુરુનો લાભ મળ્યો. એ પછી તેઓ રસાયણશાસ્ત્રના વિષય સાથે બી.એ. થયા. (એ સમયમાં વિજ્ઞાનના વિષય માટે અલગ ડિગ્રી અપાતી નહોતી.) કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં તેઓ ભણતા ત્યાં દેશના ખ્યાતનામ વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝ ને વિખ્યાત રસાયણશાસ્ત્રી આચાર્ય પ્રફુલ્લચંદ્ર રૉય જેવા એમના ગુરુઓ હતા. સુરેન્દ્રનાથે રોપેલાં દેશભક્તિનાં બીજ આ ગુરુઓ પાસે પાંગર્યાં તેની સાથોસાથ પ્રત્યેક બાબત પ્રત્યે એમનામાં વૈજ્ઞાનિક અભિગમ પણ કેળવાયો. આચાર્ય પી. સી. રૉયના માર્ગદર્શનમાં સતીશચન્દ્રએ રસાયણશાસ્ત્ર સાથે એમ.એ.ની ઉપાધિ પણ મેળવી. એ વર્ષે એ ઉપાધિ પ્રાપ્ત કરનાર માત્ર બે જ વિદ્યાર્થીઓમાંના એક તેઓ હતા.

બંગભંગ અને સ્વદેશીની ચળવળોનો એ જમાનો હતો. વિદેશી માલના બહિષ્કારની સાથે સ્વદેશી ઉદ્યોગો ખિલવવાની જે જરૂર હતી તેમાં આચાર્ય રૉયે બૅંગાલ કેમિકલ ઍન્ડ ફાર્માસ્યુટિકલ વર્ક્સની સ્થાપના કરી અને તેમાં સતીશચન્દ્રને પણ સાથે જોડી દીધા. એ સમયે સતીશબાબુનો કૉલેજનો અભ્યાસ પણ ચાલુ હતો, પણ આચાર્ય રૉયને એમની પ્રતિભાની પિછાન હતી. આ કાર્યમાં સતીશબાબુના સાથમાં એક એવા જ તેજસ્વી યુવાન રાજશેખર બોઝ પણ હતા. આ બોઝબાબુ રસાયણશાસ્ત્રી તો હતા જ, આ ઉપરાંત તેઓ એક અચ્છા હાસ્યલેખક પણ હતા અને આગળ જતાં એમણે બંગાળી શબ્દકોષનું સંપાદન પણ કરેલું.



વિજ્ઞાનના જાણકાર હોવા છતાં એમનું કાર્ય કંઈ સરળ નહોતું જ. રસાયણ-ઉદ્યોગમાં અનિવાર્ય એવા અનેક પદાર્થો ત્યારે બહારથી આયાત કરવા પડતા હતા. પરંતુ બૅંગાલ કેમિકલ જો એવી આયાત કરે તો તો એની સ્થાપનાનો મૂળભૂત ઉદ્દેશ જ માર્યો જાય. પણ આચાર્ય રૉયના માર્ગદર્શનમાં આ બંને યુવાન રસાયણશાસ્ત્રીઓએ ઉદ્યોગ માટે જોતાં પાયાનાં અનેક અગત્યનાં રસાયણો દેશી માલ-સામગ્રીમાંથી કારખાનામાં જ બનાવી લઈ સ્વાવલંબન સિદ્ધ કર્યું. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન અગ્નિશામક ગૅસની બહુ તંગી હતી ત્યારે અંગ્રેજ સરકારની વિનંતિથી બૅંગાલ કેમિકલે તેના ઉત્પાદનમાં રસ લીધો અને સતીશબાબુએ એવાં

અગ્નિશામક બનાવી આપ્યાં, જેને એમણે 'ફાયર-કિંગ' નામ આપેલું. એમની આ શોધ એટલી તો લોકપ્રિય નીવડી કે એ પ્રકારના પરદેશી માલની બજારમાં કોઈ કિંમત રહી નહિ. મેસોપોટેમિયામાં વાપરવા માટે સરકારે હજારો અગ્નિશામક ખરીદ્યાં અને તેમાંથી એક જ સોદામાં ચાર લાખ રૂપિયા જેટલો ચોખ્ખો નફો થયો હતો. આચાર્ય રૉયે તેમાંથી બે લાખ રૂપિયા, એ ફાયરકિંગના શોધક તરીકે સતીશ બાબુને આપ્યા હતા.

આમ, ચોત્રીસ વર્ષની વયે તો સતીશબાબુ ધનવાન બની ગયા. પરંતુ યુદ્ધોત્તર કાળની પરિસ્થિતિઓથી તેઓ અકળાતા હતા. એવામાં ગાંધીજીને મળવાનું થયું. ગાંધીજીના વ્યક્તિત્વ અને એમના રાજકીય આદર્શોથી પ્રભાવિત થઈ એમણે ગાંધીજી સાથે જોડાવાની ઈચ્છા પ્રકટ કરી. ગાંધીજીએ એમને ભારપૂર્વક એમનું કાર્ય જારી રાખવાનું તથા અવકાશના સમયમાં ખાદીપ્રચારનું કામ કરવા સૂચવ્યું. કલકત્તા પાછા ફરી તેઓ કાંતતાં શીખ્યા ને કારખાનામાં જ થોડી જગ્યામાં શાળો સુધ્ધાં ચાલુ કરી.

પણ લોકસેવા ને દેશને ખાતર જ જીવનભર કામ કરવાની ઈચ્છાથી એમણે ૧૯૨૩માં બૅંગાલ કેમિકલ છોડયું ને થોડા સમય પછી દેશબંધુ ચિત્તરંજનદાસ સાથે સ્વરાજ પાર્ટીમાં પણ કામ કર્યું ને પછી ગાંધીજીની આઝાદીની ચળવળો અને રચનાત્મક કાર્યોમાં સક્રિયપણે જોડાયા. 'ફાયરકિંગ'ની શોધ બદલ મળેલી ને વપરાયા વિના રહેલી રકમ એમણે ગાંધીજીને સોંપી. ગાંધીજીએ એ પેલા ખાદીપ્રચાર અને ગૃહઉદ્યોગના વિકાસ માટે વાપરવા સૂચવ્યું. વર્ધામાં ગાંધીજીએ સ્થાપેલા 'અખિલ ભારત ગ્રામોદ્યોગ સંઘ'માં રહી એમણે પોતાના વિજ્ઞાનના જ્ઞાનને અનેક દિશામાં પ્રયોજવા માંડેલું. રેંટિયાને એમણે વધુ કાર્યક્ષમ બનાવ્યો, તેલ કાઢવાની વધુ સરળ રીત વિકસાવી, વાંસની દિવાસળી અને કાગળ બનાવવાની સરળ રીતો શોધી, સેપ્ટિક ટૅન્ક અને ગોબર ગૅસ પ્લાન્ટ અંગે પણ પ્રયોગો કર્યા. ચર્મોદ્યોગના વિકાસ અર્થે પણ તેમણે અનેક નવી રીતો શોધી. ખાદીની રંગાવટ માટે પણ એમણે અનેક પ્રયોગો કર્યા જેમાં ખાખી રંગની રંગાવટ માટે એમણે વિકસાવેલી દેશી રીત મુખ્ય છે. દેશી કાચા માલનો ઉપયોગ કરીને અને દેશી સાધનસામગ્રીથી જ સરળતમ રીતે અનેક કાર્યો એમણે સિદ્ધ કરી બતાવ્યાં. ગાંધીજીનાં લગભગ બધાં જ વિધાયક કાર્યોમાં એમનું અનુસંધાન હતું. આ ઉપરાંત, કલકત્તા નજીક એમણે સ્થાપેલા 'ખાદી પ્રતિષ્ઠાન' દ્વારા પણ એમણે એ ક્ષેત્રે ઘણું કામ કરી બતાવવા ઉપરાંત અનેક નવા યુવાનોને આ દિશામાં તાલીમ આપી તૈયાર કરેલા.

ગાંધીજીના સૂચનથી એમણે ગામડાંના લોકો જાતે જ પોતાના સામાન્ય રોગો પારખીને તેના ઉપચાર કરી શકે એ માટે બહુ મહેનત લઈને એ વિષેનો અભ્યાસ કરીને 'હોમ ઍન્ડ વિલેજ ડૉક્ટર' નામની એક પુસ્તિકા લખેલી. અનેક પ્રાંત-ભાષાઓમાં એના અનુવાદ પણ થયા. સંપૂર્ણ ગૌવંશ રક્ષાના તેઓ હિમાયતી હતા. 'કાઉ ઈન ઈંડિયા' નામે પુસ્તકમાં એમણે ગાય, તેની ઉપયોગિતા, એની ખાસિયતો, એના રોગો ને તેના ઉપચાર, ખેતીની સાથે પૂરક વ્યવસાય તરીકે ગોપાલનનું મહત્ત્વ વગેરે વિધવિધ મુદ્દાઓ બહુ વિશદતાથી રજૂ કર્યા છે. છેલ્લે છેલ્લે બિનઉપજાઉ જમીનને છાણના ખાતર વડે ઉપજાઉ બનાવવા અંગેના વિવિધ પ્રયોગો તેઓ કરતા રહેતા હતા.

ગાંધીજીની આત્મકથાને મૂળ ગુજરાતીમાંથી બંગાળીમાં ઉતારવા તેઓ ગુજરાતી ભાષા શીખેલા. તુલસી કૃત 'રામચરિત માનસ'નું પણ એમણે બંગાળીમાં ભાષાંતર કરેલું. ટાગોર શતાબ્દી વખતે 'રવીન્દ્રનાથ ઍન્ડ ગાંધીજી' નામનું એમનું એક પુસ્તક પણ બહુ ખ્યાતિ પામેલું. આ ઉપરાંત પણ એમણે ઘણું લખેલું તથા 'રાષ્ટ્રવાણી' નામના એક હિંદી-અંગ્રેજી સાપ્તાહિકનું સંપાદન પણ કરેલું.

રાષ્ટ્રીય ચળવળોમાં તેઓ બધું મળી લગભગ આઠેક વર્ષ જેલમાં રહેલા. જેલમાં પણ તેઓ અન્ય કેદીઓને સુથારીકામ અને ગૃહઉદ્યોગનું શિક્ષણ આપતા. પણ સ્વાતંત્ર્યની ચળવળો અને રાષ્ટ્રની સેવા બદલ એમને તામ્રપત્ર અને પેન્શન આપવાનો પ્રસ્તાવ નકારી દીધો હતો. પં. નેહરુ અને ડૉ. બી. સી. રૉય જેવાએ ઉચ્ચ પદે એમની નિમણૂક કરવા વિચાર્યું ત્યારે એ પ્રસ્તાવો પણ એમણે પાછા વાળેલા. એક માત્ર ખાદી-ગ્રામોદ્યોગ કમિશનના ચૅરમૅનપદનો એમણે સ્વીકાર કરેલો. પણ તે યે ગાંધી વિચારનો પ્રસાર કરવાની તક રૂપે; અને જ્યારે સરકારી તંત્રે તેમાં યાંત્રિક અંબર ચરખાનું ઉમેરણ કરવાનું નક્કી કર્યું ત્યારે તેને ગાંધી-વિચારનો ભંગ ગણી એમણે એ પદ પણ છોડી દીધું.

છેલ્લે પશ્ચિમ બંગાળમાં બાંકુરાથી ચાળીસેક માઈલ દૂર ગોગરા ગામમાં સ્થાયી થઈ એમણે ગરીબ સાંથાલોની સેવાનું કામ ઉપાડેલું. અહીં એમણે બિનઉપજાઉ જમીનને ફળદ્રૂપ બનાવવા માટે એક નવી જ પદ્ધતિ શોધી ને વિકસાવી અને ઓછામાં ઓછા ખર્ચે તથા પ્રાપ્ય સાધનોનો ઉપયોગ કરી એમણે એ માટેની પ્રયોગભૂમિમાં ચોખા, કઠોળ, શાકભાજી અને શેરડી સુધ્ધાં ઉગાડી. વર્ષમાં ત્રણ પાક લઈને જે સિદ્ધિ કરી બતાવી તેનાથી પ્રેરાઈ પ. બંગાળની સરકારે બાંકુરા, બીરભૂમ, પુરુલીઆ ને મિદનાપુર જિલ્લાની લગભગ દોઢ લાખ એકર પડતર જમીન પર એમની રીત અજમાવી જોઈ છે.

પંચાણુ વર્ષની વયે પહોંચ્યા ત્યારે યે તેઓ સવારના ચાર વાગ્યાથી રાતના દસ વાગ્યા સુધી કામ કરવા જેટલી શક્તિ ધરાવતા હતા. ચાર-પાંચ માઈલ જેટલું અંતર પણ સરળતાથી ચાલી શકતા. અનેક પ્રયોગો પછી પોતે પોતાના આરોગ્ય માટે હિતકર એવો સાદો ખોરાક નિશ્ચિત કરી લીધો હતો, ને મિત પ્રમાણમાં તેઓ તે દિવસમાં ચાર વાર લેતા. જેફ વયે પણ તેઓ એકસાથે અનેક કાર્યો ને સંશોધનોમાં રત રહેતા હતા. આ વયે પણ એમનું મગજ બરાબર ચાલતું હતું. વિચારોમાં પૂરી સ્પષ્ટતા ને અભિવ્યક્તિ પણ ઉત્તમ હતી. હજી ગયા જૂનમાં એમણે આયુના સોમા વર્ષમાં પ્રવેશ કરેલો, પણ સદીનું આ વર્ષ એ પૂરું ન કરી શક્યા. એમના જવાથી દેશે જે માનવરત્ન ગુમાવ્યું છે એનું મૂલ્યાંકન આજની પરિસ્થિતિઓ યોગ્ય રીતે આંકી શકશે?

ગાજર

આ ગાજરની ઋતુ છે. અંગ્રેજી નામ કેરટ ઉપરથી એમાં રહેલો ગાજર રંગી પદાર્થ 'કેરોટીન' કહેવાય છે. આ કેરોટીનમાંથી 'એ' વિટામિન મળે છે.

ગાજરનું કચુંબર ખાવાનું રાખો. મિક્સચર મશિન ઘરમાં હોય તો ગાજરનો રસ કાઢી રોજ ૧ પ્યાલો પીવાનું રાખો. ગાજરનું અથાણું રાઈ ચડાવીને બનાવો. ગાજરનું શાક એકલું યા કોઈ પણ શાકમાં બનાવીને ખાવાનું રાખો. અને ગાજરનો હલવો પંજાબીઓ પેઠે બનાવીને અવારનવાર ખાઓ. ગાજરની કાંજીનો પાઠ આ સાથે આપેલો છે તે બનાવી રોજ ખાધા પછી પીવાનું રાખો. શરદી મટાડશે. ભૂખ લાગશે. કહેવાય છે કે પેટના કરમ માટે પણ સારી છે. ગાજરથી ઝાડા અતિસાર મટે છે. ગાજરમાં 'એ' વિટા. સારા પ્રમાણમાં છે અને તે સારું બલ્ય-ટૉનિક હોવાથી તો પંજાબમાં 'ગાજરકા હલવા' એમની પ્રિય મીઠાઈ છે. આપણે દૂધીનો હલવો બનાવીએ છીએ તે જ રીતે ગાજરનો હલવો બને છે.

પંજાબમાં ભોજન પછી ગાજરની કાંજી પીવામાં આવે છે. એની બનાવટ બહુ સાદી છે. પંજાબીઓ કાળાં ગાજર વાપરે છે, એટલે કાળાં ગાજર મળે તો તે જ વાપરવાં. ન મળે તો લાલ થાય છે તે વાપરવાં.

૧ કીલો કાળાં યા લાલ ગાજર, ૨૫૦ ગ્રામ રાઈ. રાઈને સારી રીતે લસોટી કાઢવી. ગાજરના ૧-૨ ઇંચના ટુકડા કરી લેવા. પછી એક રીઢા

ઘડો પાણી ભરેલો લેવો, અને તેમાં ગાજર અને રાઈ નાખી, ઘડાનું મોં બાંધીને, સૂર્યના તાપમાં મૂકવું, સંચળ નાખવું હોય તો રુચિ અનુસાર નાખી શકાય. ૫-૬ દિવસમાં બધું પાણી ખારું થઈ જશે. આ ખારું પાણી એનું નામ જ ગાજરની કાંજી.

આયુર્વેદમાં આવી કાંજીઓ ઘણી વપરાઈ છે. આપણે ખાધા પછી એકાદ ગ્લાસ આ કાંજી પીવાનું રાખીએ. કહેવાય છે કે આથી પેટના કરમ મરી જાય છે. લીવર, શરદી, પાચન–આ રોગોમાં આ કાંજી રોજ વાપરવા જેવી છે. પરેજી કાંઈ જ નથી. સૌરાષ્ટ્રમાં જમ્યા બાદ છાસ પીએ છે તેમ જ આ કાંજી પીવાનું રાખવા જેવું છે. જરૂર બનાવો.

(ગુજરાતમિત્ર) —બાપાલાલ વૈદ્ય

મદ્રાસ સૅપર્સ

ભારતીય સેનામાં એન્જિનીઅર કોર્પ્સ આર્મી એન્જિનીઅર્સ તરીકે ઓળખાય છે. એનાં ત્રણ દળ છે: મદ્રાસ એન્જિ. ગ્રૂપ (બૅંગ્લોર), બૅંગાલ એન્જિ. ગ્રૂપ (રૂડકી) અને બૉમ્બે એન્જિ. ગ્રૂપ (કિરકી–ખડકી). આ ત્રણેમાં મદ્રાસ એન્જિ. ગ્રૂપ સૌથી જૂનું છે અને મદ્રાસ સૅપર્સને નામે જાણીતું છે.

આ મદ્રાસ સૅપર્સની સ્થાપના મૂળ તો 'કૉર્પ્સ ઑવ પાયોનીઅર્સ' તરીકે ઈ. ૧૭૮૦માં ધોલેશ્વરમમાં થએલી. (આ સ્થાન અગાઉ મદ્રાસ પ્રાંતમાં અને હાલ આંધ્ર પ્રદેશમાં છે.) ખાઇઓમાં ખોડાઈ રહેલા શત્રુઓનો સામનો કરવો મુશ્કેલ હોઈ એમની સામે વિઘ્ન-બાધાઓ અને કિલ્લેબંધી કરી હિંદી પાયદળ સૈનિકોની સહાય અર્થે તેની રચના થએલી. ઈ. ૧૮૬૫માં આ મદ્રાસ પાયોનીઅર્સના મુખ્યાલયને બૅંગ્લોરમાં સ્થાયી



બનાવવા પૂર્વે અવારનવાર ધોલેશ્વરમથી મદ્રાસ, બૅંગ્લોર અને કુર્ગમાં સ્થળાંતરિત કરવું પડતું હતું.

મદ્રાસ સૅપર્સનો ઇતિહાસ ભારતીય સેનાના ઇતિહાસ સાથે સારી પેઠે સંકળાએલો છે, કારણ સૈનિક ઇતિહાસની લગભગ બધી જ મહત્ત્વપૂર્ણ ઘટનાઓમાં મદ્રાસ સૅપર્સનું પણ અમૂલ્ય યોગદાન રહ્યું છે. અસ્તિત્વમાં આવ્યાથી અત્યાર સુધી આ દળે ભારતમાંની અને દરિયાપારની અનેક લડાઇઓમાં પોતાની શૂરવીરતાનો પરિચય આપ્યો છે એટલું જ નહિ, પચાસથી યે વધુ યુદ્ધપદકો પણ મેળવ્યા છે. ઈન્ડોચાઈના, ગાઝા અને કૉંગોમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના શાંતિ-સ્થાપનનાં અભિયાનોમાં મદ્રાસ સૅપર્સનું યોગદાન ન ભૂલાય તેવું છે. એમનું આદર્શ સૂત્ર છે 'સર્વત્ર'. અને ભારતીય સેનાનું આ દળ તદનુરૂપ ભૂકંપ, પૂર તથા દુષ્કાળ જેવી પ્રાકૃતિક વિપત્તિઓમાં નાગરિક પ્રાધિકારીઓની સહાયમાં પણ બોલાવાતું રહ્યું છે. ખેલજગતમાં પણ આ દળે નામના મેળવી છે. મુક્કાબાજી, હૉકી, ફૂટબૉલ, ખેલકૂદ, તૈરાકી ને નૌચલન વગેરેમાં આ દળના રમતવીરોએ રાષ્ટ્રીય ટીમોમાં પ્રતિનિધિત્વ કર્યું છે. લગભગ અર્ધો ડઝન જેટલા ઑલિમ્પિક ખેલાડીઓ આ દળે આપ્યા છે.

મદ્રાસ સૅપર્સના ૨૦૦ વર્ષના ઇતિહાસમાં 'થામ્બી' નામે ઓળખાતા સૅપર શિસ્ત, દેશભક્તિ, કર્તવ્યનિષ્ઠા તથા પોતાની વિનોદપ્રિયતા અને પ્રફુલ્લતાને કારણે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ પાર ઊતર્યા છે.

ભારતીય સેનાની એન્જિનીઅર શાખાના આ સૌથી જૂના દળ મદ્રાસ સૅપર્સની રચનાની શતાબ્દી વખતે દેશના ટપાલખાતાએ ૨૬મી ફેબ્રુઆરીએ અહીં આપેલી આ ખાસ (બહુરંગી) ટિકિટ બહાર પાડી છે. તેમાં આ દળની રિબન અને શિરોચિહ્ન આપીને તેની બંને બાજુ ઈ. ૧૭૮૦ તથા ૧૯૮૦ના તેમના ગણવેશમાં બે સૅપર્સ બતાવ્યા છે.

ગ્રહણ

ઈ. ૧૯૦૦ થી ૧૯૧૯ દરમિયાન નીચે પ્રમાણે ખગ્રાસ સૂર્યગ્રહણો થયાની નોંધ છે:

ઈ. ૧૯૦૦...તા.	૨૬ મે	૧૯૧૧...૨૮	એપ્રિલ
૧૯૦૧...	૧૮ મે	૧૯૧૨...૨૦	ઑક્ટોબર
૧૯૦૪...	૯ સપ્ટેમ્બર	૧૯૧૪...૨૧	ઑગસ્ટ
૧૯૦૫...	૩૦ ઑગસ્ટ	૧૯૧૬... ૩	ફેબ્રુઆરી
૧૯૦૭...	૧૪ જાન્યુઆરી	૧૯૧૮... ૬	જૂન
૧૯૦૮...	૩ જાન્યુ	૧૯૧૯...૨૯	મે

ગયા જાન્યુઆરીના 'કુમાર'માં ૧૮ વર્ષ અને ૧૧·૩ દિવસના જે સરોસ ચક્ર—રાહુ પરિક્રમણ વિષે આપણે જોયું તે પ્રમાણે ઉપરનો એક નમૂનારૂપ કોઠો જોતાં જણાશે કે ઈ. ૧૯૧૮ અને ૧૯૧૯નાં ગ્રહણો સન ૧૯૦૦ અને ૧૯૦૧ પછી ૧૮ વર્ષ અને ૧૧ દિવસે થએલાં છે. આ રીતે ગણતરી કરીને હમણાં દેખાએલું તેવું જ બીજું ગ્રહણ આ પહેલાં કે હવે પછી કયા વિસ્તારમાં ને ક્યારે દેખાએલું કે દેખાશે તે જાણી શકાય.

ગઈ ૧૬મી ફેબ્રુઆરીએ ભારતમાં દેખાએલું ખગ્રાસ સૂર્યગ્રહણ ભારત માટે ૮૨ વર્ષે આવેલી એક દુર્લભ તક સમું હતું. આ સદીનું એ એક અનોખું ગ્રહણ તો હતું જ; બહુ સારી રીતે એનું નિરીક્ષણ થઈ શક્યું એ પણ ખરું, જે પ્રદેશમાં એ ખગ્રાસ રૂપે દેખાયું ત્યાંના લોકોને માટે તો જિંદગીભરમાં કદાચ એકાદ વાર જ જોવા મળે એવી એ ઘટના હતી. (આ અંકના પૂઠા પરની છબિ એ પણ આ ગ્રહણને કારણે મળેલી એવી જ એક દુર્લભ તક છે-સૂર્યમંદિર, અને આ તો કોણાર્કનું જગવિખ્યાત સૂર્યમંદિર તથા તેના ઉપર જ ચંદ્ર વડે સંપૂર્ણ ઢંકાઈ ગએલા સૂર્યની છબી સહજ પ્રાપ્ય નથી જ), પરંતુ આ ગ્રહણ વખતે એક બીજું પણ આશ્ચર્ય દેખાયું. થોડાં વર્ષો પૂર્વે થએલી 'અષ્ટગ્રહ યુતિ' તથા તાજેતરમાં 'સ્કાય લૅબ' પડવાની આગાહીએ લોકમાનસમાં જે ભય પેદા કર્યો હતો કંઈક તેવી જ અસર આ ગ્રહણે પણ પ્રકટાવી હતી. ગ્રહણના સમયે બહુ મોટા ભાગના લોકોમાં એની એ જ અસર જોવા મળી તે આજના વિજ્ઞાનયુગમાં હજી યે આપણે ક્યાં છીએ તેનો એક અચ્છો ખયાલ આપ્યો. અશાંતિના દિવસોમાં પોલીસના ગોળીબારનો ભય હોવા છતાં યે કર્ફ્યુનો ભંગ કરીને જે લોકો બેધડક ઘર બહાર આવી તોફાનો કરતા હતા તેઓને પણ આ ગ્રહણ દરમ્યાન ન જાણે કયા ભયથી બારીબારણાં બંધ કરીને ઘરમાં ગોંધાઈ રહેલા જોવા એ આશ્ચર્ય જ છે. નિશાળો વહેલી બંધ થઈ જાય. દફતરો અને કારખાનાં પણ બંધ રહે, સઘળા વાહનવ્યવહાર થંભી જાય અને સમગ્ર શહેર બિલકુલ સૂમસામ બની રહે તેને આપણું અજ્ઞાન સમજવું, અંધશ્રદ્ધા સમજવી કે ગ્રહણના બહાને નિષ્ક્રિયતા ભોગવવાની તક ઝડપી લેવાની વૃત્તિ? આ માત્ર અમદાવાદનો જ અનુભવ નથી, છાપાંઓએ અન્યત્ર પણ આવું જ બન્યાના સમાચારો આપ્યા જ છે. આજના યુગમાં આપણે ક્યાં છીએ?

ભારતીય ઘર

અમેરિકામાં સ્થાયી થએલા ભારતીયોએ પોતાનાં માબાપોને ત્યાં બોલાવવા માંડયાં છે. કેટલીક વાર એકલા પિતાને કે માતાને ભારતમાં એકલવાયું લાગે તેના ઉપાય તરીકે પણ હમેશના વસવાટ માટે ત્યાં બોલાવી લેવાય છે. થોડોક વખત સુધી આગંતુકોને અહીંના જીવનનો ભભકો આકર્ષક લાગે છે. અહીંનાં જોવાલાયક સહેલગાહનાં સ્થળો, શૉપિંગ સેન્ટરો, રોજિંદા જીવન માટે મળતી અઢળક વસ્તુઓ, અહીંના હાઇવે તથા બહુમાળી મકાનો, હોટેલો તથા રેસ્ટોરાં, ઘરનું રાચરચીલું

અને સુવિધાઓ કોઇને પણ આશ્ચર્યચકિત કરી નાખે તેમાં નવાઈ નથી. આમાં જે માબાપો માત્ર ત્રણચાર મહિનાની સહેલગાહે અમેરિકા આવે છે તેઓ અમેરિકાની સમૃદ્ધિ તથા ખાસ કરીને પોતાનાં છોકરાંઓનું વૈભવશાળી જીવન જોઇને આનંદ પામે છે અને અમેરિકાનાં સુખદ સંભારણાં તથા છોકરાંઓએ અપાવેલી અનેક 'ઈમ્પોર્ટેડ' વસ્તુઓ લઈ પાછાં ફરે છે. જે માબાપો કે સંબંધીઓ અહીં કાયમ વસવાટ કરવા આવે છે તેઓ અમેરિકાની સમૃદ્ધિથી ટેવાઈ જઇને પછી રોજિંદા જીવનની ઘટમાળમાં પડી જાય છે. એમનો શરૂઆતનો ઉત્સાહ ઓગળી જાય છે અને તેઓ એકલવાયાપણાની તીવ્ર લાગણી અનુભવે છે.

અનેક ભારતીય માબાપોને અહીં ખાલીપણાના ભાવ થવાનાં જટિલ કારણો છે, પણ એમાં મુખ્ય કારણ છે ભાવનાગત આધાર આપનારી વ્યક્તિઓ, સંસ્થાઓ કે પરંપરાનો (ઈમોશનલ સપૉર્ટ સિસ્ટમ) આ દેશમાં અભાવ. અહીં નથી હોતો પાડોશીનો સહવાસ કે નથી હોતાં ઘર પાસે દેવમંદિરો કે નથી હોતાં અન્ય સગાંવહાલાં, હોય તો પણ એટલાં બધાં દૂર હોય છે કે જેથી મનનો ભાર હળવો ન થઈ શકે.

ભારતમાં ઘર ખૂબ પ્રવાહી સંસ્થા છે. શહેરી ઘરનાં બારણાં દિવસના ખુલ્લાં હોય છે જેથી આવતા જતા અનેક લોકો ખબરઅંતર પૂછવા ડોકિયું કાઢી જાય. દર સાંજે તો કોઈ ને કોઈ મળવા આવ્યું જ હોય. આમાં આગળથી 'ઍપૉઇન્ટમેન્ટ' લેવાની જરૂર નહિ. ભારતીય 'ઘર' ભારતની એક સામાજિક સંસ્થા છે.

આ દેશમાં ઘરને કે ઍપાર્ટમેન્ટને 'કિલ્લો' ગણવામાં આવે છે, કારણ કે પોતાની 'પ્રાઈવસી' જાળવવાનું અમેરિકનોને મન મોટું મૂલ્ય છે. આને લીધે ઘર કે ઍપાર્ટમેન્ટનાં બારણાં અહીં ૨૪ કલાક બંધ રહે છે અને વિશેષ અંગત માણસો સિવાય અમેરિકનને ત્યાં કોઈ 'ડ્રૉપ-ઈન' થઈ શકતું નથી. ઘરમાં ગોંધાઈ રહેવાનો અણગમો આવ્યો હોય તો ચાલ ત્યારે પડોશના જહાનને ત્યાં અડધો કલાક ગપ્પાં મારી આવીએ તેવું બનવું અહીં ઘણું મુશ્કેલ.

ભારતમાં તો દેવદરાંને કે કીર્તનમાં જવાનો પણ વડીલોને ઘણો ઉત્સાહ હોય છે, કારણ કે દેવદરાંને જતાં કે ભજનકીર્તનમાં અનેક લોકો મળે અને તેમની સાથે ખબરઅંતરની આપલે થાય. દિવાળી, બેસતું વર્ષ, જન્મ, મરણ, જનોઈ કે લગ્ન-વિવાહના પ્રસંગે પણ સગાંવહાલાં કે સંબંધીઓને વારંવાર મળવાનું થાય. દૂધ, શાક કે અન્ય જરૂરિયાતની ચીજો વેચાતી લેવાની પ્રક્રિયામાં પણ સામાજિક ઝંખના સંતોષાય. વળી અન્ય નાનાંમોટાં કામો માટે આપણા વડીલો અનેક આંટાફેરા બહાર મારતા હોય છે તેનાથી કામો પતાવ્યાનો સંતોષ અનુભવાય છે. કોઈનાં જોડકાં ગોઠવી આપવામાં યુવાન પેઢીને અનેક બાબતોમાં સલાહસૂચન આપવામાં પણ વડીલોનો અહં (ઈગો) સંતોષાય છે. આમ આપણે ત્યાં વૃદ્ધ વ્યક્તિઓનો સામાજિક 'રોલ' છે જે અહીંના 'યુવાકેન્દ્રી' સમાજમાં નથી. અહીં વૃદ્ધો ઘણી ઝડપથી 'આઉટ-ડેટેડ' થઈ જતા હોય છે.

મુખ્ય વાત એ છે કે ઘરની બહાર અનેક નાનાંમોટાં કામો પતાવવા માટે ભારતમાં કોઈના ઉપર આધાર રાખવાની જરૂર પડતી નથી. ચંપલ પહેરી, થેલી લઈ નીકળ્યા ઘરની બહાર. અહીં આવેલા વડીલોને આવા ફેરાઆંટાના ઝાઝા પ્રસંગો સાંપડતા નથી અને કોઈક વાર જરૂરી અંગત કામે બહાર જવું હોય તો પોતાના પુત્ર કે પુત્રવધૂ પર સંપૂર્ણ આધાર (ટોટલ ડિપેન્ડન્સ) રાખવો પડે છે. અહીં કોઇને મળવા જવા માટે કે જીવન-જરૂરિયાતની નાનીમોટી ચીજો ખરીદવા પણ કારની આવશ્યકતા હોય છે, એટલે જ્યારે પુત્ર-પુત્રવધૂ નોકરી કરીને ઘેર આવે તે પછી જ માબાપને કારમાં લઈ જઈ શકે. વાળ કપાવવા જેવાં નાનાંનાનાં કામ માટે પણ હજામની અગાઉથી 'ઍપૉઇન્ટમેન્ટ' લેવી જરૂરી અને કેશકર્તન માટે પણ બહુધા કારની આવશ્યકતા તો ખરી જ.

આમ જીવનની નાનીમોટી પ્રક્રિયા માટે પણ અન્ય ઉપર સંપૂર્ણ આધાર રાખવાનું આપણા વડીલોને મૂંઝવણભર્યું લાગે છે. ઘરના લોકો પોતાનાં માબાપને પણ એમની ફુરસદે જ બહાર લઈ જઈ શકે, એટલે વડીલોને બીતાં બીતાં પોતાના પુત્ર કે પુત્રવધૂને પૂછવું પડે કે મારી સૂંઘવાની તમાકુ કે પાનની સોપારી ખલાસ થઈ ગયાં છે તો 'ઇન્ડિયા સ્ટોર્સ'માંથી તમને આ લઈ આવવાનું ફાવશે?

('નિરીક્ષક'માં અમેરિકાનો પત્ર) —ધવલ મહેતા

ડાયાલિસિસ

તે લોહીને શુદ્ધ કરી આપતું ખાસ રચના ધરાવતું યંત્ર છે. જેમની કિડની ખરાબ થઈ ગઈ હોય અને બરાબર કામ કરતી ન હોય તેમના લોહીમાંથી યૂરિયાનો કચરો પેશાબ વાટે બહાર જઈ શકતો નથી. તે લોહીમાં જ ભેગો થાય છે. પરિણામે લોહીમાં યૂરિયાનું ઝેર ચડે છે. આ ઝેરનો નિકાલ કરવા ડાયાલિસિસ બનાવાયું છે. એ માટે નસ વાટે લોહી ખાસ નળી દ્વારા બહાર આવી ડાયાલિસિસ યંત્રમાં જાય છે, ત્યાં તે ફરીને તાજું થઇને બહાર આવે છે. યૂરિયાના ઝેરથી મુક્ત થએલું આ લોહી બીજી નસ દ્વારા પાછું શરીરમાં ફરવા જતું રહે છે!

બંને કિડનીઓ બહુ ખરાબ થઈ ગઈ હોય તો બે ત્રણ દિવસે પણ ડાયાલિસિસનો ઉપયોગ કરવો પડે છે, આ કારણે જ કુદરતે માનવીને એકને બદલે બે કિડની આપી છે. એક કિડની બગડી જાય તો પણ માનવી બીજી કીડની વડે તંદુરસ્ત જીવન જીવી શકે. (ગુજરાતમિત્ર)

આકાશદર્શન

ગ્રીક દેવોત્તમ ઝીઅસના બે પુત્રો હતા. આ બંને જોડિયા ભાઈમાંનો એક પોલુક્સ (Pollux) અમર હતો, જ્યારે બીજો કૅસ્ટર (Castor) મર્ત્ય. ગ્રીકમાં એમનાં પરાક્રમો વિષે અનેક પુરાણકથાઓ છે. સ્પાર્ટન યોદ્ધાઓ યુદ્ધમાં શૌર્ય અને દક્ષતાના આદર્શ તરીકે એમની સંજ્ઞા પોતાની સાથે રાખતા. ઑલિમ્પિયા અને ઍથેન્સમાં આ બંને ભાઈઓ રક્ષા કરતા દેવ તરીકે પૂજાતા. પ્રાચીન નાવિકો દરિયાખેડમાં તોફાન સામે રક્ષણ પામવા વહાણના કૂવાથંભ ઉપર એમની ધજા ફરકાવતા. દરિયાના દેવ તરીકે રોમના સામ્રાજ્યમાં એમનો આદર થતો અને રોમમાં ફોરમ નજીક એમનું એક મંદિર પણ હતું. પ્રાચીન રોમના સિક્કા દીનારીઅસની એક બાજુ પર એમનું આલેખન પણ મળ્યું છે. ઈટાલીની અનેક જાતિઓમાં આ બંને ભાઈઓ પૂજનીય ગણાતા રહ્યા છે. એમનાં સહિયારાં સાહસોની બધી કથાઓમાં એ બંને વચ્ચેનો ભ્રાતૃભાવ મુખ્ય છે. એમનો આ પ્રેમ જોઈને ઝીઅસે એમને આકાશનાં નક્ષત્રમંડળોમાં સ્થાન આપ્યું. 'જેમિની' (Gemini) નામે એ તારામંડળ ઓળખાય છે. લૅટિનમાં જેમિનીનો અર્થ થાય છે જોડિયા. મૃગ તારામંડળ પછી તેની સામે આકાશગંગાના પૂર્વ કિનારે સહેજ ઉત્તરમાં આ એક મોટું તારામંડળ છે. તેમાં દેખાતા બે તેજસ્વી તારા (પોલુક્સ અને કૅસ્ટર)ને મસ્તક કલ્પીને નજર નીચી ઉતારીએ તો એ બે જોડિયા ભાઈઓની આકૃતિની કલ્પના સાકાર થતી લાગશે.

'જેમિની'ને આપણે 'મિથુન' તારામંડળ કહીએ છીએ. પોલુક્સને 'પુરુષ' અને કૅસ્ટરને



'પ્રકૃતિ' નામ આપીને એ બંનેના યુગલ (મિથુન)ની કલ્પના આ તારામંડળમાં આપણે ગોઠવી છે. જેમિની કે મિથુનની ગણના રાશિઓમાં પણ થાય છે. તેમાં ૨૭માંના અર્ધા મૃગશીર્ષ, પૂર્ણ આર્દ્રા અને પોણા પુનર્વસુ નક્ષત્રનો સમાવેશ ગણાય છે. પુનર્વસુ નક્ષત્રનું સ્થાન પુરુષ અને પ્રકૃતિ તારાની વચ્ચે છે.

પુરુષ પ્રથમ વર્ગનો તેજસ્વી પીળો તારો છે, જ્યારે પ્રકૃતિ તારાની વિશેષતા એ છે કે એમાં એક સામાન્ય ગુરુત્વબિંદુની આસપાસ ત્રણ તારા ફરે છે. આમ, બે તારાવાળા યુગ્મતારા કરતાં એમાં એક વધુ તારો છે, એટલું જ નહિ, પણ એ ત્રણે તારા યુગ્મ તારા હોઈ હકીકતે પ્રકૃતિના એક રૂપમાં આપણે છ તારાઓનું સામટું દર્શન કરીએ છીએ. પુરુષ આપણાથી ૩૫ પ્રકાશવર્ષ અને પ્રકૃતિ ૪૫ પ્ર. વ. દૂર છે. વળી, પ્રકૃતિના ત્રણમાંની મુખ્ય તારાબેલડીના બે તારા જ્યારે એકબીજાની વધુમાં વધુ નજીક હોય ત્યારે યે તે પૃથ્વી ને સૂર્ય વચ્ચેના અંતર કરતાં પંચાવન ગણા દૂર હોય છે.



મિથુનની બાજુમાં પૂર્વ તરફ બહુ ઝાંખા તારાઓવાળું 'કર્ક' (Cancer) રાશિનું નાનકડું તારામંડળ છે. તેની નીચે એક પંચકોણાકારે ગોઠવાએલા તારાઓનું જૂથ છે. એને જો સાપની ફેણ માનીએ તો (નકશામાં છે તેમ) આગળ નજર કરતાં સર્પની પૂરી આકૃતિ કલ્પી શકાશે. આ 'વાસુકિ' નામે તારામંડળ છે, જેનો મુખ્ય તારો 'એકાકી' કે 'સર્પમણિ' નામે ઓળખાય છે. નકશાની મદદથી તેની પાસેનું નાનુંશું 'શુની' તારામંડળ ને તેનો મુખ્ય તેજસ્વી તારો 'પ્રભાસ' તથા તેની યે નીચે દક્ષિણે 'એકશૃંગ' નામે ઝાંખું તારામંડળ પણ ખોળી શકાશે.

પરંતુ હાલમાં વિશેષ ધ્યાન ખેંચે છે 'સિંહ' રાશિના તારામંડળમાંનો 'મઘા' તારો. મઘા સત્તાવીસમાંનું એક નક્ષત્ર પણ ગણાય છે. આ મઘાની નજીકમાં હમણાં જે બે ઝળકતા ગ્રહો દેખાય છે તેમાંનો રતૂમડો તે મંગળ ને બીજો વધુ તેજસ્વી તે ગુરુ છે. મંગળનું તેજ તથા આ બંને ગ્રહોની ચાલ રોજેરોજ જોવા-નીરખવા જેવી છે.

—બિ. ટાં.

અજમાવી જુઓ

આદુનો અને કાંદાનો રસ એક એક તોલો મિશ્રણ કરીને લેવાથી ઊલટી બંધ થાય છે.

આંબાહળદર અને કાળીજીરી એકત્ર કરી વાટી શરીરે ચોપડવાથી ખૂજલી દૂર થાય છે.

કોકમ, એલચી અને સાકરની ચટણી ખાવાથી અમ્લપિત્તમાં ફાયદો થાય છે.

હાથપગનાં તળિયાંમાં દાહ થતો હોય તો કોકમનું તેલ ચોપડવું.

ચાઠાં ઉપર ગરમાળાનાં કુમળાં પાંદડાં વાટી ચોળવાં.

ગૂગળ અને આમલીના કચૂકાનો લેપ કરવાથી બામલાઈ મટે છે.

લીંબુની ફાડમાં ડિકામારી ને સિંધાલૂણ ભરી તેને ગરમ કરી ચૂસી જવાથી પિત્ત મટે છે.

વાવડિંગનું ચૂર્ણ મધ સાથે નિયમિત લેવાથી કૃમિરોગ દૂર થાય છે.

કાળજીરીને નાળિયેરના દૂધમાં વાટીને લગાડવાથી મોઢા પરના ડાઘ તથા ખીલ મટે છે.

ગરમ દૂધમાં ચપટી જાયફળ નાખીને પીવાથી ઊંઘ આવે છે.

ગુલાબજળમાં જાયફળ ઘસી કપાળે લગાડવાથી ઊંઘ આવે છે.

ગરમીથી માથાનો દુખાવો થતો હોય તો લીમડાનાં પાનને વાટીને તેનો કપાળ પર લેપ કરવો. શરદીથી માથાનો દુખાવો થતો હોય તો કાળાં મરી વાટીને ગરમ કરી તેનો કપાળ પર લેપ કરવો.

મૂળાનાં પાંદડાંનો રસ મધમાં મેળવી કાનમાં નાખવાથી કાનનો દુખાવો મટે છે.

મૂળાની ભાજી (મરચાં વગરની) ખાવાથી હરસમાં ફાયદો થાય છે.

શેકેલા ઇન્દ્રજવ ખાંડીને તેનું ચાર ગ્રામ ચૂર્ણ રોજ સવારે છાશ સાથે લેવાથી હરસમાં ખૂબ ફાયદો થાય છે.

(આયુ ડાઇજેસ્ટ) —નીલા વસાણી

આગામી માસ (ઍપ્રિલ) ઇતિહાસમાં

તા. ૬/૧૯૩૦ 'સ્વરાજ લીધા વિના કદી સાબરમતી આશ્રમમાં પાછા નહિ ફરવાના નિર્ધાર' સાથે મીઠાનો કાયદો તોડવા માટે ૧૨મી માર્ચે આદરેલી દાંડીકૂચની ૨૪૧ માઈલ લાંબી પદયાત્રા પૂરી કરીને ૬ઠ્ઠી એપ્રિલે સવારે સૂરત જિલ્લામાં દાંડીના દરિયા કિનારે ગાંધીજીએ 'હિંદમાંથી અંગ્રેજી શાસનનાં મૂળ ઉખેડવાના પ્રતીકરૂપ' મીઠું ઉપાડી સરકાર સામે એક વ્યાપક અહિંસક લડતનો પ્રારંભ કર્યો. કાયદાભંગ દ્વારા પરદેશી સરકાર સામેની લડતની એમણે ચીંધેલી એ નવી રીતે સમગ્ર દેશમાં એક ઉદ્રેક પ્રસારી દીધો હતો. આજે એ બનાવને અર્ધશતાબ્દી થઈ. રૉલેટ કાયદા સામે ગાંધીજીએ હિંદમાં પહેલી દેશવ્યાપી હડતાળ પણ આ જ તારીખે ઈ.૧૯૧૯માં પડાવી હતી.

તા. ૧૨/૧૯૪૮ પં. નેહરુએ ઓરિસ્સામાં હીરાકુંડ નામના વિરાટ બંધનું શિલારોપણ કર્યું.

તા. ૨૬/૧૯૩૭ પારી(સ)માં એક વિશ્વપ્રદર્શન યોજાયું હતું. તેમાં સ્પેઈનના મંડપમાં રજૂ કરવા એ દેશને લગતો જ કોઈ પણ મનપસંદ વિષય લઈને એક વિશાળ ચિત્ર બનાવવાનું કામ



વિખ્યાત ચિત્રકાર પિકાસોને સોંપાયું હતું. છેક ૧૯૦૩થી પિકાસો ફ્રાંસમાં વસતો હતો, પણ મૂળ એ સ્પેઈનનો હતો અને માદરે વતન માટે એના હૃદયમાં ઊંડી લાગણી હતી. પરંતુ કામ સ્વીકાર્યા પછી ઘણો વખત જવા છતાં એ કોઈ ચિત્ર વિષય નિશ્ચિત કરી શક્યો નહોતો. એવામાં ૧૯૩૭ની ૨૬મી એપ્રિલે ઉત્તર સ્પેઈનના બાસ્ક વિસ્તારના એક નગર ગર્નિકા પર જર્મનોએ અચાનક બૉમ્બમારો કરી એ ગામને ખેદાનમેદાન કરી નાખ્યું. સ્પેઈનના રાષ્ટ્રવાદીઓ અને પ્રજાસત્તાકવાદીઓ વચ્ચેના આંતરયુદ્ધનું એ બીજું વર્ષ હતું. પણ એનાથી અલિપ્ત અને યુદ્ધભૂમિથી ઘણે દૂર ઉત્તરમાં આવેલું ગર્નિકા શાંતિથી પોતાનો વ્યવહાર ચલાવી રહ્યું હતું, ને જર્મનોને તો એની સાથે કંઈ જ લેવાદેવા નહોતી. પણ તે સાંજે સાડાચારે દેવળના ઘંટનાદે આવી રહેલા ભયની જાણ કરી. પાંચેક મિનિટમાં તો વિમાનોની એક નાની ટુકડીએ ચડી આવીને નીચી સપાટીએથી ગર્નિકા ઉપર ભારે બૉમ્બ નાખી બધું તારાજ કરી દીધું. પાછળ તુરત બીજી ટુકડીએ આવીને નાસભાગ કરતા લોકો પર મશીનગનોમાંથી ગોળીઓ છોડીને એમને મકાન કે ભોંયરાંમાં ભરાઈ જવાની ફરજ પાડી અને પછી ફરી બૉમ્બમારો કરીને આગ લગાડી એ આશરા તળે ભરાએલા લોકોને બાળી-દાટી દેવાની હલકટ નેમ પાર પાડી. રાષ્ટ્રવાદીઓએ આ હત્યાકાંડનો આરોપ પ્રજાસમાજવાદીઓ પર ઢોળ્યો, પણ આગળ જતાં ૧૯૪૫માં ખુદ ગોરિંગે કબૂલ કરેલું કે સ્પૅનિશ રાષ્ટ્રવાદી જનરલ ફ્રાંકોના પક્ષમાં અને બૉમ્બમારાની એક નવી જ ટૅક્નિકની અજમાએશ માટે જર્મનોએ જ આ હુમલો કરેલો. નવી યુદ્ધપદ્ધતિ કે નવી સંહારક સામગ્રીની નિર્દોષ નાગરિકો પરની આ અજમાએશ યુદ્ધના ઇતિહાસમાં એક અતિ ગોઝારો બનાવ હતો. નિર્દોષ નગર પરના આ હત્યાકાંડથી ઊકળી ઊઠેલા પિકાસોએ આ બનાવને જ પોતાના ચિત્રવિષય તરીકે પસંદ કરી લીધો અને 'ગર્નિકા' નામના એના એ ચિત્રમાં એણે વેધક સચોટતાથી એ ગોઝારી ઘટનાને અમર કરી. અહીં એ જગવિખ્યાત ચિત્રનો એક અંશ રેખાંકન રૂપે આપ્યો છે. એમાં ખુવારીના પ્રતીક જેવો ગાંગરતો ખૂંટિયો અને તેના પગની વચ્ચે વિનાશનો ભોગ બનેલી રિબાતીપીડાતી માનવજાતને રજૂ કરવા તેણે એક મા અને બાળક ચીતર્યાં છે. ઝીણામાં ઝીણી વિગતો સાથેના રૂઢિગત વાસ્તવદર્શી ચિત્ર કરતાં 'ગર્નિકા'મ માનવતા ને ઈશ્વરની સરજત સામેના હત્યારા દ્રોહનું, મનને બેચેન કરી મૂકે તેવું પ્રતીકાત્મક આલેખન અને સચોટ સંયોજન રજૂ કર્યું છે.

તા. ૨૯/૧૮૪૮ પૌરાણિક પાત્રો અને દેવદેવીઓનાં ચિત્રો દ્વારા દેશભરમાં ખ્યાતિ પામનાર ચિત્રકાર રાજા રવિવર્માનો જન્મ. હિંદી ચિત્રકળાના મોટા અંધકારયુગ પછી તેમની કળાએ પ્રથમવાર હિંદીઘરોમાં સૌભાગ્ય ને દીપ્તિ વધારીને હિંદી સંસ્કૃતિની ઉષ્મા સજીવન કરી હતી.



ટ્રાફિક સાર્જન્ટે મોટર સાઈકલ પર પીછો પકડી હાઈ સ્પીડમાં જતી મોટરને રોકી લીધી. નજીક આવતાં જોયું કે ડ્રાઈવર એક આંખે કાણો હતો. સાર્જન્ટે કડકાઈથી કહ્યું: 'તમારે તો વધુ સાવધાનીથી મોટર ચલાવવી જોઈએ.'

ડ્રાઈવરે જવાબ દીધો: 'એક જ આંખને તો હું સ્પીડોમીટર પર રાખું કે સડક પર?'

બસ બગડી જવાથી ઉતારુઓ ચાની દુકાન પર રોકાયા હતા. એવામાં એક કાર ત્યાં આવી ને તેમાંથી એક સજ્જન ચા પીવા નીચે ઊતર્યા. એમની પાસે જઈ એક ઉતારુએ નમ્રતાથી પૂછ્યું: 'આપ સૂરત જાઓ છો?'

પેલાએ હા પાડી એટલે ઉતારુએ વિનયથી કહ્યું: 'તો મહેરબાની કરીને મારો આ કોટ સૂરત લઈ જશો?'

'પણ મારે તમને સૂરતમાં ક્યાં શોધવા?'

'કેમ? હું તો કોટમાં જ હોઈશ ને?'

એક સજ્જન ધૂનમાં ને ધૂનમાં બસમાં ચડી ગયા ને સીટ પર બેસીને સિગારેટ સળગાવી પીવા લાગ્યા. કંડક્ટરે ચિડાઈને એમને ટપાર્યા: 'અહીં ચોખ્ખું તો લખ્યું છે કે ધૂમ્રપાન કરવાની મના છે. આપ શું વાંચી નથી શકતા?'

'વાંચી શકું તો છું; પણ બસમાં તો ઘણું બધું લખ્યું છે. હું તે કેટલીકનું પાલન કરું? જુઓ, અહીં લખ્યું છે કે 'કૅલિકોની જ સાડી પહેરો.''



('જનસત્તા'માં સ્વ. શિવ)

બાહુમાં બળ ભરી, હૈયામાં હામ ધરી, સાગર મોઝારે ઝુકાવીએ,
આપણાં વહાણનાં સઢ ને સુકાન તો આપણે જ હાથે સંભાળીએ.

નાનામાં નાનું સત્કર્મ એ મોટામાં મોટા સદ્વિચાર કરતાં ચડિયાતું છે.

હઝરત અબુબકર સિદ્દીકી જ્યારે ખલીફા બન્યા ત્યારે સવાલ એ ઊભો થયો કે ખલીફાનું વેતન શું નક્કી કરવું? ખૂબ વિચાર્યા પછી એવો નિર્ણય થયો કે આ પ્રશ્નને ખલીફાની મરજી ઉપર જ છોડી દેવો. છેવટે હઝરત અબુબકરને જ પૂછવામાં આવ્યું એટલે એમણે સામો પ્રશ્ન કર્યો! 'મદીનામાં એક મજૂરની રોજની આવક કેટલી છે? બસ એટલું જ વેતન મને આપશો તો ચાલશે.'

એટલે લોકોએ કહ્યું: 'હજુર આટલી ઓછી આવકમાં આપ કેવી રીતે ગુજારો કરશો?'

ખલીફાએ કહ્યું: 'જે રીતે મજૂર ચલાવી લે છે એ રીતે હું પણ ચલાવી લઈશ. આનો એક ફાયદો એ થશે કે હું સતત એવી કોશિશ કરતો રહીશ કે મજૂરની આવક વધતી રહે અને એ રીતે મારી આવકમાં પણ વધારો થાય.'

કહેવતોના અર્થ: 'કૂબે ખાતર નહિ.'—કૂબા–ગરીબ માણસની નાની ઝૂંપડી–માં કાંઈ ચોરવા જેવું ન હોવાથી ત્યાં જેમ કદી ખાતર પડતું નથી તેમ જ્યાં કોઈ પ્રાપ્તિ થાય તેવું ન હોય ત્યાં ભયરહિતતા હોય એ દર્શાવતી કહેવત.



કલાકણિકા: અમદાવાદની સારંગપુરની મસ્જિદમાં પથ્થરમાં કોરેલું વૃક્ષચોખન. ઈ. ૧૫૦૦ના અરસાના ગુજરાતના શિલ્પીઓની પથ્થર કંડારવાની કુશળતા તથા મુસ્લિમ માન્યતાનુસાર માત્ર નિર્જીવ પદાર્થોની કળામાં રજૂઆત કરતા નમૂનાઓમાંનો એક.

कस्यापि कोऽप्यतिशयोऽस्ति
स तेन लोके
ख्यातिं प्रयाति न हि सर्व विदस्तु सर्वे ।
किं केतकी फलति किं पनसः सपुष्पः
किं नागवल्ल्यपि च पुष्पफलैः समेता ॥

કોઈ કોઈ વસ્તુમાં અમુક ગુણની અધિકતા હોય છે અને તેને લીધે જ જગતમાં તે વખણાય છે. દુનિયામાં બધા જ સર્વજ્ઞ હોતા નથી. વિધાતાએ કેવડાને ફળ નથી આપ્યું, ફણસને પુષ્પ નથી હોતાં—અને નાગરવેલને પુષ્પ અને ફળ બન્ને નથી હોતાં.

અનેકાર્થી શબ્દ: ટંક=નક્કી કરેલો વખત; સિક્કો કે પૈસો; પૈસાભાર, ટાંક; રોકડ, નગદ; કાંઠા તૂટી ગએલું તળાવ; ટંકણખાર; પથ્થર કાપવાનું ટાંકણું; આંબા તેમ જ હાથીની એક જાત; કુહાડો; કોદાળી જેવું ખોદવાનું સાધન, કોષ; ખજાનો; જાંઘ; તલવાર કે તેનું મ્યાન; પર્વતની ટોચ; મોતીના વજનમાં ૨૧ા રતીનું માપ; જમીનની ફાટ; લોઢાની પેટી, જરાક.

ગણિતગમ્મત

૧૪૨,૮૫૭ આ રકમ જાદુઈ લાગે છે. એને બે વડે ગુણી જુઓ: જવાબ ૨૮૫૭૧૪, એટલે કે આંકડા પણ એ અને ક્રમ પણ એનો એ; ફેર એટલો કે શરૂઆત બગડાથી થઈ. હવે ત્રણે ગુણી જુઓ: જવાબ ૪૨૮૫૭૧–ચોગડાથી શરૂઆત થઈને એ જ ક્રમમાં એના એ આંકડા! ચારે ગુણતાં ૫૭૧૪૨૮ જવાબ આવે તેમાં પણ એ જ સ્થિતિ. પાંચે ગુણો તો ૭૧૪૨૮૫ અને છએ ગુણો તો ૮૫૭૧૪૨ જવાબો આવે તેમાં પણ એ જ આંકડા અને એ જ ક્રમની રમત!—પણ બસ; આ રમતનો અહીં અંત આવે છે. સાતે ગુણશો એટલે અંત તો આવશે જ; પણ જવાબ પણ નવતર આવશે ગુણી જુઓ. શું?—૯૯૯૯૯૯!

અંકસંદર્ભ–નવ: નવ દ્વાર(માનવશરીરનાં)–બે આંખ, બે કાન, બે નસકોરાં, મોં, ગુદા, મૂત્રદ્વાર.

શાકભાજીનું સમયપત્રક

ચૈત્ર માસમાં વાવવાનાં: કાકડી, ચોળી, મરચાં, તુરિયાં, ગુવાર, ભીંડા, પંડોળાં.




ટિકિટકથા: ગ્રીક પુરાણકથામાં જાણીતા ઊડતા અશ્વ પેગાસસના ચિત્રવાળી આ ટિકિટ ઈ. ૧૯૨૯માં ઉરુગ્વેની હવાઈ ડાક માટે બહાર પડેલી. આ જ ડિઝાઈન સાથે, પણ રંગના ફેરફારવાળી કુલ ૧૭ જુદીજુદી કિંમતની ટિકિટોની એક લાંબી માળા ત્યારે પ્રકટ થએલી, એટલું જ નહિ પણ તે પછી યે જેમજેમ જરૂર પડતી ગઈ તેમતેમ રંગ અને કિંમતના ફેરફાર સાથે આ જ ડિઝાઈનવાળી નવી નવી ટિકિટો બહાર પડતી ગઈ. આમ, આ એક જ ડિઝાઈનવાળી ત્યાં કુલ ૫૬ ટિકિટો બહાર પડી હતી! આજે ૨૦ પેન્સથી માંડી ૨૦ પાઉન્ડ જેટલી તેની કિંમત ઊપજે છે. ખાસ કરીને પેગાસસની ટિકિટ ચોડેલાં અને હવાઈ ડાકમાં વપરાએલાં કવરોની વધુ કિંમત બોલાય છે, અને એમાં યે જો એ કવર ત્યારના જર્મનીના ગ્રાફ ઝેપેલિન દ્વારા થએલાં ઉડ્ડયનોમાં ગએલી ટપાલનાં હોય તો તેની એથી યે વધુ કિંમત અંકાય છે.

Do not pretend—be.
Do not promise—act.
Do not dream—realise.

દેખાવ ન કરો—બની રહો.
વચનો ન આપો–કાર્ય કરો.
સ્વપ્નો ન સેવો—સિદ્ધ કરો.

(શ્રી માતાજી)

અવ્યવસ્થિત રીતે પડેલા રૂમાલમાં પંખીની આકૃતિ



અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૮૦થી

મૃદંગ

ભારતીય વાદ્યોની પરિચયશ્રેણીમાં મૃદંગ વિષે વાંચ્યું. (કુમાર અંક ૬૬૯) મૃદંગ વિષે વિશેષ માહિતી નીચે મુજબ છે.

મૃદંગની ઉત્પત્તિ વિષે બીજી કથા એવી છે કે એક વખત સ્વાતિ નામનો એક પુરુષ સરોવરે પાણી ભરવા ગયો ત્યારે જોરથી વરસાદ આવ્યો અને વરસાદનાં ટીપાં કમળનાં પાંદડાં ઉપર પડતાં તેમાંથી મધુર સ્વર ઉદ્‌ભવ્યો. સ્વાતિએ આશ્રમમાં આવ્યા પછી વિશ્વકર્મા પાસેથી તેવું ધ્વનિ કાઢનારું વાદ્ય બનાવી લીધું.

મૃદંગનો અર્થ 'માટીમાંથી બનાવેલું વાદ્ય' એવો થાય છે. આ વાદ્ય માટીમાંથી બનાવેલું છે એવું ભરતમુનિ જણાવે છે. (ના. શા. ૩૫, ૨૮૦). આ ઉપરથી એમ સમજાય છે કે અત્યારે મૃદંગ જે કાષ્ઠમાંથી બને છે તે પહેલાં માટીમાંથી બનતું હતું. હવે તે રક્તચંદન, ખેર, સીસમ, ફણસ વગેરેના લાકડામાંથી બને છે.

અંકય, આલિંગ્ય અને ઊર્ધ્વ એવા મૃદંગના ત્રણ પ્રકાર છે. પ્રથમ પ્રકારમાં મૃદંગ ખોળામાં રાખીને વગાડવાનું હોય છે, જ્યારે ત્રીજા પ્રકારમાં તે ઊભું રાખવામાં આવે છે. આ ત્રીજા પ્રકારનો ઉલ્લેખ કાલિદાસે 'કુમારસંભવ'માં કર્યો છે. પ્રાચીન કાળમાં મૃદંગનો ઉપયોગ રણવાદ્ય તરીકે થતો હતો તે નોંધવું જોઇએ.

(સોંદરડા) —રાજેન્દ્રસિંહ રાયજાદા

લેપાક્ષી મંદિરનો હંસ

૬૬૯મા અંકના ૨૯૬મા પાને આપેલી કલાકણિકામાંનો લેપાક્ષી મંદિરનો હંસ પાછળનાં પીછાં અને કલગીનું ચિત્રણ જોતાં મોર લાગે છે. વૃતાકારમાં સુશોભન કરવા જતાં મૂળ આકૃતિના ગુણોત્તર પ્રમાણમાં કલાને અનુરૂપ ફેરફારો જ કર્યા છે. વાસ્તવમાં મોરની આકૃતિ કહેવાનું વધુ યોગ્ય લાગે છે.

(રાજકોટ) —ભવસુખ શિલુ

[* એ હંસની જ આકૃતિ છે. પ્રાચીન શિલ્પો તથા ચિત્રોમાં આપણા હંસનું જ એ વિધાન છે. જેને આપણે બગલા જેવો માનીએ છીએ તે હંસ નથી.]

શંકરને નારિયેળ

'શંકરને નારિયેળ' વિષે ચર્ચા ચાલી છે તે અંગે લખું તો સામાન્ય રીતે માતાજી ને હનુમાનજીને જ શ્રીફળ વધેરવાની માનતા રખાય, શંકરને શ્રીફળ વધેરવાની માનતા માનવી એ જ પહેલી ભૂલ છે. ઉપરોક્ત બંને દેવ-દેવીઓ બલિ સ્વીકારે છે તેવો મત છે અને બાકીના દેવો બલિ સ્વીકારતા નથી, તેથી તેમને શ્રીફળ વધેરવાની માનતા માનવી એ જ ભૂલ છે, અને એક ભૂલ બીજી ભૂલોની પરંપરા સર્જે છે તેવું આમાં બન્યું હોય તેમ લાગે છે.

બીજું આપણે ઘેર શ્રીફળ વધેરીને પછી તેનો પ્રસાદ દેવને ધરી શકાય છે જેમાં શ્રીફળ સાથે સાથે સાકર, દ્રાક્ષ વગેરે ઉમેરવામાં આવે છે.

'કુમાર'નો દિવાળી અંક ૬૭-૩૩ વાંચવાનું ચાલુ છે. જેમાં ૬૭ ટકા પાનાંઓમાં જાહેરાતો છે, ને ૩૩ ટકા પાનાંઓમાં વાચનસામગ્રી છે, છતાં તેની કિંમત ૩ રૂા. રાખવામાં આવી છે. ખરેખર તો વધુ વાચનસામગ્રી ને વધુ ચિત્રો વગેરે આપ્યાં હોત તો સારું ગણાત.

હું 'કુમાર'ને ઓછા પત્રો લખું છું ને તેમાંથી કોઈ છપાતા તો નથી જ આશા છે આ પત્રનો એવો અંજામ નહિ આવે.

(ઉમરાળા) —જે. વી. ભોજક

'કુમાર' વિષે

સપ્ટેમ્બર ૧૯૭૯ 'કુમાર' અંક વાંચ્યો. શ્રી અશોક હર્ષનો 'પર્સી હૅરિસન ફૉસેટ' ચરિત્રલેખ ખૂબ ગમ્યો. એ માટે શ્રી હર્ષને અભિનંદન. ઊડીને આંખે વળગે એવું જીવનઘડતરનું ભાથું આપતું શ્રી બહાદુરશાહ પંડિતનું ઉત્તમ સાહિત્ય, આજનાં અને આવતી કાલનાં નાગરિકો માટે ખરેખર ઉપયોગી પુરવાર થશે એમાં શંકા નથી. વિચાર-વિશેષ. માતૃભક્તિ ખૂબ ગમી. તેમાંથી ખૂબ જ પ્રેરણા મળતી રહે છે.

'કુમાર'માં આવતો એકેએક વિભાગ ખૂબ ગમે છે. ભારતનાં વાદ્યો ૧ થી ૯ સુધી જાણ્યું તે સાથે સાથે શાસ્ત્રીય રાગ આધારિત, હારમોનિયમ વાદ્ય પર વગાડી ગાઈ શકાય તેવાં ભક્તિગીતો કે ભજનોનું 'નોટેશન' આપવાનું શરૂ કરો તો સોનામાં સુગંધ મળ્યા જેવું સમજું.

આપનું માસિક ખેડૂતો નથી વાંચતા એમ ન સમજવું. 'કુમાર'માં આધુનિક ખેતીવિષયક લેખ પણ શરૂ થાય તો આવકાર્ય ગણું છું. શ્રી યોગેશ જોષી અને શ્રી અંકુલેશ દેસાઈની ગઝલો દિલમાં ખૂંચી ગઈ છે. બન્ને ગઝલકારોને અને 'કુમાર'ને અભિનંદન. 'કુમાર'નાં ૫૯ પાનાંમાંથી ૧૯ પાનાંમાં તો જાહેરાતો છે. જાહેરાતો ઓછી કરી વાચકો માટે ઉપયોગી સાહિત્ય વધુ પીરસો તો વધુ સારું.

(હુમરા-કચ્છ) —કિશોર આર. ચૌહાણ

[*જાહેરાતો એ સામયિકોની જીવાદોરી છે.]

'હવે થાય તે ખરુ''

સપ્ટેમ્બર અંકમાં શ્રી બકુલ જાનીએ મારી ગઝલ 'હવે થાય તે ખરું'માં જયંત પાઠકની ગઝલમાં આવી ગએલી કેટલીક પંક્તિઓ બતાવવા આખી ગઝલ ઉદ્ધૃત કરી છે. મારી ગઝલમાં એક-બે પંક્તિઓ સમાન રીતે આવી ગઈ તે માત્ર યોગાનુયોગ છે. આ પૂર્વે શ્રી જયંત પાઠકની આ ગઝલ મેં વાંચી જ ન હતી. અસ્તુ.

(ઉપલેટા) —આહમદ મકરાણી

પાત્ર ફેરફે

શ્રી ડંકેશ ઓઝાએ 'કુમાર'ના સપ્ટેમ્બર ૧૯૭૯ અંકમાં શ્રી બહાદુરશાહ પંડિતને જે રીતે ઉત્તર વાળ્યો છે તે યોગ્ય લાગતો નથી. કવિતાની ચકાસણી શા માટે જુદાંજુદાં શાસ્ત્રોથી ન થઈ શકે? તો તો પછી કોઈ કવિતામાં શરૂઆતમાં નર જાતિ હોય તે અંત ભાગમાં નારી જાતિ થઈ જાય તો તેની સામે પણ શ્રી ડંકેશ ઓઝાને વાંધો નહિ હોઈ શકે? અમને તો શ્રી બહાદુરશાહનું વિવેચન યોગ્ય લાગ્યું છે અને કવિતાની ચકાસણી આવી રીતે પણ થાય તેમાં કવિતાનું તર્કશાસ્ત્ર હણાતું નથી.

શ્રી ડંકેશ ઓઝાના પત્રની ભાષા પણ કટાક્ષમય લાગે છે. એ જ અંકમાં અહમદ મકરાણીની ગઝલની ચર્ચા કરતો શ્રી બકુલ જાનીનો પત્ર કેટલો વિવેકી છે!

(ભાયાવદર) —હરિલાલ ગોહેલ

આદિવાસી હેઅર ઑઈલ

લગભગ બે વર્ષ પહેલાં 'ટ્રાઈબલ હેઅર ઑઈલ'ની ઉપકારિતા આપના પત્ર 'કુમાર'માં વાંચી, શ્રી હીરજી નાનજી ટાંક, એન્જિનીઅર્સ, પોસ્ટ–ચાઈબાસા (બિહાર), પિન ૮૩૩૨૦૧ પાસેથી ઉપરોક્ત તેલ ને વાળ ધોવાનો પાઉડર કંઈએક વાર મંગાવી વાળની શિકાયતવાળા દરદીઓ ઉપર પ્રયોગ કરાવી સંતોષજનક લાભ મેળવેલો છે. વાળને નુકસાન, સ્વાસ્થ્ય, ઉંમર વગેરેને ધ્યાનમાં રાખતાં, લાગતા સમયમાં ફેરફારો જોવામાં આવ્યા છે. આ જડીબુટ્ટીઓનું તલ અને લીમડાના તેલ ઉપર આયુર્વેદિક અસુગંધિત કેશ તેલ છે, ને કોઈ પ્રકારના નુકસાનરહિત છે. વાળની શિકાયત, જેમ ખરતા–પડતા વાળ, પ્રારંભિક ટાલ, ખોડા, અસમયમાં ઝડપથી ધોળા થતા વાળ જેવી ફરિયાદોવાળાં ભાઈ–બહેનોને મારા અનુભવના આધારે નિસંકોચ, પ્રયોગ કરવાની ભલામણ કરું છું. તેલની અસરકારિતા જોઈ થોડા સમયથી મેસર્સ રેખા ઇન્ટરનૅશનલ, ૧૪૦૮ પ્રસાદ ચેમ્બર્સ, રૉક્સી સિનેમા પાસે, મુંબાઈ (ફોન ૩૫૦૦૮૯) ઉક્ત તેલનો સ્ટૉક રાખે છે. આશા છે, જનહિતમાં મારો અનુભવ પ્રકાશિત કરશોજી.

(પોસ્ટ રાજગઢ, જિ. ધાર, મ. પ્ર.)

—(ડૉ.) રમેશચંદ્ર પીઠવા, એમ.બી.બી.એસ.

ભૂલ-સુધાર

છેલ્લા 'કુમાર' તથા 'કવિલોક'માં મારા કાવ્યસંગ્રહ 'ભીનાશ'ની સ્વીકારનોંધ લીધા બદલ આભારી છું. પરંતુ બંને નોંધની વિગતમાં ભૂલો રહી ગઈ છે. 'કુમાર'માં આ પુસ્તકની લેખિકા 'ગીતા પરીખ' બદલે 'મીના પરીખ' છાપ્યું છે (આ મુદ્રણદોષ મારે મન મહત્ત્વનો છે) અને 'કવિલોક'માં એની કિંમત 'રૂ. ૭' બદલે 'રૂ. ૭–૫૦' છાપી છે. આ અંગે આવતા અંકમાં 'ભૂલ-સુધાર' છાપવા આગ્રહભરી વિનંતી છે. એક વાતનું દુઃખ થાય છે કે જે 'કુમાર' સાથે મારે આટલો સંબંધ હતો ને જેના અવલોકન વિભાગમાં મેં કેટલીવાર લખ્યું હતું તેણે મારા સંગ્રહ વિષે લખતાં મારું નામ જ ફેરવી કાઢ્યું!

(અમદાવાદ) —ગીતા પરીખ

શ્રીયંત્ર

સળંગ અંક ૬૭૦માં શ્રીયંત્ર પર (શ્રી વાસુદેવ સ્માર્ત) પાના ૩૦૫ પર થોડું વાંચવા મળ્યું. લેખકને ધન્યવાદ.

દરેક અંકમાં શ્રીવિદ્યા પર લેખ આપતા રહો તેવી આશા રાખીએ છીએ. ગુજરાતમાં આ વિદ્યાના ઉપાસકો જાણકાર તથા તેને લગતા સાહિત્યની, તથા શ્રીવિદ્યાના કોઈ મંદિર–મઠ વગેરે હોય તો તેની માહિતી આપવા વિનંતી.

(વીલેપારલે–મુંબાઈ) —એન. વી. મહેતા

અવળો બ્લૉક

'કુમાર'ના દિવાળી અંકમાં ગુફામંદિરોવાળા મારા લેખમાં (પૃ. ૩૧૧ પર) રાણપુરની ગુફાઓવાળો નાનો બ્લૉક અવળો છપાયો છે. બહુ નાનો હોવાથી આમ થયું હશે.

(પોરબંદર) —મણિભાઈ વોરા

STATEMENT

STATEMENT of ownership and other particulars about the newspaper 'Kumar'

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication	Monthly
3. Printer's Name & Nationality	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
Address	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name & Nationality	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.) Indian
Address	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name & Nationality	Bachubhai P. Rawat Indian
Address	1454 Raipur, Ahmedabad-1

6. Names and addresses of individuals who own the newspaper and are partners or share holders holding more than one per cent of the total capital.

(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth 125 Medows Street, Bombay-1 (3) Indumati Chaitanyaprasad Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Kusumben Champaklal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Jadavlaxmi R. Kamani and Poonamchand R. Kamani, Kamani Chambers, Bombay-1 (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (14) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (17) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 46 Parimal Society, Ahmedabad-6 (18) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (19) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (20) Lt. Col. (Retd.) Balvantrai J. Bhatt, Maun Appartments, Near Bhatt Mavada Chhatralaya, Mithakhali Char Rasta, Ellis Bridge, Ahmedabad-6 (21) Purushottam G. Mavalankar & Purnima P. Mavalankar, 'Gopika' Maharashtra Society, Ellis Bridge, Ahmedabad-6 (22) Bachubhai P. Rawat, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (23) Hiralal Harilal Bhagwati, 169 New Cloth Market, Ahmedabad-2 (24) Biharilal Popatlal Shah, Jagabhai Park, Lala Lajapatray Road, Maninagar, Ahmedabad-2 (25) Vyomeshchandra R. Trivedi C/o J. A. Trivedi Bors. Balaghat (M.P.) (26) Kirankumar R. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (27) Hitenkumar B. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (28) Rajivkumar B. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (29) Bhuvnesh M. Trivedi C/o. J.A. Trivedi Bros. Balaghat (M. P.) (30) Nikhilish M. Trivedi C/o. J. A. Trivedi Bros. Balaghat (M. P.) (31) Shri Bhalchandra Ratilal Shah, ABC Nursery Compound, Near Nagri Hospital, Ellis Bridge, Ahmedabad-6

I, Bachubhai P. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 27th day of Feb. 1980

Sd./ B. Rawat, Publisher

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન

આપણાં ગુજરાતી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણમાં તેમ જ વિદેશમાં વિદ્યાભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ વગેરેમાં તેજસ્વી સ્થાન મળતું નથી અને આગળ વધવાની તક મળતી નથી તેનું મુખ્ય કારણ વિદ્યાભ્યાસનું વાહન અંગ્રેજી તેમની આડે આવે છે અને એને લઇને એમની જ્ઞાનની મર્યાદા ખૂબ ટૂંકી રહી જવા પામી હોય છે. જ્ઞાનના ઘણાખરા મૂળ ગ્રંથો અને સંદર્ભ ગ્રંથો મોટે ભાગે અંગ્રેજી ભાષામાં હોય છે અને અંગ્રેજી ભાષાનો નબળો અભ્યાસ કે સમજણ તેમની પ્રગતિમાં રુકાવટ કરે છે. હાલની આ પરિસ્થિતિને સુધારવા માટે ફાઉન્ડેશને જામનગર મુકામે 'ભાષા શિક્ષણ અને સંશોધન ભવન'ની પ્રવૃત્તિ હાથ ધરી છે. અંગ્રેજી ભાષા વિદ્યાર્થીઓને કુશળતાથી શીખવી શકે તેવા શિક્ષકો તૈયાર કરી શિક્ષકોની અછતને દૂર કરવાના કાર્ય ઉપરાંત ગુજરાતી, હિન્દી, સંસ્કૃત વગેરે ભાષાઓ ટૂંકા સમયમાં સચોટતાથી કેવી રીતે શીખવી શકાય તે અંગેનું કાર્ય પણ ત્યાં કરવામાં આવશે. આ હેતુ સિદ્ધ કરવા માટે શિક્ષકોને આ ઇન્સ્ટિટ્યૂટમાં તાલીમ આપવામાં આવશે. ફાઉન્ડેશનની આવક સભ્યોનાં લવાજમ અને દાતાઓનાં દાન પર નિર્ભર હોઈ તેના હેતુઓ બર લાવવા દાતાઓ તરફથી મળતાં નાનાં મોટાં દાનો સહર્ષ સ્વીકારવામાં આવે છે. દાનો આવકવેરાની કલમ ૮૦જી હેઠળ કરમુક્ત છે, એટલે ફાઉન્ડેશનને યથાશક્તિ ફાળો આપવાની આ જાહેર વિજ્ઞપ્તિને સૌની સક્રિય સહાયતા મળશે એવી અમારી શ્રદ્ધા અને ખાતરી છે. ફાળો મોકલવા તથા અન્ય વધુ વિગતો માટે લખો : 'સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન' C/o ૫૦૮, શારદા ચેમ્બર્સ, ૧૫, સર વિઠ્ઠલદાસ ઠાકરસી માર્ગ, ન્યૂ મરીન લાઈન્સ, મુંબાઈ-૪૦૦ ૦૨૦.